શેઠ આણંદજી પુરૂષોતમ ગ્રંથમાળા નંબર ૧ લો.

શ્રી પ્રકરણ પુષ્પમાલા.

(પ્રથમ પુષ્પ.)

જેમાં શ્રી કુલમંડનસૂરિકૃત કાયસ્થિતિ, તેમજ મહેંદ્રસિંહસૂરિ રચિત શ્રી વિચારસિત્તરી અને શ્રી આનંદવિમલસૂરિ શિષ્ય વાનરમુનિ વિરચિત વિચારપચાશિકા એ ત્રણ પ્રકરણો મૂલ અને સરલ વ્યાખ્યા સમેત આવેલા છે.

જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન (પ્રકરણાદિકનું) જ્ઞાન મેળવનાર જીજ્ઞાસુઓને અતિ ઉપયોગી.

ભાવનગરનિવાસી સ્વર્ગવાસી શેઠ આણંદજી પુરૂષોતમના સ્મરણાર્થે આવેલી દ્રવ્ય સહાયવડે,
છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

(તરફથી ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ.)

વીર સંવત ૨૪૩૯ આત્મ સંવત ૧૮ વિક્રમ સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.
આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦

સાધુ મુનિમહારાજો, જ્ઞાનભંડાર વગેરેને વિના મૂલ્યે ભેટ
ઉપરાંત અન્યને માટે
કિંમત રૂ. ૦-૬-૦ છ આના.

(શ્રી આત્માનંદ ગ્રંથાંક નં. ૨૪)

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રકરણ પુષ્પમાલા.

(પ્રથમ પુષ્પ) ની

પ્રસ્તાવના.

જગતના સર્વ દર્શન શિરોમણિ જૈન દર્શનમાં વિશ્વોપકારી મહાત્માઓએ ભવ્ય જીવોના હિતને માટે અનેક ગ્રથો લખેલા છે, જેથી ભારતવર્ષ ઉપર વસતી આર્ય પ્રજામા આર્હત ધર્મની જ્ઞાન સમૃદ્ધિ સર્વોત્કૃષ્ટ ગણાય છે. તેના અનેક કારણો પૈકી મુખ્ય કારણ તેમા વર્ણવેલુ ઉચ્ચ પ્રકારનુ તત્ત્વજ્ઞાન જે કે કેવળ શુષ્ક નથી પરતુ તે ક્રિયા આચાર અને સદ્વર્તનના બોધ રૂપ માધુર્યથી ભરપૂર છે.

આત્મા એ પદાર્થની અદર જે સામર્થ્ય, વીર્ય અને સત્તા રહેલી છે તેને ઓળખવા માટે તત્ત્વજ્ઞાન (ફીલોસોફીની) જરૂર છે. જૈન દર્શનની ફીલોસોફી જાણવા માટે નવતત્ત્વ, જીવવિચાર, કર્મગ્રથ વગેરે તત્ત્વજ્ઞાનના ગ્રથો છે. આવા આવા ઉપયોગી પુસ્તકોના રૂપમા પ્રાચીન મહાત્માઓએ આપણા ઉપર ઉપકાર કરવાના નિમિત્તથી તૈયાર કરેલા અનેક પ્રકરણો પૈકીનાજ આ ગ્રંથમા આવેલ **કાયસ્થિતિ, વિચારસિત્તરિ** અને **વિચારપંચાશિકા** આ ત્રણ પ્રકરણો છે. જેમા પ્રથમ કાયસ્થિતિ ગ્રથ તે **શ્રી કુલમંડન સૂરિનો** બનાવેલો છે, જેમા સસારી જીવોની કાયસ્થિતિનો વિચાર જેવી

રીતે પ્રજ્ઞાપનાસૂત્રના અઢારમા પદમાં સવિસ્તરપણે જીવ, ગતિ, ઈન્દ્રિય અને કાયાદિક મનોયોગદ્વારવડે અનુક્રમે નિરૂપણ કર્યો છે, તેજ પ્રમાણે તેને અનુસારે સક્ષેપથી સરલ રીતે આ ગ્રથમા બતાવેલ છે.

બીજો ગ્રથ શ્રી વિચાર સપ્તતિકા (સિત્તરિ) ગ્રથ મૂળ, અચલગચ્છના **શ્રી મહેન્દ્રસિંહ નામના સૂરીશ્વર**નો બનાવેલો છે. જેમા પ્રતિમા–શાશ્વતી પ્રતિમાની સખ્યાનો વિચાર, ઈર્યાપથિકીના મિથ્યા દુષ્કૃતનો વિચાર, કોટી શિલાના સ્વરૂપનો વિચાર, ચૈત્ય–શાશ્વતા સિદ્ધાયતનોની સખ્યાનો વિચાર, દેવોના વિમાનોના આકારનો વિચાર, છ દિશાઓમાં સૂર્યના કિરણો પ્રસરે છે તેનો વિચાર, ઔદારિક, વૈક્રિય, અને આહારક એ ત્રણ શરીરને આશ્રીને છપર્યાપ્તિનો વિચાર, પાચમા સ્વર્ગમા રહેલી કૃષ્ણારાજીનો વિચાર, વલયાકારે રહેલા માનુષોતર, કુંડલ અને રૂચક નામના ત્રણ પર્વતોનો વિચાર, નદીશ્વર નામના આઠમા દ્વીપનો વિચાર, શ્રાવકોની ધર્મક્રિયાની વક્તવ્યતા સંબધી વિચાર, તથા ચૌદે ગુણસ્થાનકોનો વિચાર, આ બાર દ્વારોવડે વિવિધ વિષયોથી ભરપુર એવા આ વિચાર સપ્તતિકા ગ્રંથની સરલ રીતે રચના કરી છે.

આ ગ્રંથની વૃત્તિ તપગચ્છના આચાર્ય શ્રી વિજયદેવસૂરિની આજ્ઞાથી વિનયકુશળ નામના મુનિએ કરેલી છે.

ત્રીજો ગ્રંથ વિચાર પચાશિકા છે. જેમા ૧ પ્રથમ શરીર કેટલો કાળ ગર્ભમાં રહીને નરકે તથા સ્વર્ગે જાય છે તેનો વિચાર, ૨. ત્યાથી આવીને તે નરક તથા સ્વર્ગમાથી મનુષ્ય અને તિર્યચ ગતિમાં આવીને કેટલો કાળ જીવે છે તેનો વિચાર, ૩. અપુદ્ગલી તથા પુદ્ગલીનો વિચાર, ૪. સમૂર્છિમ મનુષ્યની ગતિ તથા આગતિ (ગમન આગમન) નો વિચાર, ૫ પર્યાપ્તિ, ૬ જીવાદિકનુ અલ્પ બહુત્વ, ૭ પ્રદેશ પુદ્ગલ તથા અપ્રદેશ પુદ્ગલ, ૮ કડજુમ્મા વગેરે અને પૃથ્વી આદિનુ પરિમાણ એ નવ પદાર્થોનો વિચાર બહુજ સરલ રીતે બતાવવામાં આવ્યો છે.

આ ગ્રથ મુનિશ્રી આનદવિમલના સૂરિવરની આજ્ઞાથી તેમના વાનરમુની નામના શિષ્યે રચેલ છે.

એકંદર રીતે ત્રણે ગ્રંથોની મૂળ તથા ભાષાંતર સાથેની આ યોજના કરેલી હોવાથી તત્ત્વ જીજ્ઞાસુઓને રૂચીકર અને સરલ સુગમ થઈ પડશે તે નિર્વિવાદ છે. ઉક્ત ત્રણે ગ્રંથો મૂલ અને અવચૂરિ–ટીકા સાથે પણ અમારા તરફથી છપાય છે. જે થોડા વખતમા પ્રગટ થશે.

સદરહુ ગ્રંથ પ્રસિદ્ધ કરવાની બાબતમાં અને તેના ઉપયોગીપણા માટેની સૂચના અને બીજી સહાય આપનાર, શ્રી પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિ-વિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મહારાજનો, તેમજ તેનુ ભાષાંતર જોઈ જવામાં શાહ કુંવરજી આણંદજીનો તેમજ પ્રુફ તપાસવાની બાબતમાં શાહ ફતેચંદ ઝવેરભાઇનો આભાર માનવામાં આવે છે.

સદરહુ ગ્રંથની શુદ્ધિને માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં છદ્મસ્થપણામાં સુલભ એવા પ્રમાદ, દૃષ્ટિદોષ કે પ્રેસદોષને લઇને કોઈ પણ સ્થાને સ્ખલના થઈ હોય તો મિથ્યા દુષ્કૃતપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

સ્થળ–આત્માનંદ ભવન.
જ્યેષ્ઠ શુદી ૮ ગુરૂવાર.
વિક્રમ સંવત ૧૯૬૯.
આત્મ સંવત ૧૮.

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

શેઠ આણંદજી પરશોતમ ગ્રંથમાળાનો ઉપોદ્‌ઘાત.


આ શહેરના અગ્રગણ્ય, સરલ સ્વભાવી, અને શાન્તિપ્રિય ગૃહસ્થ શેઠ આણંદજી પુરશોતમ જેણે કે બાલ્યાવસ્થાથી સ્વશક્તિ બળે સાંસારિક વ્યાપારમાં અભ્યુદય પ્રાપ્ત કરીને સ્વોપાર્જીત દ્રવ્યનો વિવિધ પ્રસંગે તિર્થ-યાત્રા, ઉધાપન, અઠ્ઠાઇ મહોત્સવ, જ્ઞાનોદ્ધાર, જીર્ણોદ્ધાર, જીવદયાદિક અનેક ધાર્મિક કૃત્યો અંતઃકરણના ધાર્મિક ઉત્સાહપૂર્વક વ્યય કરી, લોક પ્રસંશાની દરકાર રાખ્યા વગર પોતાના આત્માને નિર્મળ કરેલો હતો; અને તેવી નિ-ર્મળતા પ્રાપ્ત થવાથી તેમના હૃદયમાં શાન્ત રસનો અનહદ જમાવ થયો હતો. તેમજ અનેક અનુભવોએ આપેલી દીર્ઘ દ્રષ્ટિ પ્રાપ્ત કરી હતી, તેના પ્રત્યક્ષ પુરાવા તરીકે અત્રેના જૈન સમુદાયમાં પ્રસંગે પ્રસંગે થતા ઉચા મનને શાન્તિ પમાડનાર તેઓની હાજરી સાધનભુત થતી હતી.

વળી આ સભા ઉપર પણ તેઓ અતકરણથી પ્રીતિ ધરાવતા હતા, અને પ્રસગે પ્રસગે કિમતી સલાહ આપતા અને સભાના શુભ કાર્યોમાં પોતાનો આનદ જણાવતા હતા આવી ઉચ્ચ પ્રવૃત્તિવાળા વયોવૃદ્ધ મુરબ્બી ઉક્ત શેઠશ્રીનો સ. ૧૯૬૬ ના પોષ વદી નવમીના રોજ સ્વર્ગવાસ થયો હતો. તે પ્રસંગે મર્હુમ શેઠશ્રીના ધર્મ પરાયણ સુપત્નિ **બાઈ શ્રી માણેક-બાઇએ** શેઠ સાહેબના પુન્યાર્થે પોતે કહેલી રકમમાંથી રૂ. ૫૦૦) ની રકમ જ્ઞાનનો ઉદ્ધાર કરવા નિમિત્તે, આ સભાને તેમના સુપુત્ર **શેઠ ગુલાબચંદ આણંદજી** જે કે આ સભાના ઉપપ્રમુખ છે તેમની મારફત (સભાએ કરેલ ઠરાવ મુજબ બીજા વર્ગની) ગ્રથમાળા માટે ભેટ કરવામા આવી છે. તે મુજબ આ ગ્રથ તેમની સીરીઝના પ્રથમ પુષ્પ તરીકે અમારા તરફથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે આ ગ્રથ મુનિ મહારાજાઓ, સાધ્વી-જીઓ, જ્ઞાનભડાર વિગેરેને તેમની વતી આ સભા તરફથી ભેટ આપવાનો છે.

સ્વર્ગવાસ પામેલા સબધીઓની પાછળ શુભ ક્રિયાઓ પૈકી આવા ઉપયોગી ગ્રથોને પ્રસિદ્ધ કરી જ્ઞાનોદ્ધાર કરવાના ઉચ્ચ કાર્યો કરવા તે પ્રસં-શનીય હોઇને તેવો માર્ગ ઉપર જણાવ્યા મુજબ આર્થિક સહાય આપનારે લીધેલો હોઇને તેઓને ધન્યવાદ ઘટે છે. અને તેવું અનુકરણ કરવાનુ શુભ પગલુ ભરવા અન્યને સૂચના કરવામાં આવે છે.

લી૦

પ્રસિદ્ધ કર્ત્તા.



શેઠ આણંદજી પુરૂષોત્તમ-ભાવનગર.

The Bombay Art Printing Works, Fort

अर्हम्

श्री पार्श्वनाथाय नमः

श्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः

श्री

कायस्थिति प्रक ण.

(मूल तथा भाषांतर सहित.)

(१)

वर्धमानं जिनं नत्वा, यथाभूतार्थदेशकम् ।
कुर्वे कायस्थितिस्तोत्रे, कियदर्थप्रकाशकम् ॥ १ ॥

અર્થ—યથાર્થ તત્ત્વના ઉપદેશક **શ્રી વર્ધમાન** સ્વામીને નમસ્કાર કરીને આ **કાયસ્થિતિ** નામના સ્તોત્રમાં (નો) કેટલોક અર્થ પ્રકાશ કરૂં છું.

શ્રી **પ્રજ્ઞાપના** ઉપાંગ તથા **વિવાહ પ્રજ્ઞપ્તિ** (ભગવતી) વિગેરે સૂત્રોમાં કાયસ્થિતિ તથા ભવ સંવેધ વિગેરેનો વિચાર સવિસ્તર કહેલો છે, તેને પોતાની બુદ્ધિથી

અવધારણ કરીને આ ગ્રંથ કર્ત્તા આચાર્યે (શ્રી કુલમંડન સૂરિએ) પંચમ કાળને લીધે હીન બુદ્ધિ અને હીન બળવાળા, શ્રી સિદ્ધાન્ત રૂપી સમુદ્રનો પાર પામવામાં અશક્તિવાળા તથા સંક્ષેપ રૂચિવાળા શિષ્યજનોના અનુગ્રહને માટે સૂક્ષ્માર્થના સારાંશથી નિબદ્ધ આ ગ્રંથ કર્યો છે. તેના પ્રારંભમાં ભક્તિના અતિશયપણાથી ત્રણ ભુવનના સ્વામી શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ કરે છે. પ્રથમ પોતાના અભીષ્ટ દેવતા પ્રત્યે પોતાની વિજ્ઞપ્તિને પ્રકાશ કરવા પૂર્વક અભિધેય કહે છે.

जह तुह दंसणरहिओ, कायठिईभीसणे भवारन्ने।
भमिओ भवभयभंजण, जिणिंद तह विन्नविस्सामि॥१॥

મૂલાર્થ—હે સંસારના ભયનો નાશ કરનાર જિનેંદ્ર ! તમારા દર્શન રહિત હું જે પ્રમાણે આ કાયસ્થિતિએ કરીને ભયંકર ભવારણ્યમાં ભટકયો, તે પ્રમાણે તમને વિજ્ઞાપના કરૂં છું-જણાવું છું. ૧.

ટીકાર્થ—હે જિનેન્દ્ર ! તમારા દર્શનથી રહિત-દર્શન એટલે દ્રવ્યથી દૃષ્ટિવડે જોવું તે, અને ભાવથી સમ્યગ્દર્શન (સમકિત) કહેવાય છે. અહીં સર્વ કલ્યાણનું એકાંત કારણ હોવાથી ભાવ દર્શન લીધેલું છે. કારણ કે દ્રવ્ય દર્શન તો અભવ્યોને પણ અનંતી વાર પ્રાપ્ત થાય છે. તેથી તમારા દર્શને કરીને રહિત એટલે સમ્યક્ દર્શનથી રહિત એવો હું અર્થાત્ હું શબ્દે કરીને સમગ્ર પ્રાણીઓ જાણવા, કેમકે સર્વ જીવોને એ જ પ્રમાણે ભવ ભ્રમણનો પ્રકાર છે, તેથી હું શબ્દે કરીને સર્વ જીવો ગ્રહણ કરવા. કાયસ્થિતિ એટલે સામાન્યથી જીવપણા રૂપ લક્ષણે કરીને અને વિશેષથી નારકાદિક લક્ષણવાળા પર્યાયે કરીને ઉપર કહેલા જીવનું જે સતતપણે ઉત્પન્ન થવું તે. એવી કાયસ્થિતિવડે ભયંકર આ ભવરૂપી અરણ્યને વિષે

નારકાદિક કાયસ્થિતિના દુઃખોના અનુભવ પૂર્વક જે રીતે હું ભમ્યો છું, તેવી રીતે તમારી પાસે વિજ્ઞપ્તિ કરૂં છું. અહીં સંબોધન દ્વારાએ વિજ્ઞપ્તિ કરવાનું કારણ બતાવે છે.–હે ભવભયભંજન! તિર્યંચ વગેરે ગતિરૂપ સંસારના ભયનો–વારંવાર તેવી ગતિમાં ભ્રમણ કરવા રૂપ આશંકાનો નાશ કરનાર એવા હે ભગવાન! ૧.

અહીં સ્તુતિ કરનાર આચાર્ય મહારાજે જીવોની કાયસ્થિતિનો વિચાર કરવા આરંભ કર્યો છે, તે કાયસ્થિતિ સામાન્ય અને વિશેષે કરીને બે પ્રકારની છે તેમાં સામાન્યથી કાયસ્થિતિ સંસારી જીવનું જીવવું એટલે પ્રાણોને ધારણ કરવા તે. તે જીવન સંસારી જીવને સર્વદા હોય છે. કેમકે આયુષકર્મના અનુભવ રૂપ દ્રવ્ય-પ્રાણો અને જ્ઞાનાદિક ભાવપ્રાણો તેમને નિરંતર રહેલા હોય છે. અને મુક્ત–સિદ્ધના જીવોને જ્ઞાનાદિક ભાવપ્રાણોનું ધારણ કરવું અવસ્થિતપણે છે. માટે (સામાન્યથી) સંસારી અવસ્થામાં સર્વત્ર સર્વકાળે જીવન રહેલું જ છે. હવે વિશેષથી કાયસ્થિતિને સ્તોત્ર કર્ત્તા પોતે જ કહે છેઃ—

अव्ववहारियमज्झे, भमिऊण अणंतपुग्गलपरट्टे ।
कहवि ववहाररासिं, संपत्तो नाह तत्थवि य ॥ २ ॥

મૂલાર્થ—હે નાથ! હું અવ્યવહારિક રાશિમાં અનંત પુદ્ગલ પરાવર્ત સુધી ભ્રમણ કરીને કોઇ પણ પ્રકારે વ્યવહાર રાશિને પ્રાપ્ત થયો. તો ત્યાં પણ ચિરકાળ ભ્રમણ કર્યું. ૨.

ટીકાર્થ—અહીં સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક એમ બે પ્રકારના જીવો છે. તેમાં જેઓ અનાદિ નિગોદની અવસ્થામાંથી ઉદ્ધરીને (બહાર નીકળીને) પૃથ્વીકાયાદિક ભવોને વિષે રહેલા છે તેઓ દુનિયામાં લોકોના દૃષ્ટિમાર્ગમાં આવતા હોવાથી પૃથ્વી

આદિ વ્યવહારને પામ્યા, માટે તેઓ સાંવ્યવહારિક કહેવાય છે. જો કે તેઓ ફરીથી પણ નિગોદાવસ્થામાં જાય છે, તોપણ તેઓ વ્યવહારને માટે (વ્યવહાર રાશિમાં) આવેલા હોવાથી સાંવ્યવહારિક જ કહેવાય છે. અને જેઓ અનાદિ કાળથી નિગોદાવસ્થામાં જ રહેલા છે, તેઓ વ્યવહાર માર્ગથી રહિત હોવાથી (કોઈ વાર પણ વ્યવહાર માર્ગમાં આવેલા નહીં હોવાથી) અસાંવ્યવહારિક જ કહેવાય છે. અસાંવ્યવહારિક અનાદિ નિગોદ જીવ રાશિમાં અતીત કાળ (ગયેલા કાળ)ના અનાદિપણાને લીધે અનંતા પુદ્ગલ પરાવર્ત સુધી રહીને કોઈ પણ પ્રકારે જેમ પર્વતની નદીમાં રહેલો પાષાણ કેટલેક કાળે ગોળ લીસો થાય છે, તેમ તેવા પ્રકારની ભવિતવ્યતાના વશથી પૃથ્વી આદિ વ્યવહારને પામીને હું વ્યવહાર રાશિને પ્રાપ્ત થયો. તો હે નાથ ! ત્યાં પણ–વ્યવહાર રાશિમાં પણ હું આગળ કહેવાશે તે પ્રકારે ભમ્યો. આ કાયસ્થિતિનો વિચાર **પ્રજ્ઞાપના** સૂત્રના અઢારમા પદમાં સવિસ્તરપણે જીવ, ગતિ, ઇન્દ્રિય અને કાયાદિક અનુયોગદ્વાર વડે અનુક્રમે નિરૂપણ કર્યો છે. તે જ પ્રમાણે અહીં પણ તેને જ અનુસારે સંક્ષેપથી કહેવાય છે. ૨.

उक्कोसं तिरियगई, असंनिएगिंदिवणनपुंसेसु ।
भमिओ आवलियअसंखभागसम पुग्गलपरट्टा ॥ ३ ॥

મૂલાર્થ—હું તિર્યગ્ગતિમાં, અસંજ્ઞિમાં, એકેન્દ્રિયમાં, વનસ્પતિમાં અને નપુંસકમાં ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતા ભાગ (ના સમય) જેટલા પુદ્ગલ પરાવર્ત સુધી ભમ્યો છું. ૩.

ટીકાર્થ—ઉત્કૃષ્ટથી તિર્યગ્ગતિમાં, સંજ્ઞિથી ઉલટા એટલે અસંજ્ઞિમાં, એકેન્દ્રિયમાં તથા સૂક્ષ્મ, બાદર નિગોદ અને પ્રત્યેક એ ત્રણે જાતિની વનસ્પતિકાયમાં અને નપુંસકમાં અસંખ્યેય સમય-

વાળા આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા એટલે આવલિકાના અસંખ્યેય ભાગે જેટલા સમયો આવે તેટલા પુદ્‌ગલ પરાવર્ત સુધી હું ભમ્યો છું. ૩.

सामन्नं सुहुमत्ते, ओसप्पिणिओ असंखलोगसमा ।
भमिओ तह पिहु सुहुमे, पुढवीजलजलणपवणवणे ॥४॥

મૂલાર્થ—તેમાં સૂક્ષ્મપણાને વિષે સામાન્યથી (ઓઘથી) અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ જેટલી અવસર્પિણીના કાળ સુધી હું ભમ્યો છું. અને તે જ પ્રકારે (તેટલો જ કાળ) સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયને વિષે પ્રત્યેક પ્રત્યેકમાં પણ ભમ્યો છું. ૪.

ટીકાર્થ—તથા સૂક્ષ્મપણાને વિષે એટલે સૂક્ષ્મ નામ કર્મના ઉદયવાળા જીવોમાં ઓઘથી એટલે પૃથ્વી કાયાદિક વિશેષ વિના જ (પાંચે જાતિમાં ભેળો) અસંખ્ય લોક પ્રમાણ અવસર્પિણી સુધી હું ભમ્યો. તેમાં અસંખ્યેય લોક એટલે અલોકાકાશને વિષે લોકના પ્રમાણ જેવડા અસંખ્યાતા આકાશના ખંડો કલ્પવા, તેના જે પ્રદેશો એટલે જેના ભાગ ન થઈ શકે એવા જેટલા ભાગો થાય તેટલા પ્રમાણવાળી અવસર્પિણીઓ સુધી હું ભમ્યો છું. અને ઓઘે જેટલો કાળ કહ્યો તેટલો જ એટલે અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણવાળી અવસર્પિણીઓ સુધી સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયને વિષે પ્રત્યેકે પ્રત્યેકે પણ હું ભમ્યો છું. અસંખ્યાતના અસંખ્ય ભેદ (પ્રકાર) હોવાથી ઓઘમાં (ઓઘને આશ્રીને) કહેલા અવસર્પિણીના અસંખ્યાતપણાની અપેક્ષાએ પ્રત્યેક પ્રત્યેક સૂક્ષ્મ પૃથ્વી આદિમાં કહેલું અવસર્પિણીનું અસંખ્યાતપણું ઘણું નાનું જાણવું. આ કાયસ્થિતિનું

સ્વરૂપ સાંવ્યવહારિક જીવને આશ્રીને કહેલું છે. કેમકે અસાંવ્યવહારિક રાશિમા રહેલા સૂક્ષ્મ નિગોદના જીવો અનાદિકાળના છે, એમ પ્રથમ કહી ગયા છીએ વળી સૂક્ષ્મ વનસ્પતિ કાયના જીવો પણ અહીં સાંવ્યવહારિક જ જાણવા. ૪.

ओहेण बायरत्ते, तह बायरवणस्सईसु ता उ पुणो।
अंगुलअसंखभागे, दोसड्ढ परट्टय निगोए ॥ ५ ॥

મૂલાર્થ—ઓઘથી બાદરપણામાં અને બાદર વનસ્પતિકાયમાં અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ અવસર્પિણીઓ સુધી હું ભમ્યો છું. તથા નિગોદને વિષે અઢી પુદ્ગલ પરાવર્તન સુધી હું ભમ્યો છું. ૫

ટીકાર્થ—ઓઘથી એટલે પૃથ્વી આદિ વિશેષની અપેક્ષા વિના સામાન્યથી બાદર (એકેંદ્રિ) પણામા એટલે બાદર નામ કર્મોદયમાં વર્તતો તથા વિશેષથી બાદર વનસ્પતિકાયને વિષે પણ તેટલી અવસર્પિણીઓ સુધી હું ભમ્યો કેટલી અવસર્પિણી? તે કહે છે.-અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણવાળા ક્ષેત્ર (પ્રદેશ)ને વિષે પ્રતિ સમયે એક એક આકાશ પ્રદેશ લેતાં અસંખ્યાતી ઉત્સર્પિણીઓ લાગે છે કહ્યું છે કે-"અંગુલ શ્રેણી માત્ર ક્ષેત્રને વિષે અસંખ્યાતી ઉત્સર્પિણીઓ લાગે છે" તેટલી એટલે અસંખ્યાતી ઉત્સર્પિણીઓ અહીં જાણવી, તથા સામાન્યથી સૂક્ષ્મ અને બાદર રૂપ નિગોદને વિષે મંદ ભાગી એવો હું અઢી પુદ્ગલ પરાવર્ત સુધી ભમ્યો. ૫.

बायरपुढवीजलजलणपवणपत्तेयवणनिगोएसु।
सत्तरिकोडाकोडी अयराणं नाह भमिओऽहं ॥६॥

મૂલાર્થ—વળી હે નાથ! બાદર પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાય અને નિગોદને વિષે હું સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધી ભમ્યો છું ૬

ટીકાર્થ—બાદર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ અને નિગોદ (સાધારણ વનસ્પતિ) એ સર્વ પ્રત્યેક પ્રત્યેકમાં સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધી હું ભમ્યો એટલે કે બાદર પૃથ્વીકાયિક જીવ બાદર પૃથ્વીકાયમાં જ ફરી ફરીને ઉત્પન્ન થાય, તો તે ત્યાં ઉત્કૃષ્ટો સીત્તેર કોડાકોડી સાગરોપમ કાળ સુધી ઉત્પન્ન થયા કરે. એજ પ્રમાણે બાદર જળ, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ અને બાદર નિગોદમા પણ પોતપોતાના કાયમાં બાદરપણાને નહીં છોડતા જીવોની કાયસ્થિતિના કાળનું પ્રમાણ પ્રત્યેકે પ્રત્યેકે એટલું જ કહેવું (જાણવું) ૬.

संखिज्जवाससहसे, बितिचउरिंदीसु ओहओ अ तहा।
पज्जत्तबायरेगिंदिभूजलानिलपरित्तेसु ॥ ७ ॥

મૂલાર્થ—ઓઘથી બેઇદ્રિય, તેઇદ્રિય અને ચઉરિંદ્રિયને વિષે હું સંખ્યાતા હજાર વર્ષો સુધી ભમ્યો, તથા પર્યાપ્ત બાદર એકેન્દ્રિ પૃથ્વીકાય, અપૂકાય, વાયુકાય અને પ્રત્યેક વનપસ્તિકાય, તેમને વિષે પણ સંખ્યાતા હજાર વર્ષો સુધી હું ભમ્યો. ૭.

ટીકાર્થ—ઓઘથી એટલે પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ વિષેશણ વિના જ સામાન્યપણે દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય રૂપ વિકલેન્દ્રિયોને વિષે સંખ્યાતા હજાર વર્ષો સુધી ભમ્યો. અહીં ભાવાર્થ એ છે કે–દ્વીન્દ્રિયાદિક જાતિમાં કેટલાએક (થોડા) ભવ ભ્રમણનો સંભવ હોવાથી પ્રત્યેક જાતિમાં સંખ્યાતા કાળનીજ સ્થિતિ સંભવે છે હવે પર્યાપ્તાદિક વિશેષણવાળા બાદર એકેન્દ્રિય પૃથ્વી આદિની કાયસ્થિતિ આ ગાથામાં તથા આગળની ગાથામાં દ્વીન્દ્રિયાદિકની કાયસ્થિતિ કહે છે.–પર્યાપ્ત બાદર નામ કર્મના ઉદયમાં વર્તતા એકેન્દ્રિયો જે પૃથ્વી, જળ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિ તેમને

વિષે પ્રત્યેકે પ્રત્યેકે હું સંખ્યાતા હજાર વર્ષો સુધી ભમ્યો. અહીં ભાવાર્થ એ છે કે-જેણે પર્યાપ્ત પર્યાયનો ત્યાગ કર્યો નથી એવા પૃથિવ્યાદિકમાંના એકને વિષે ઉત્પન્ન થનારા બાદર એકેન્દ્રિયને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ભવની સંકલના (ગણતરી) કરવાથી સંખ્યાતા હજાર વર્ષોજ થાય છે. તે આ પ્રમાણે-પર્યાપ્ત બાદર પૃથ્વીકાયની સ્થિતિ ઉત્કર્ષથી બાવીશ હજાર વર્ષની છે, અપ્‌કાયની સ્થિતિ સાત હજાર વર્ષની છે, વાયુકાયની ત્રણ હજારની છે તથા પ્રત્યેક વનસ્પતિ કાયની સ્થિતિ દશ વજાર વર્ષની છે. તેથી આ પૃથિવ્યાદિકને વિષે નિરંતર કેટલાક ભવના આયુષ્યના કામની ગણતરી કરતાં સંખ્યાતા હજાર વર્ષો જ થાય એ ઘટે છે અહીં જે પર્યાપ્ત કહ્યો છે, તે લબ્ધિની અપેક્ષાએ જાણવો, પણ કરણની અપેક્ષાએ ન જાણવો, કેમકે લબ્ધિ પર્યાપ્તનો વિગ્રહગતિમાં પણ સંભવ છે માટે. ૭.

बायरपजग्गिबितिचउरिंदिसु संखदिणवासदिणमासा।
संखिज्जवासअहिआ, तसेसु दो सागरसहस्सा॥ ८॥

મૂલાર્થ—બાદર પર્યાપ્ત અગ્નિકાય તથા પર્યાપ્ત દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયની કાયસ્થિતિ અનુક્રમે સંખ્યાતા દિવસ, સંખ્યાતા વર્ષ, સખ્યાતા દિવસ અને સંખ્યાતા માસની જાણવી. તથા ત્રસકાયની સ્થિતિ ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષે અધિક એવા બે હજાર સાગરોપમની જાણવી. ૮.

ટીકાર્થ—બાદર પર્યાપ્ત અગ્નિકાયની તથા પર્યાપ્ત દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયની કાયસ્થિતિ અનુક્રમે સંખ્યાતા દિવસ, વર્ષ, દિવસ અને માસ સુધીની જાણવી. અર્થાત્-બાદર પર્યાપ્ત અગ્નિકાયની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ રાત્રિ દિવસની છે, તેથી કરીને

ઉત્કૃષ્ટાદિ સ્થિતિવાળા કેટલાક પર્યાપ્ત ભવ કરવાનો સંભવ હોવાથી સંખ્યાતા રાત્રી દિવસો જ થાય છે. દ્વીન્દ્રિયની બાર વર્ષ, ત્રીન્દ્રિયની ઓગણપચાસ દિવસ અને ચતુરિન્દ્રિયની છ માસની ઉત્કૃષ્ટી ભવસ્થિતિ છે. તેથી કરીને નિરંતર પર્યાપ્ત ભવના કાળની ગણના કરવાથી પણ કહ્યા પ્રમાણે સંખ્યાતા જ વર્ષાદિક આવે છે. તથા ત્રસને વિષે એટલે ત્રસ કાયમાં ઉત્કર્ષથી કાયસ્થિતિ સંખ્યાતા વર્ષે અધિક બેહજાર સાગરોપમની છે ૮.

अयरसहस्सं अहियं, पणिंदिसु तित्तीसअयर सुरनरए।
संनिसु तह पुरिसेसुं, अयरसयपहुत्तमब्भहियं ॥ ९ ॥

મૂલાર્થ—પંચેન્દ્રિયને વિષે સંખ્યાતા વર્ષે અધિક એવા એક હજાર સાગરોપમની કાયસ્થિતિ છે. તથા દેવગતિ અને નરકગતિને વિષે તેત્રીશ સાગરોપમની કાયસ્થિતિ છે તથા સંજ્ઞિ પંચેન્દ્રિય અને પુરૂષવેદને વિષે બસોથી નવસો સાગરોપમથી કાંઇક અધિક કાયસ્થિતિ છે. ૯.

ટીકાર્થ—પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ વિશેષણ વિના જ સામાન્યે કરીને પંચેન્દ્રિયને વિષે સંખ્યાતા વર્ષે અધિક એક હજાર સાગરોપમની કાયસ્થિતિ છે તેમાં પર્યાપ્ત પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બસોથી નવસો સાગરોપમથી કાંઇક અધિક જાણવી તથા દેવગતિ અને નરકગતિને વિષે તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે, કારણ કે તે ગતિવાળા જીવો પોતાના ભવથી ચવીને ફરીથી (તરત જ) તે જ ભવ (ગતિ) માં ઉત્પન્ન થતા નથી. તે બન્ને ગતિવાળાની જઘન્ય કાયસ્થિતિ દશ હજાર વર્ષની છે. તથા સંજ્ઞિપંચેન્દ્રિયને વિષે અને વેદની અપેક્ષાએ પુરૂષવેદને વિષે બસોથી નવસો સાગરોપમથી કાંઇક અધિક ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે, અને જઘન્યથી અન્તર્મુહૂર્તની છે ૯

गब्भयतिरियनरेसु य, पल्लतिगं सत्तपुव्वकोडीओ।
दसहियपलियसयं थीसु पुव्वकोडिपुहुत्तजुअं ॥१०॥

મૂલાર્થ—ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને વિષે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ત્રણ પલ્યોપમ અને સાત કરોડ પૂર્વની જાણવી. તથા સ્ત્રીવેદને વિષે એકસો ને દશ પલ્યોપમ તથા બેથી નવ કરોડ પૂર્વની કાયસ્થિતિ જાણવી. ૧૦.

ટીકાર્થ—ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને વિષે ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ ને સાત કરોડ પૂર્વની કાયસ્થિતિ જાણવી. કેમકે કરોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળો પંચેન્દ્રિય તિર્યંચ કરોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચને વિષે વારંવાર (ફરી ફરીને) ઉત્પન્ન થાય, તો ઉત્કૃષ્ટથી સાત વાર ઉત્પન્ન થાય. અને જો આઠમીવાર પણ તેમાજ ઉત્પન્ન થાય, તો અવશ્ય અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચને વિષે ઉત્પન્ન થાય છે, તે અસંખ્યાતા વર્ષના આયુષ્ય-વાળાને વિષે ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનુ છે, તેથી કરીને ઉપર કહેલું કાયસ્થિતિનું પ્રમાણ યોગ્ય જ છે એ જ પ્રમાણે મનુષ્યને વિષે પણ જાણવું તથા સ્ત્રીવેદને વિષે ઉત્કૃષ્ટથી એકસો દશ પલ્યોપમ અને બેથી નવ કરોડ (સુધી) પૂર્વની કાયસ્થિતિ છે તે આ પ્રમાણે-કોઈ જંતુ કરોડ પૂર્વના આયુષ્યવાળા સ્ત્રીપણાને વિષે ઉપરા ઉપર પાંચ કે છ ભવ કરીને ઈશાન દેવલોકમાં પંચાવન પલ્યોપમની ઉત્કૃષ્ટ આયુષ્યવાળી (સ્થિતિવાળી) અપરિગૃહીતા દેવીમાં ઉત્પન્ન થાય. પછી ત્યાંથી ચવીને ફરીથી કરોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળી મનુષ્યની સ્ત્રીને વિષે અથવા તિર્યંચની સ્ત્રીને વિષે સ્ત્રીપણે ઉત્પન્ન થાય. ત્યાંથી ફરીને પણ ઈશાન દેવલોકમા પ્રથમની જેમ ૫૫ પલ્યોપમને આઉખે ઉત્પન્ન થાય તે ત્યાથી ચવીને

પછી અવશ્ય બીજા વેદમાં જાય છે તેથી પૂર્વે કહેલું પ્રમાણ બરાબર છે ૧૦.

इत्थिनपुंसे समओ, जहन्नु अंतोमुहुत्त सेसेसु ।
अपजेसुक्कोसंपि य, पजसुहुमे थूलणंतेऽवि ॥ ११ ॥

મૂલાર્થ—સ્ત્રીવેદ તથા નપુંસકવેદને વિષે જઘન્ય કાયસ્થિતિ એક સમયની છે. તે સિવાયના બીજાને વિષે જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્તની છે અપર્યાપ્તને વિષે ઉત્કર્ષથી પણ કાયસ્થિતિ અન્તર્મુહૂર્તની છે. તથા પર્યાપ્ત સૂક્ષ્મને વિષે અને બાદર નિગોદને વિષે પણ તેજ પ્રમાણે અન્તર્મુહૂર્તની કાયસ્થિતિ જાણવી. ૧૧.

ટીકાર્થ—પૂર્વોક્તને વિષે જઘન્ય કાયસ્થિતિ કહે છે.–સ્ત્રીવેદ અને નપુંસકવેદને વિષે જઘન્ય કાયસ્થિતિ એક સમયની છે. જેમકે સ્ત્રીવેદના ઉદયવાળો અથવા નપુંસક વેદના ઉદયવાળો કોઇ પ્રાણી ઉપશમ શ્રેણીને વિષે (આરૂઢ થઇને) ત્રણે વેદનો ઉપશમ કરવાથી અવેદકપણાનો અનુભવ કરીને પછી તે શ્રેણીથી પડીને પોતાના ભવના વેદને એક સમય સુધી અનુભવે, અને પછી બીજે સમયે દેવતાને વિષે ઉત્પન્ન થાય, ત્યાં (દેવ ભવને વિષે) તેને પુરૂષપણુ જ હોય છે અહીં પ્રથમથી આરંભીને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહી છે: તેની અંદર જઘન્ય કાયસ્થિતિ તો માત્ર સ્ત્રીવેદ અને નપુંસકવેદની જ બતાવી છે. હવે તેની અપેક્ષાએ બાકી રહેલા દેવ અને નારકીને વર્જીને શેષ તિર્યગ્ ગત્યાદિને વિષે જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી. કારણ કે તેમનું આયુષ્ય જઘન્યથી પણ અંતર્મુહૂર્તનુ જ છે. તથા લબ્ધિની અપેક્ષાએ અપર્યાપ્તને વિષે ઉત્કર્ષથી કાયસ્થિતિ પણ અંતર્મુહૂર્તની જ છે કારણ કે તિર્યંચો અને મનુષ્યો જો કે અપર્યાપ્તાવસ્થાએ જ મરણ પામીને ફરી ફરીથી

અપર્યાપ્તપણે કેટલાક ભવ સુધી નિરંતર ઉત્પન્ન થાય છે, તોપણ તેઓની એક ભવની અપર્યાપ્તાવસ્થા લઘુતર અંતર્મુહૂર્ત પ્રમાણની હોવાથી અપર્યાપ્ત કેટલાક ભવે કરીને ઉત્કર્ષથી પણ અપર્યાપ્તાવસ્થા ગુરૂતર અન્તર્મુહૂર્તના પ્રમાણવાળી થાય છે. અહીં (ઉત્કર્ષથી પણ એ ઠેકાણે) **'अवि'** એટલે પણ શબ્દ લખ્યો છે, તેથી જઘન્યથી પણ અપર્યાપ્તાવસ્થામાં દેવ અને નારકીઓને લબ્ધિ અપર્યાપ્તપણાનો અભાવ હોવાથી બાકીના (તે સિવાયના) નર અને તિર્યંચોને વિષે કાયસ્થિતિ અંતર્મુહૂર્તની જ છે એમ સમજવું. તથા પર્યાપ્ત સૂક્ષ્મ અને પર્યાપ્ત બાદર નિગોદને વિષે પણ અપર્યાપ્તોને માટે કહેલી જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિની જેમ ભાવના કરવી, તે આ પ્રમાણે–પર્યાપ્તાવસ્થાને આશ્રીને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિકને વિષે જઘન્યથી અને ઉત્કર્ષથી કાયસ્થિતિ અન્તર્મુહૂર્તની જ છે, કેમકે ત્યાર પછી તે અવશ્ય અપર્યાપ્તપણે જ ઉત્પન્નથાય છે (ઉપરા ઉપર પર્યાપ્તાવસ્થા સૂક્ષ્મ કે બાદર નિગોદમાં અંતર્મુહૂર્તથી વધારે ટકતી નથી.) ૧૧

विन्नत्ता कायठिइत्ति, कालओ नाह जह भमिय पुव्वा ।
भवसंवेहेणिन्हिं, तु विन्नविस्सामि सामिपुरो ॥ १२ ॥

મૂલાર્થ—હે નાથ! હું પૂર્વે જે પ્રકારે ભમ્યો, તે પ્રકારે કાળને આશ્રીને મે કાયસ્થિતિની વિજ્ઞપ્તિ કરી. હવે હમણાં સ્વામીની (આપની) પાસે ભવ સંવેધને આશ્રીને કાયસ્થિતિની વિજ્ઞપ્તિ કરીશ–કરૂં છું. ૧૨.

ટીકાર્થ—હે નાથ! આ પ્રમાણે એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટાદિક પૂર્વોક્ત પ્રકારે કાળથી (કાળને આશ્રીને) કાયસ્થિતિની વિજ્ઞપ્તિ કરી, કે જે પ્રકારે હું પૂર્વે એટલે અનાદિ એવા અતીતકાળમાં ભમ્યો હતો. હવે હમણા સ્વામીની (આપની) પાસે તે જ

કાયસ્થિતિની ભવના સંવેધને આશ્રીને વિજ્ઞાપના કરીશ (કરૂં છું). ભવ સંવેધ એટલે વિવક્ષિત ભવથી બીજા ભવમાં જઇને અથવા તુલ્ય ભવમાં રહીને ફરીથી પણ યથા સંભવ ત્યાંજ (તે ભવમાં જ) ઉત્પન્ન થવું તે. ૧૨.

परभवतब्भवआउं, लहुगुरुचउभंगि सन्निनरतिरिओ ।
नरयछगे उक्कोसं, इगंतरं भमइ अट्ठभवे ॥ १३ ॥

મૂલાર્થ—પરભવ અને તે ભવ (કહેવાને ઈચ્છેલા ભવ) ના આયુષ્યને જઘન્ય અને ઉત્કૃષ્ટની સાથે વિચારતાં ચાર ભાંગા થાય છે, તે ચારે ભાંગે વિચારતા સંજ્ઞિમનુષ્ય અને તિર્યંચ પહેલી ૬ નરકમાં ઉત્કર્ષથી એકાંતર આઠ ભવ ભ્રમણ કરે છે ૧૩.

ટીકાર્થ—ભવ સંવેધમાં કોઈ ઠેકાણે આયુષ્યના જઘન્ય અને ઉત્કર્ષપણાથી વિચાર કરતાં ભવોની સંખ્યામાં ભેદ પણ થાય છે, માટે તે વિષેના ચાર ભાંગાઓને પ્રગટ કરવાપૂર્વક પ્રતિજ્ઞાત હકીકત કહે છે.–પરભવ એટલે [૧]પરાવર્તભવ અને તે ભવ એટલે જે ભવ સબંધી કહેવાની ઈચ્છા હોય તે ભવ. તે બન્ને ભવના આયુષ્યને જઘન્ય અને ઉત્કર્ષ રૂપ બે પદની સાથે યોજના કરતાં ચાર ભાંગા (ચૌભંગી) થાય છે. તે આ પ્રમાણે–આ ભવમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અને પરભવમાં પણ ઉત્કૃષ્ટ આયુષ્ય ૧, આ ભવનું ઉત્કૃષ્ટ અને પરભવનું જઘન્ય ૨, આ ભવનું જઘન્ય અને પરભવનું ઉત્કૃષ્ટ ૩, તથા આ ભવનું જઘન્ય અને પરભવનું પણ જઘન્ય ૪. આ રીતે ભવ સંવેધનો વિચાર **શ્રી ભગવતી** સૂત્રના ચોવીશમા શતકમાં ચોવીશ દંડકના અનુક્રમથી પ્રાણીઓના પરસ્પર સંવેધ વડે જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપપાત, પરિમાણ, ભવ, કાળ અને આયુષ્ય વિગેરે પ્રતિપાદન

૧ જ્યાં જઇને પ્રસ્તુત ભવમાં આવવાનું કહેવું હોય તે પરાવર્તભવ સમજવો.

કરવાને અવસરે વિસ્તારથી નિરૂપણ કરેલો છે તેને અનુસારે અહીં પણ તેની ભાવના સંક્ષેપથી કરીયે છીયે—આયુષ્યના ચારે પ્રકારના ભાગે વિચાર કરતાં સંજ્ઞી મનુષ્ય તથા તિર્યંચ પહેલી છ નરકમાં ઉત્કર્ષથી એકાંતર આઠ ભવો સુધી ભ્રમણ કરે છે તે આ પ્રમાણે—કોઈ સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્ય સાતમી સિવાય પ્રથમની છમાંની કોઈ એક નરકમા ઉત્પન્ન થાય, અને ત્યાથી ઉધરીને (નીકળીને) પાછો મનુષ્યમા ઉત્પન્ન થાય, ત્યાથી ફરીને નરકમા જાય. એ પ્રમાણે એકાતર આઠ ભવો કરે છે પછી નવમે ભવે તે અવશ્ય બીજા પર્યાયપણે ઉત્પન્ન થાય છે જઘન્યથી તો આગળની ગાથામા કહેવાશે તે પ્રમાણે બે ભવ કરે છે એ વાત અહીં પણ જાણી લેવી. એજ પ્રમાણે (મનુષ્ય પ્રમાણે) તિર્યંચને માટે પણ ભાવના કરવી ૧૩.

भवणवणजोइकप्प-दुगेवि इअ अडभवाउक्कु जहन्ना ।
सग सत्तमीइ तिरिओ, पण पुन्नाउसु य ति जहन्ना ॥१४॥

મૂલાર્થ—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા સૌધર્માદિક આઠ દેવલોકને વિષે એકાતર ભવ ભ્રમણ કરતા મનુષ્યો અને તિર્યંચો ઉત્કર્ષથી આઠ ભવ કરે છે અને જઘન્યથી બે ભવ કરે છે સાતમી નરકમા (એકાતર ભ્રમણ કરતા) તિર્યંચો ઉત્કર્ષથી સાત ભવ કરે છે, પરંતુ પૂર્ણ આયુષ્યે સાતમી નારકીમાં ઉત્પન્ન થાય, તો ઉત્કર્ષ પણ પાચ ભવો કરે છે અને જઘન્યથી ત્રણ ભવ કરે છે. ૧૪.

ટીકાર્થ—ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કને વિષે તથા સૌધર્માદિક આઠ કલ્પવાસી વૈમાનિક દેવતાઓને વિષે એકાંતર ભ્રમણ કરતા મનુષ્ય અને તિર્યંચો ઉત્કર્ષથી આઠ ભવ કરે છે. અને જઘન્યથી બે ભવ કરે છે તિર્યંચ સાતમી નરકમા એકાતર ભ્રમણ કરતા ઉત્કર્ષથી સાત ભવ કરે છે. તે આ પ્રમાણે—જેમ કોઈ કરોડ

પૂર્વના આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિ તિર્યંચ સાતમી નરકમા જઘન્ય આયુષ્યપણે ઉત્પન્ન થાય, ત્યાથી નીકળીને તિર્યંચમા આવે, ત્યાંથી ફરીને સાતમીમા જાય, ત્યાંથી પાછો તિર્યંચમા આવે, ત્યાથી ફરીને સાતમીમાં જાય, ત્યાંથી પાછો તિર્યંચમા ઉત્પન્ન થાય ત્યાંથી મરીને તેને સાતમી પૃથ્વીમાં જવાનો અસંભવ છે, તેથી સાત જ ભવો થાય છે સાતમી નરકમા એકાંતર ઉત્પન્ન થતા તિર્યંચને [1]સમગ્રકાળ છાસઠ સાગરોપમ અને ચાર કરોડ પૂર્વ જેટલો લાગે છે પરંતુ જો તિર્યંચ તેત્રીશ સાગરોપમ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નારકીઓમા પૂર્ણ આયુષે એકાતરે ઉત્પન્ન થાય, તો તે (તિર્યંચ) ઉત્કૃષ્ટપણે બે વાર નારકીમા જાય અને ત્રણવાર તિર્યંચમા ઉત્પન્ન થાય એમા પાંચ ભવ થાય છે, ત્યાર પછી ફરીથી તે સાતમી નરકે ઉત્પન્ન થતો નથી. જઘન્યથી એક ભવ નરકમાં અને બે ભવ તિર્યંચમાં એમ ત્રણ ભવ જ કરે છે મનુષ્યને સાતમી નરકમાં જઘન્યથી અને ઉત્કર્ષથી પણ બે જ ભવ થાય છે કેમકે સાતમી પૃથ્વીથી નીકળીને તે અવશ્ય મત્સ્યમા જ ઉત્પન્ન થાય છે. (મનુષ્ય થતો જ નથી) ૧૪

गेविज्जाण य चउगे, सग पणणुत्तरचउक्कि ति जहन्नं ।
पज्जनरो तिसवट्ठे, दुहा दुभव तमतमाइ पुणो ॥ १५ ॥

મૂલાર્થ—પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય ગ્રૈવેયકમા અને આનતાદિક ચાર દેવલોકમા એકાતર સાત ભવ કરે છે, પ્રથમના ચાર અનુત્તર વિમાનમાં પાંચ ભવ કરે છે બન્નેમાં જઘન્યથી ત્રણ ભવ કરે છે. સર્વાર્થ સિદ્ધિમા જઘન્ય અને ઉત્કૃષ્ટપણે ત્રણ ભવ જ કરે છે. તથા તમતમા પૃથ્વીને વિષે જઘન્ય અને ઉત્કૃષ્ટથી બે ભવ કરે છે ૧૫.

---

૧ સાતે ભવોમાં થઇને આટલો કાળ લાગે છે.

ટીકાર્થ—પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય નવ ગ્રૈવેયકમાં અને આનતાદિક ચાર દેવલોક (૯–૧૦–૧૧–૧૨) મા એકાંતર ગતિ કરે તો ઉત્કૃષ્ટથી સાત ભવ પૂર્ણ કરે છે, જેમ કોઈ મનુષ્ય આનતાદિકમાં ઉત્પન્ન થયો, ત્યાથી ચવીને મનુષ્ય થયો, ત્યાથી ફરીને આનતાદિકમાં ગયો. એ રીતે ત્રણવાર દેવલોકમા અને ચાર વાર મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. તથા ચાર અનુત્તર વિમાનમા એકાતર ગમન કરે તો ઉત્કૃષ્ટથી પાંચ ભવ કરે છે તેમા પહેલો, મધ્યનો અને છેલ્લો એમ ત્રણ ભવ મનુષ્યના અને વચ્ચે વચ્ચે બે ભવ વિજયાદિકના, એ પ્રમાણે પાચ ભવ જ કરે છે આ બન્નેમા (નવગ્રૈવેયક, ચાર કલ્પ ને ચાર અનુત્તરમા) જઘન્યથી ત્રણ ભવ કરે છે કેમકે આનતાદિક દેવો મનુષ્યમાથી જ થાય છે–એટલે મનુષ્ય જ આનતાદિકમાં જાય છે. અને ત્યાથી ચવીને પાછા મનુષ્યને વિષે જ ઉત્પન્ન થાય છે. તથા સર્વાર્થ સિદ્ધિને વિષે મનુષ્ય જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ ત્રણ જ ભવ કરે છે, કેમકે સર્વાર્થ સિદ્ધિમાથી આવેલો મનુષ્ય અવશ્ય સિદ્ધિમા જ જાય છે. તથા તમસ્તમા નામની સાતમી પૃથ્વીને વિષે જઘન્યથી અને ઉત્કર્ષથી પણ મનુષ્ય બે ભવને જ પૂર્ણ કરે છે ૧૫.

दुहजुगलि तिरिअमणुआ,दुभवा भवणवणजोइकप्पदुगे।
रयणप्पहभवणवणे,दुहदुभवअसन्निपजातिरिओ ॥ १६ ॥

મૂલાર્થ—જુગલિયા તિર્યંચ અને મનુષ્ય ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા બે કલ્પોને વિષે ઉત્કૃષ્ટથી તથા જઘન્યથી બે જ ભવને પૂરે છે (કરે છે) તથા પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચ રત્નપ્રભા, ભવનપતિ અને વ્યંતરને વિષે પણ જઘન્ય તથા ઉત્કૃષ્ટથી બે ભવ જ પૂરે (કરે) છે ૧૬.

ટીકાર્થ—યુગલિયા તિર્યંચો અને મનુષ્યો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એમ બન્ને પ્રકારે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા

પ્રથમના બે કલ્પને વિષે ઉત્પત્ન થયા સતા બે ભવને જ પૂરે છે, કેમકે ભવનપત્યાદિકથી ચવીને તેઓને પાછો યુગલિયાને વિષે ઉત્પત્તિનો સંભવ નથી. તથા રત્નપ્રભા નામની પહેલી નરકને વિષે અને ભવનપતિ તથા વ્યંતરને વિષે પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચ ઉત્પન્ન થાય તો તે પણ જઘન્ય અને ઉત્કર્ષથી બે ભવને જ પૂરે છે. કેમકે ત્યાંથી નીકળેલા અસંજ્ઞી તિર્યંચ થતા નથી. ૧૬.

पजसन्नितिरिनरेसु य, सहसारंता सुरा य छन्निरया।
अडभव सत्तमनिरया, तिरिए छभव चउ पुन्नाऊ॥ १७॥

મૂલાર્થ—સહસ્રાર (આઠમા) દેવલોક સુધીના દેવતાઓ અને પહેલી છ નરકના નારકીઓ પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યને વિષે ઉત્કૃષ્ટથી આઠ ભવ પૂરે છે, તથા સાતમી પૃથ્વીના નારકીઓ (જઘન્ય આયુષ્યવાળા) પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચને વિષે ઉત્કૃષ્ટથી છ ભવ કરે છે, પરંતુ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સાતમી પૃથ્વીના નારકીઓ ઉત્કૃષ્ટથી ચાર ભવ જ કરે છે ૧૭

ટીકાર્થ—પર્યાપ્ત અને સંજ્ઞી એવા વિશેષણવાળા તિર્યંચો અને મનુષ્યોને વિષે એકાતરે ઉત્પન્ન થતા સહસ્રાર દેવલોક સુધીના દેવતાઓ એટલે ભવનપતિ, વ્યન્તર, જયોતિષ્ક તથા પ્રથમના આઠ કલ્પ (સ્વર્ગ) ના દેવતાઓ તથા પહેલી છ પૃથ્વીના નારકીઓ ઉત્કૃષ્ટા આઠ ભવ પૂરે છે જેમ કોઈ ભવનપત્યાદિકમાંથી ચવીને એકાંતર ભવની ઉત્પત્તિવડે ચાર વાર પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય થાય છે. ત્યાર પછી એટલે આઠ ભવ કર્યા પછી તે ભુવનપત્યાદિકમા ઉત્પન્ન થતો નથી. એ પ્રમાણે બીજે સ્થાને (તિર્યંચને વિષે પણ) જાણવું. તથા (જઘન્ય આયુષ્યવાળા) સાતમી પૃથ્વીના નારકીઓ પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચને વિષે એકાંતર ઉત્પત્તિને આશ્રીને છ ભવ પૂરે છે.

કેમકે એકાંતરે પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચમાં ઉપજતા સાતમી પૃથ્વીના નારકીને ચોથીવાર સાતમી પૃથ્વીમા ઉપજવાનો અસંભવ છે, પૂર્ણ એટલે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સાતમી પૃથ્વીના નારકી પોતાના (નારકીના) ભવથી આરંભીને ચાર ભવ સુધીજ પર્યાપ્ત સંજ્ઞી તિર્યચમાં એકાંતરે ભ્રમણ કરે છે, તેથી અધિક ભવ કરે નહીં.

पजसन्निनरे छभवा, गेविज्जाण य चउकदेवा य ।
चउणुत्तरा चउभवा, दुजहन्न दुहावि दु सवट्ठा ॥ १८ ॥

મૂલાર્થ—ગ્રૈવેયક અને આનતાદિક ચાર દેવલોકના દેવો પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે છ ભવ કરે છે ચાર અનુત્તર વિમાનવાસી દેવો ચાર ભવ કરે છે આ સર્વે જઘન્યથી બે ભવ કરે છે, તથા સર્વાર્થસિદ્ધિના દેવ જઘન્ય અને ઉત્કર્ષથી બે ભવ જ કરે છે. ૧૮.

ટીકાર્થ—ગ્રૈવેયક અને આનતાદિક ચાર દેવલોકના દેવો પોતાના ભવથી માંડીને પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે એકાંતરે ઉત્કૃષ્ટા છ ભવ કરે છે તથા ચાર અનુત્તર વિમાનવાસી દેવો પોતાના ભવથી આરંભીને પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે એકાંતરે ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટા ચાર ભવ કરે છે અને જઘન્યથી સર્વે એટલે ગ્રૈવેયક, ચાર આનતાદિક અને ચાર અનુત્તરવાસી દેવો પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે બે ભવ જ કરે છે તથા સર્વાર્થસિદ્ધિના દેવતાઓ પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે ઉત્પત્તિને આશ્રીને જઘન્ય તથા ઉત્કૃષ્ટથી પણ બે ભવ જ કરે છે. ૧૮.

भूजलवणेसु दुभवा, दुहा वि भवणवणजोइसदुकप्पा ।
अमिअ[illegible]तरिनरे तह, मिह सन्निय [illegible]तिरि सन्निनरा॥१९॥

મૂલાર્થ—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા બે કલ્પના દેવો પૃથ્વી, જળ અને વનસ્પતિકાયને વિષે જઘન્ય તથા

ઉત્કર્ષથી બે ભવ જ કરે છે તથા સંજ્ઞી અને અસજ્ઞી તિર્યંચો અને સજ્ઞી મનુષ્યો યુગલિક તિર્યંચને વિષે અને યુગલિક મનુષ્યને વિષે માહોમાહે બે ભવ કરે છે. ૧૯

ટીકાર્થ—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઇશાન દેવલોકના દેવો પૃથ્વી, જળ અને વનસ્પતિકાયને વિષે ઉત્પન્ન થાય તો જઘન્યપણે તથા ઉત્કૃષ્ટપણે બે ભવ જ કરે છે. કેમકે પૃથિવ્યાદિકથી ઉધરીને (નીકળીને) તેઓની ભવનપત્યાદિકમાં ઉત્પત્તિનો અભાવ છે અગ્નિકાયિક અને વાયુકાયિકમાં તો દેવગતિની ઉત્પત્તિનો જ અસંભવ છે, એટલે તેમાં દેવો ઉપજતા જ નથી, તેથી તેનો ભવ સંવેધ અહીં કહ્યો નથી. તથા સજ્ઞી અને અસજ્ઞી તિર્યંચો તથા સંજ્ઞી મનુષ્યો યુગલિયા તિર્યંચોને વિષે તથા યુગલિયા મનુષ્યોને વિષે માહોમાંહે ઉત્પન્ન થાય તો બે ભવ કરે છે તે આ પ્રમાણે—સંજ્ઞી અને અસંજ્ઞી તિર્યંચ યુગલિયા મનુષ્યને વિષે તથા યુગલિયા તિર્યંચને વિષે તેમજ સજ્ઞી મનુષ્ય યુગલિઆ તિર્યંચને વિષે અને યુગલિયા મનુષ્યને વિષે ઉત્પત્તિને આશ્રીને બે ભવ જ કરે છે. કેમકે યુગલીયાનો ભવ કર્યા પછી તે અવશ્ય દેવપણે જ ઉત્પન્ન થાય છે ૧૯

**भूजलपवणग्गी मिह, वणा भुवाइसु वणेसु अ भुवाई ।
पूरंति असंखभवे, वणा वणेसु अ अणंतभवे ॥ २० ॥**

મૂલાર્થ—પૃથ્વીકાય, જળકાય, વાયુકાય અને અગ્નિકાય અન્યોન્યને વિષે અસંખ્યાતા ભવ પૂરે છે, વનસ્પતિકાય પૃથ્વ્યાદિક ચાર કાયને વિષે અસંખ્યાતા ભવ પૂરે છે, પૃથિવ્યાદિક ચાર કાય વનસ્પતિકાયને વિષે અસંખ્યાતા ભવ પૂરે છે, અને વનસ્પતિકાય વનસ્પતિકાયને વિષે અનંતા ભવ પૂરે છે. ૨૦.

ટીકાર્થ—પૃથ્વીકાય, જળકાય, વાયુકાય અને અગ્નિકાય પરસ્પર એકાંતર ભવ ગ્રહણ કરવાના પ્રકારવડે અસંખ્યાતા ભવ પૂરે છે જેમ કોઈ પૃથ્વીકાયિક જીવ અપ્કાય, વાયુકાય અને અગ્નિકાયમાંના કોઇ એકને વિષે ઉત્પન્ન થાય, ત્યાથી પાછો પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય, ત્યાથી પાછો ફરીને અપ્કાયાદિક ત્રણમાંથી કોઇ એકને વિષે ઉત્પન્ન થાય. એ પ્રમાણે પૃથ્વીકાય જીવ એકાતરે અપ્કાયિકાદિક ત્રણમાથી કોઇ એકને વિષે ઉત્પન્ન થાય તો ઉત્કર્ષથી અસંખ્યાતા ભવ સુધી ભ્રમણ કરે છે એ જ પ્રમાણે અપ્કાય, વાયુકાય અને અગ્નિકાયના જીવો પૃથ્વીકાયાદિક ત્રણ કાયામાના કોઈ એકને વિષે ઉત્પન્ન થાય તો દરેક ઉત્કૃષ્ટપણે અસંખ્યાતા ભવ પૂરે છે તથા વનસ્પતિકાયિક જીવો પૃથિવ્યાદિક ચાર કાયિકમાના દરેકને વિષે એકાતર ભવની ઉત્પત્તિએ કરીને ઉત્કર્ષથી અસંખ્યાતા ભવ પૂરે છે તથા પૃથ્વી કાયાદિક ચારે કાયાના દરેક જીવો વનસ્પતિકાયને વિષે એકાતરે ઉત્પન્ન થાય તો ઉત્કર્ષથી અસંખ્યાતા ભવ પૂરે છે. તથા વનસ્પતિકાયના જીવો વનસ્પતિકાયને વિષે જ ફરી ફરીને ઉત્પન્ન થાય તો ઉત્કર્ષથી અનતાભવ કરે છે. ૨૦.

पणपुढवाइसु विगला, विगलेसु भुवाइ विगल संखभवे।
गुरुअ ति भंगे पुण, भवट्ठ सव्वत्थ दुजहन्ना ॥ २१ ॥

મૂલાર્થ—વિકલેંદ્રિયો પૃથિવ્યાદિક પાંચમાંના દરેકને વિષે સંખ્યાતા ભવ કરે છે, તથા પૃથિવ્યાદિક પાંચે અને વિકલેંદ્રિયો વિકલેન્દ્રિયોને વિષે સંખ્યાતા ભવ કરે છે. તથા પૂર્વે કહેલા ચાર ભાગામાંના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ત્રણ ભાંગામાં આ સર્વે પૃથિવીકાયિકાદિક (ઉત્કૃષ્ટપણે) આઠ ભવ કરે છે. તે સર્વેને જઘન્યથી બે ભવ જાણવા. ૨૧.

ટીકાર્થ—વિકલેંદ્રિયો એટલે દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય એ દરેક જીવ પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને વનસ્પતિકાય એ પાંચેમાના કોઇ એકને વિષે એકાતરે ઉત્પન્ન થાય તો (ઉત્કર્ષથી) સંખ્યાતા ભવ કરે છે. જેમકે કોઇ દ્વીંદ્રિય જીવ પૃથ્વીકાયમાં ઉપજ્યો, ત્યાથી પાછો દ્વીંદ્રિય થયો, ત્યાથી ફરીને પૃથ્વીકાયમાં ઉપજ્યો. એ પ્રમાણે સંખ્યાતા ભવ કરે છે, એ જ પ્રમાણે અપ્કાયાદિકને વિષે પણ સંખ્યાતા ભવ જાણવા તથા દ્વીંદ્રિયની જેમ જ ત્રીંદ્રિય અને ચતુરદ્રિયને માટે પણ જાણવુ. તથા પૃથ્વીકાયાદિક પાચ અને દ્વીદ્રિયાદિક વિકલેદ્રિયો જો દ્વીંદ્રિયાદિક વિકલેંદ્રિયને વિષે એકાતર ઉત્પન્ન થાય તો (ઉત્કર્ષથી) સંખ્યાતા ભવ પૂરે છે તથા વિકલેદ્રિયોને વિષે ઉત્પન્ન થતા પૃથ્વીકાયાદિકની ભાવના પૂર્વની જેમ જાણવી અને વિકલેદ્રિય માટે આ પ્રમાણે જાણવું કે–કોઈ દ્વીંદ્રિય જીવ ત્રીંદ્રિયને વિષે ઉત્પન્ન થયો, ત્યાથી દ્વીંદ્રિયને વિષે ઉપજ્યો, ત્યાથી ફરીને ત્રીંદ્રિયને વિષે ગયો એ પ્રમાણે એકાતર ભવે સંખ્યાતા ભવ કરે છે એ પ્રમાણે ચતુરિદ્રિયને વિષે ઉત્પન્ન થતા દ્વીંદ્રિયના પણ સખ્યાતા ભવ જાણવા. અને એ જ પ્રમાણે એટલે દ્વીંદ્રિયને માટે કહેલી યુક્તિ પ્રમાણે જ દ્વીંદ્રિય અને ચતુરિદ્રિયને વિષે ઉત્પન્ન થતા ત્રીંદ્રિયના તથા દ્વીંદ્રિય અને ત્રીંદ્રિયને વિષે ઉત્પન્ન થતા ચતુરિદ્રિયના સખ્યાતા ભવ જાણવા. તથા પૂર્વે કહેલા ચાર ભાગામાંના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પહેલા ત્રણ ભાગામા એટલે એ ત્રણ ભાગાની અપેક્ષાએ યથાસંભવ ઉત્પન્ન થતા આ દોઢ ગાથામાં કહેલા પૃથ્વીકાયાદિક સર્વ જીવો ઉત્કૃષ્ટથી આઠ ભવ કરે છે. જેમકે કોઇ ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાયિક જીવ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયિકને વિષે ઉત્પન્ન થાય, ત્યાથી પાછો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પૃથ્વીમાં ઉત્પન્ન થાય, અને ત્યાથી ફરીને ઉત્કૃષ્ટ આ

યુષ્યવાળા અપૂકાયમાં થાય, એ રીતે એકાંતર ભવ કરતા ચાર જ વાર ઉત્પન્ન થાય છે. એટલે બે મળીને આઠ ભવ કરે છે. તથા ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાયિક જઘન્ય આયુષ્યવાળા અપૂકાયને વિષે પણ એ જ પ્રમાણે ચારવાર ઉત્પન્ન થાય છે, તથા જઘન્ય આયુષ્યવાળો પૃથ્વીકાયિક ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપૂકાયને વિષે એ જ પ્રમાણે આઠ ભવનો પૂરક થાય છે. એ જ પ્રમાણે સર્વે અપૂકાયાદિને માટે જાણવું. આ દોઢ ગાથામાં કહેલા સર્વે પૃથ્વીકાયાદિક જીવો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ત્રણ ભાંગે જઘન્યથી બે ભવ કરે છે. ૨૧.

मिह सन्निपरतिरिनरा, विगलभुवाइसु अ नरातिरिसु एए।
अट्ठभवा चउभंगे, दुह पवणग्गिसु नरा दुभवा ॥ २२ ॥

મૂલાર્થ—ચારે ભાંગે સંજ્ઞી, અસંજ્ઞી, તિર્યંચ અને મનુષ્યો માંહોમાંહે આઠ ભવ કરે છે. તથા તેઓ વિકલેંદ્રિય અને પૃથિવ્યાદિકને વિષે પણ આઠ ભવ કરે છે. તથા વિકલેંદ્રિય અને પૃથિવ્યાદિકના જીવો સંજ્ઞી, અસંજ્ઞી, નર અને તિર્યંચને વિષે પણ આઠ ભવ કરે છે. તથા મનુષ્યો વાયુકાય અને અગ્નિકાયને વિષે જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી બે ભવ જ કરે છે. ૨૨.

ટીકાર્થ—યુગલિયાને વર્જિને સંજ્ઞી, અસંજ્ઞી, તિર્યંચો તથા મનુષ્યો ચારે ભાંગે (ચારે ભાંગાની અપેક્ષાએ) માંહોમાંહે એકાંતરે ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા તેઓ જ (સંજ્ઞી, અસંજ્ઞી, તીર્યંચ અને મનુષ્યો) વિકલેંદ્રિયને વિષે તથા પૃથ્વીકાયાદિકને વિષે પણ એકાંતર ઉત્પન્ન થાય તો ચારે ભાંગે ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા વિકલેંદ્રિય અને પૃથિવ્યાદિક સંજ્ઞી, અસંજ્ઞી, નર, તિર્યંચને વિષે એકાંતરે ઉત્પન્ન થાય તો ચારે ભાંગે

ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા મનુષ્યો વાયુકાય અને અગ્નિકાયને વિષે જઘન્યથી તથા ઉત્કર્ષથી બે ભવ જ કરે છે, કેમકે વાયુકાય અને અગ્નિકાયથી ઉધરેલો જીવ મનુષ્ય થતો જ નથી. ૨૨.

परतब्भवाउ माणा, इह पहु संवेहओऽणुबंधठिई ।
कित्तिउ विन्नविउमलं, चउभंगिजहन्नुक्कोस कमा॥ २३ ॥

મૂલાર્થ—હે પ્રભુ! પરભવ અને તે ભવના આયુષ્યના કાળમાનને આશ્રીને અહીં સંસારમાં સંવેધની અનુબંધ સ્થિતિ છે. તે સર્વને જઘન્ય તથા ઉત્કૃષ્ટના ક્રમથી ચારે ભાંગે વિજ્ઞાપના કરવાને (બતાવવાને) હું કેટલો શક્તિમાન થાઉં? ૨૩.

ટીકાર્થ—હે પ્રભુ! પરભવ એટલે વિવક્ષિત (કહેવાને ઇચ્છેલા) ભવનો પરાવર્ત ભવ, અને તે ભવ એટલે વિવક્ષિત ભવ, એ બન્નેના આયુષ્યના પ્રમાણ સંબંધી કાળને આશ્રીને આ સંસારમાં સંવેધથી અનુબંધની સ્થિતિ છે. તેમા સંવેધ એટલે વિવક્ષિત ભવથી બીજા વિવક્ષિત ભવમાં વારંવાર પરાવર્તે કરીને સંભવ પ્રમાણે ઉત્પન્ન થવું તે, અનુબંધ એટલે વિવક્ષિત પર્યાયવડે વ્યવચ્છેદ વિના (નિરંતરપણે) ઉત્પન્ન થવું તે. સંવેધથી જે અનુબંધ અને તે અનુબંધની સ્થિતિ તે આ પ્રમાણે—જેમ કરોડ પૂર્વના આયુષ્યવાળો કોઈ મનુષ્ય રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારકી થાય, તો તેની અનુબંધ સ્થિતિ ઉત્કર્ષથી ચાર સાગરોપમ અને ચાર કરોડ પૂર્વની હોય છે, અને જઘન્યથી એક કરોડ પૂર્વ અને દશ હજાર વર્ષની હોય છે. ૨૩.

इय कायठिई भमिओ, सामि तुह दंसणं विणा बहुसो ।
दिट्ठोसि संपयं ता, अकायपयसंपयं देसु ॥ २४ ॥

મૂલાર્થ—હે સ્વામી ! તમારા દર્શન વિના હું ઘણી વાર આ કાયસ્થિતિને વિષે ભમ્યો છું. હવે મને આપનું દર્શન થયું છે, તેથી અકાય સ્થાનની સંપદા મને આપો. ૨૪.

ટીકાર્થ—હે સ્વામી! આ પ્રમાણે એટલે પૂર્વોક્ત યુક્તિવડે હું તમારા દર્શન વિના ઘણીવાર કાયસ્થિતિમાં ભમ્યો છું. હમણાં મને તમારૂં દર્શન થયું છે, તેથી કાયરહિત એટલે સિદ્ધોના પદ (મુક્તિ)ની સંપદા મને આપો.

॥ इति श्री कुलमंडनसूरिविरचिता कायस्थितिः ॥

अर्हम्

श्री सर्वज्ञायनमः

श्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः

श्रीविचार सप्ततिका (सित्तरी) ग्रंथ

(મૂળ તથા ભાષાંતર સાથે.)

વિશ્વની સ્થિતિનો વિચાર કરનાર શ્રી સર્વજ્ઞ જિનેશ્વરને નમસ્કાર કરીને હું આ વિચાર સપ્તતિકા (સીત્તરી) નામના ગ્રંથનો કાંઈક સંક્ષેપથી અર્થ કહું છું.

આ સર્વજ્ઞ પ્રણીત પ્રવચન (આગમ) ને વિષે અનેક વિચારો રહેલા છે, પરંતુ અહીં (આ ગ્રંથમાં) અંચળ ગચ્છના શ્રૃંગારના હારરૂપ શ્રી મહેન્દ્રસિંહ નામના સૂરીશ્વરે બાર વિચારોનો સંગ્રહ કર્યો છે. તે બારેના નામ માટે પ્રમથ દ્વાર-ગાથા કહે છે.-

पडिमा मिच्छा कोडी चेई अ पासाय रविकरप्पसरो ।
पज्जत्ति किन्ह वलया नंदी गिहिकिरिअ गुणट्ठाणा ॥ १ ॥

અર્થ—પ્રતિમા એટલે શાશ્વતી પ્રતિમાઓની સંખ્યાનો વિચાર ૧, મિચ્છા-ઈર્યાપથિકીના મિથ્યા દુષ્કૃતનો વિચાર ૨, કોટી-કોટીશિલાના સ્વરૂપનો વિચાર ૩, ચૈત્ય-શાશ્વતા સિદ્ધાયત-

નોની સંખ્યાનો વિચાર ૪, પ્રાસાદ–દેવોના વિમાનોના આકારનો વિચાર ૫, છ દિશાઓમાં સૂર્યના કિરણો પ્રસરે છે, તેનો વિચાર ૬, પર્યાપ્તિ–ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરને આશ્રીને છ પર્યાપ્તિનો વિચાર ૭, કૃષ્ણ–પાંચમા સ્વર્ગમાં રહેલી કૃષ્ણરાજીનો વિચાર ૮, વલય–વલયાકારે રહેલા માનુષોત્તર, કુંડલ અને રૂચક નામના ત્રણ પર્વતનો વિચાર ૯, નંદી–નંદીશ્વર નામના આઠમા દ્વીપનો વિચાર ૧૦, ગૃહિક્રિયા–શ્રાવકોની ધર્મક્રિયાની વક્તવ્યતા સંબંધી વિચાર ૧૧, તથા ગુણસ્થાન–ચૌદે ગુણસ્થાનકોનો વિચાર. આ બાર દ્વારો વડે વિચાર સપ્તતિકા નામનો આ ગ્રંથ કર્યો છે. ૧.

તેમાં પહેલું પ્રતિમા દ્વાર કહે છે.—

उसभाईजिणपडिमं इक्कं पि न्हवंतपूअयंतेहिं ।
चिंतेअव्वं एयं भव्वेहिं विवेगमंतेहिं ॥ २ ॥

અર્થ—વિવેકી ભવ્ય જીવોએ ઋષભાદિક અનેક જિનેશ્વરોની પ્રતિમામાંથી કોઈ પણ એક જિન પ્રતિમાનું સ્નાત્ર કરતાં તથા પૂજન કરતાં આ પ્રમાણે વિચાર કરવો. ૨.

જે વિચાર કરવાનો છે, તે પાંચ ગાથા વડે કહે છે—

भवणवई भवणेसुं कप्पाइविमाण तह महीवलए ।
सासयपडिमा पनरस कोडिसय बिचत्त कोडीओ ॥ ३ ॥
पणपन्नलक्ख पणवीस सहसा पंच य सयाइं चालीसा ।
तह वणजोइसुरेसुं सासयपडिमा पुण असंखा ॥ ४ ॥
॥ युग्मम् ॥

અર્થ—ભવનપતિના ભવનોને વિષે, કલ્પાદિક વિમાનોને વિષે તથા મહીવલય એટલે તિરછા લોકને વિષે શાશ્વતી પ્રતિમાઓ પંનરસો કોડ (પંદર અબજ), બેતાલીશ કરોડ, પંચાવન લાખ,

પચીશ હજાર, પાંચસોને ચાલીશ છે. તથા વ્યંતર અને જ્યોતિષિના ભવાનોને વિષે અસંખ્ય શાશ્વતી પ્રતિમાઓ છે. કારણ કે તેમના નિવાસ સ્થાનો જ અસંખ્યાતા છે. આ વિષે બીજા ગ્રંથમાં વ્યંતર અને જ્યોતિષ્ક સિવાયના બીજા સર્વ સ્થળોની શાશ્વતી પ્રતિમાઓ–"પંદરસો કરોડ (પંદર અબજ), બેતાલીશ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર ને એંશી તીર્થંકરના બિંબોને હું પ્રણામ કરૂં છું." એ પ્રમાણે સંખ્યા જોવામાં આવે છે. તો તે ગ્રંથના અભિપ્રાયે તેટલી સંખ્યા જાણવી, અને આ ગ્રંથને અભિપ્રાયે આ-ટલી–અહીં કહી તેટલી સંખ્યા જાણવી.૩–૪.

હવે અશાશ્વતી પ્રતિમાઓ કહે છે.—

तह चेव जंबूदीवे धायइसंडे य पुक्खरद्धे अ ।
भरहेरवयविदेहे गामागरनगरमाईसुं ॥ ५ ॥

અર્થ—તથા જંબૂદ્વીપને વિષે, ધાતકી ખંડને વિષે, પુષ્કરાર્ધને વિષે, ભરત, ઐરવત અને વિદેહ ક્ષેત્રને વિષે તથા ગ્રામ, આકર (ખાણો) અને નગરાદિકને વિષે ૫

એ સર્વમાં શું છે ? તે કહે છે.—

सुरमणुएहिं कयाओ चेइअं गिहचेइसुं जा पडिमा।
उक्कोस पंचधणुसय जाव य अंगुट्ठपव्वसमा ॥ ६ ॥

અર્થ—એ પૂર્વે કહેલા સ્થાનોને વિષે કેટલીક દેવતાઓની કરેલી એટલે વિદ્યુન્માલી દેવતાએ શ્રી મહાવીર જીવિત સ્વામી[1] ની પ્રતિમા કરી હતી તેની જેમ અનેક દેવતાઓની કરેલી અને કેટલીક ભરતચક્રી વિગેરે મનુષ્યોએ (રાજાઓએ) કરાવેલી અ-

૧ જે ભગવંતની હયાતિમા તેમની પ્રતિમા ભરાવવામાં આવે તે જીવિત સ્વામીની પ્રતિમા કહેવાય છે.

ષ્ટાપદ પર્વતપર રહેલી ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓની જેમ તથા કેટલીક ચૈત્યોને વિષે એટલે શ્રાવકોએ કરાવેલા દેહરાઓને વિષે રહેલી અને કેટલીક ગૃહચૈત્યો એટલે ઘર દેરાસરોને વિષે રહેલી એમ જે જે જિન પ્રતિમાઓ છે, તેઓના દેહનું પ્રમાણ ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષનું અને જઘન્યથી અંગુષ્ઠના પર્વ જેટલું હોય છે. ૬.

તે (અશાશ્વતી પ્રતિમાઓ) કેટલી છે ? તે કહે છે.—

बहुकोडिकोडिलक्खा ता उ चिय भावओ अहं सव्वा ।
समगं चिय पणमामि न्हवेमि पूएमि झाएमि ॥ ७ ॥

અર્થ— તે અશાશ્વતી પ્રતિમાઓ ઘણા લાખ કોટી કોટી છે. તે તથા પૂર્વે કહેલી શાશ્વતી પ્રતિમાઓ, તે સર્વને હું ભાવથી સમકાળેજ મસ્તકવડે પ્રણામ કરૂં છું, સુગંધી જળ વડે સ્નાન કરાવું છું, ચંદન અને પુષ્પાદિકથી પૂજા કરૂં છું, તથા મન વડે ધ્યાન કરૂં છું, એ પ્રમાણે ચિંતવવું. ૭

(इति प्रथमप्रतिमाद्वारं) १.

હવે ઇર્યાપથિકી મિથ્યા દુષ્કૃત નામનું બીજું દ્વાર કહે છે.–

चउदसपय अडचत्ता तिगहिअतिसई सयं च अडनउअं ।
चउगइ दसगुण मिच्छा पण सहसा छ सय तीसा य ॥८।

અર્થ—નરકને વિષે જીવના ચૌદ પદ (ભેદો), તિર્યંચને વિષે અડતાળીશ, મનુષ્યોને વિષે ત્રણસોને ત્રણ તથા દેવતાઓને વિષે એકસો અઠ્ઠાણું, એ પ્રમાણે ચારે ગતિમાં ઉત્પન્ન થતા જીવોના કુલ પાંચસોને ત્રેસઠ (૫૬૩) ભેદો છે તેમને ઇર્યાપથિકી દંડકની સાતમી સંપદામાં રહેલા અભિહતા વિગેરે દશ પદો વડે ગુણવાથી પાંચ હજાર છસોને ત્રીસ (૫૬૩૦) મિથ્યા દુષ્કૃતો સંક્ષેપથી કહેલાં છે.

એ પ્રમાણેના ભેદો શી રીતે થાય છે? તે વિસ્તારથી કહે છે.

नेरइआ सत्तविहा पज्जत्तणेण चउदसहा ।
अडचत्ताईसंखा तिरिनरदेवाण पुण एवं ॥ ९ ॥

અર્થ—રત્નપ્રભા પૃથ્વી આદિ સાત ભેદે કરીને નારકીઓ સાત પ્રકારના છે. તેઓ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદવાળા હોવાથી ચૌદ પ્રકારના થાય છે તથા તિર્યંચ, નર અને દેવોના અડતાળીશ વિગેર ભેદોની જે સંખ્યા કહી છે તે આ પ્રમાણે (વક્ષ્યમાણ) પ્રકારે થાય છે. ૯.

તેજ કહે છે.—

भूदग्गिवाउअणंता वीसं सेसतरु विगल अट्ठेव ।
गब्भेयर पज्जेयर जलथलनहउरभुआ वीसं ॥ १० ॥

અર્થ—પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને અનંતકાય (સાધારણ) વનસ્પતિ એ પાંચ (સ્થાવરના) મૂળ ભેદ છે. તેઓ સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકારના હોવાથી તેમના દશ ભેદ થાય છે. તે દશે પ્રર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદવાળા હોવાથી વીશ પ્રકાર થયા. હવે શેષ વનસ્પતિ એટલે પ્રત્યેક વનસ્પતિ અને દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિયરૂપ વિકલેંદ્રિય, એમ ચાર પ્રકાર થયા, તે ચારે પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદે કરીને આઠ પ્રકારના થયા. હવે ગર્ભજ ને ઇતર—સંમૂર્છિમ, અને પર્યાપ્ત ને ઇતર—અપર્યાપ્ત ભેદે કરીને ચાર પ્રકારના પાંચ જાતિના તિર્યંચ પંચેંદ્રિયો છે. તે પાંચ જાતિ આ પ્રમાણે—જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ. આ પાંચેને ઉપરના ચાર ભેદ વડે ગુણવાથી વીશ ભેદ થયા. એમ પૂર્વે કહેલા વીશ એકેંદ્રિયો, પ્રત્યેક વનસ્પતિ અને વિકલેંદ્રિય મળીને, આઠ તથા વીશ પંચેંદ્રિયો એ સર્વે મળીને તિર્યંચના અડતાળીશ ભેદ થયા. ૧૦.

હવે મનુષ્યના ભેદો કહે છેઃ—

पनरस तीस छपन्ना कम्माकम्मा तहंतरदीवा ।
गब्भा पज्ज अपज्जा समुच्छ अपज्जा तिसय तिन्नि॥११॥

અર્થ—પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહમાં ઉત્પન્ન થનારા એટલે કુલ પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થનારા મનુષ્યો તથા ભરત અને ઐરવતની વચ્ચે રહેલા પાંચ હૈમવંત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક, પાંચ હૈરણ્યવંત, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ. એ ત્રીસ અકર્મભૂમિમાં ઉત્પન્ન થનારા યુગલિયાં, તથા ક્ષુદ્ર હિમવંતને શિખરી પર્વતના પર્યંતમાંથી અને પશ્ચિમ તરફ હાથીના દાંતને આકારે બબે દાઢાઓ નીકળીને લવણ સમુદ્રમાં ગયેલી છે. તે દાઢાઓ કુલ આઠ થઇ તે દરેક દાઢાઓ ઉપર સાત સાત દ્વીપો છે. એ પ્રકારે કુલ છપ્પન અંતરદ્વીપોને વિષે યુગલિયાં થાય છે. તે પદર, ત્રીશ અને છપન મળી એકસોને એક ક્ષેત્રમાં જે ગર્ભજ મનુષ્યો થાય છે તેઓના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ હોવાથી તેના બસેંને બે પ્રકાર થયા, અને પૂર્વે કહેલા એકસોને એક ક્ષેત્રોને વિષે સંમૂર્છિમ મનુષ્યો ઉપજે છે, તેઓ કેવળ અપર્યાપ્ત જ હોય છે કેમકે તેમને પર્યાપ્તપણે ઉપજવાનો અભાવ છે. (તેઓ પર્યાપ્તિ પૂરી કર્યા અગાઉ જ મરણ પામે છે, તેથી તે એકસો એક ભેળવતાં સર્વ મળીને મનુષ્યના ત્રણસોને ત્રણ ભેદો થાય છે.) ૧૧.

હવે દેવતાઓના ભેદો કહે છે.—

भवणा परमा जंभय वणयर दस पनर दस य सोलसगं ।
गइ ठिर जोइस दसगं किब्बिस तिग नव य लोगंता॥१२॥

અર્થ—દશ ભુવનપતિ, પંદર પરમાધાર્મિક; દશ જૃંભક,

અને સોળ વ્યંતર, તથા ગતિ સ્થિતિ અથવા ચર અને સ્થિર ભેદવાળા પાંચ પાંચ જ્યોતિષ્ક એટલે કુલ દશ, ત્રણુ કિલ્બિષિક અને નવ લોકાંતિક. ૧૨.

વિવેચન—અસુરકુમાર વિગેરે દશ પ્રકારના ભવનપતિઓ પ્રસિદ્ધ છે. અસુરનિકાયની જાતિવાળા પંદર પરમાધાર્મિક છે, તે આ પ્રમાણે–અંબ ૧, અંબરીસ ૨, સાસય ૩, સબલ ૪, રૂદ્ર ૫, અવરૂદ્ર ૬, કાળ ૭, મહાકાળ ૮, અસિપત્ર ૯, ધનુષ ૧૦, કુંભ ૧૧, વાલુ ૧૨, વેતરણી ૧૩, ખરશર ૧૪, અને મહાઘોષ ૧૫. એ પંદર પરમાધાર્મિકો છે એ પંદરે અન્વર્થ* સંજ્ઞા (નામ) છે, તે વિષે સમવાયાંગની વૃત્તિ વિગેરેથી જાણી લેવું. તથા દશ પ્રકારના જૃંભક કહ્યા, તે આ પ્રમાણે છે.–અન્ન જૃંભક ૧, પાન જૃંભક ૨, આલય જૃંભક ૩, વસ્તુ જૃંભક ૪, શયન જૃંભક ૫, પુષ્પ જૃંભક ૬, ફળ જૃંભક ૭, વિદ્યા જૃંભક ૮, પુષ્પફળ જૃંભક ૯, અને અવ્યકત જૃંભક ૧૦. આ દશે વ્યંતરની જાતિવાળા છે, અને તેઓ દીર્ઘ વૈતાઢચ ઉપર વસે છે. તથા વ્યંતરો સોળ પ્રકારના છે તે આ પ્રમાણે–રત્નપ્રભા પૃથ્વીના ઉપરના હજાર યોજનમાં ઉપરના સો યોજનની અંદર વસનારા આઠ જાતિના વ્યંતરો છે તે આ પ્રમાણે–પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરૂષ, મહોરગ, અને ગંધર્વ. બીજા આઠ પ્રકારના વ્યંતરો જે વાણવ્યંતર કહેવાય છે તે રત્નપ્રભા પૃથ્વીના ઉપરના સો યોજનમાં ઉપરના દશ યોજનની અંદર વસે છે. તે આ પ્રમાણે–અણપન્ની, પણપન્ની, ઇસીવાદી, ભૂતવાદી, કંદી, મહાકંદી, કોહડ અને પતગ. એ બન્ને મળીને સોળ પ્રકારના વ્યંતરો છે. તથા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ

* અર્થ નિષ્પન્ન નામો છે. એટલે નરકમા તે તે કાર્યના કરનારા હોવાથી નામ પડેલા છે.

જાતિના જ્યોતિષ્કો ચર અને સ્થિર ભેદે કરીને દશ પ્રકારના થાય છે. તથા સૌધર્મ અને ઇશાન દેવલોકની નીચે ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા ૧, સનત્કુમાર દેવલોકની નીચે ત્રણ સાગરોપમના આયુષ્યવાળા ૨, અને લાંતક દેવલોકની નીચે તેર સાગરોપમના આયુષ્યવાળા ૩, એમ ત્રણ પ્રકારના કિલ્બિષિમાં દેવતાઓ છે. તથા નવ પ્રકારના લોકાંતિક દેવો કહ્યા છે તે આ પ્રમાણે—સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય અને રિષ્ટ.૧૨

कप्पा गेविज्जणुत्तर बारस नव पण पजत्तमपजत्ता ।
अडनउ अ सयं अभिहयवत्तियमाईहिं दसगुणिआ॥१३॥

અર્થ—બાર કલ્પ (દેવલોક), નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન એ ત્રણે મળીને છવીશ પ્રકારના દેવતાઓ, તથા પૂર્વ ગાથામાં કહેલા દશ, પંદર, દશ, સોળ, દશ, ત્રણ અને નવ એમ સર્વે મળીને નવાણુ ભેદ દેવતાઓના થાય છે બીજા ગ્રંથમાં-"ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પાર્ષદ,[1] અંગરક્ષક, લોકપાલ, અનીક,[2] અનીકના અધિપતિ, આભિયોગિક, અને કિલ્બિષ એમ દશ પ્રકારના ભુવનપતિને વૈમાનિક દેવતાઓ છે." ઇત્યાદિ દેવના ભેદો અનેક પ્રકારે બતાવ્યા છે પરંતુ આ ગ્રંથકારે અહીં નવાણું ભેદની જ વિવક્ષા કરી છે તે સર્વેના પર્યાપ્ત અને અપર્યાપ્ત બે ભેદે કરીને એકસો અઠાણું ભેદ થાય છે તેમા પૂર્વે કહેલા ત્રણ ગતિવાળાના ભેદો મેળવવાથી પાંચસોને ત્રેસઠ પ્રકાર થાય છે. તે સર્વને અભિહતા આદિ દશ પદ વડે ગુણવાથી જે સંખ્યા થાય છે તે નીચેની ગાથામાં કહે છે. ૧૩

---

૧ અભ્યંતર, મધ્ય ને બાહ્ય એ ત્રણ પર્ષદાના દેવો. ૨ સાત પ્રકારના સૈન્યના દેવો.

अभिहयपयाइ दह गुण पण सहसा छ सय तीसई भेआ।
ते रागदोसदुगुणा इक्कारस सहस दोसया सट्ठी ॥ १४॥

અર્થ—ઉપર કહેલા પાંચસો તેસઠ ભેદોને અભિહતા વિગેરે દશ પદ વડે ગુણવાથી પાંચ હજાર છસોને ત્રીશ ભેદ થાય છે. તેને રાગ અને દ્વેષ એમ બે પ્રકારે ગુણવાથી અગિયાર હજાર બસોને સાઠ ભેદ થાય છે ૧૪

मणवयकाए गुणिआ तित्तीस सहस्स सत्त सय साया।
करकारणानुमइए लक्खं सहसो ति सय चाला॥ १५ ॥

અર્થ—તે (૧૧૨૬૦) ને મન, વચન અને કાયા વડે ગુણવાથી તેત્રીશ હજાર સાતસોને એંશી ૩૩૭૮૦ ભેદ થાય છે. તેને પણ કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણ વડે ગુણવાથી એક લાખ, એક હજાર ત્રણસોને ચાળીશ ૧૦૧૩૪૦ ભેદ થાય છે. ૧૫

कालतिगेणं गुणिआ ति लक्ख चउसहस्सवीसमहिआ य।
अरिहंतसिद्धसाहुदेवयगुरुअप्पसक्खीहिं ॥ १६ ॥
अट्ठारसलक्खाइं चउवीस सहस्स एगवीसहिआ ।
इरिआमिच्छादुक्कडपमाणमेअं सुए भणियं ॥ १७ ॥

અર્થ—તે (૧૦૧૩૪૦) ને ત્રણ કાળ વડે એટલે અતીતકાળ સબંધી પાપને નિંદું છું, અનાગત (ભવિષ્ય) કાળ સંબંધી પ્રત્યાખ્યાન કરૂં છું, અને વર્તમાનકાળ આશ્રી સંવરૂં છું એમ અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણ કાળ વડે ગુણવાથી ત્રણ લાખ, ચાર હજાર ને વીશ (૩૦૪૦૨૦) ભેદ થાય છે. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, સમ્યગ્દૃષ્ટિ ઇંદ્રાદિક દેવો, ગુરૂ અને આત્માની સાક્ષીરૂપ

છએ ગુણવાથી અઢાર લાખ, ચોવીશ હજાર, એકસો ને વીશ (૧૮૨૪૧૨૦) ભેદ થાય છે. આ પ્રમાણે ઇર્યાપથિકી મિથ્યા દુષ્કૃતનું પ્રમાણ શ્રુતમાં કહેલુ છે. કોઈ ઠેકાણે આભોગ અને અનાભોગ રૂપ બેએ ગુણીને છત્રીશ લાખ, અડતાલીશ હજાર, બસેં ને ચાળીશ ૩૬૪૮૨૪૦ કહે છે. ૧૬-૧૭.

(इति मिथ्यादुष्कृतद्वारम् ।२।).

હવે કોટી શિલા નામનું ત્રીજું દ્વાર કહે છે.—

जोयणपिहुलायामा दसन्नपव्वयसमीव कोडिसिला ।
जिणछक्क तित्थसिद्धा तत्थ अणेगाउ मुणिकोडी ॥१८॥

અર્થ—ઉત્સેધ અંગુલના માપથી એક યોજન પહોળી, એક યોજન લાંબી અને એક યોજન ઉચી (જાડી) કોટિશિલા નામની ગોળ શિલા ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં મગધ દેશને વિષે દશાર્ણ પર્વતની સમીપે છે. તે કોટિશિલા ઉપર શ્રી શાંતિનાથ જિનેશ્વરથી આરંભીને છ તીર્થંકરોના તીર્થના કરોડો મુનિઓ સિદ્ધ થયા છે. ૧૮

શી રીતે સિદ્ધ થયા? તે કહે છે.—

पढमं संतिगणहर चक्काउह णेगसाहुपरियरिओ ।
बत्तीसजुगेहिं तओ सिद्धा संखिज्जमुणिकोडी ॥ १९ ॥

અર્થ—તે કોટિશિલાપર પ્રથમ શ્રીશાંતિનાથ જિનેશ્વરના પ્રથમ ગણધર શ્રી ચક્રાયુધ અનેક સાધુ સહિત સિદ્ધિ પદને પામ્યા છે. ત્યાર પછી બત્રીશ યુગવડે કરીને એટલે તેમની પટ્ટ પરંપરામાં બત્રીશ પાટ સુધી સંખ્યાતા કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. ૧૯

संखिज्जा मुणिकोडी अडवीसजुगेहिं कुंथुनाहस्स ।
अरजिण चउवीसजुगा बारसकोडीओ सिद्धाओ॥२०॥

અર્થ—તથા શ્રી કુંથુનાથ સ્વામીના તીર્થમાં અઠાવીશ યુગ (પાટ) સુધીમાં સંખ્યાતા કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તથા શ્રી અરનાથ જિનેશ્વરના તીર્થમાં ચોવીશ યુગ (પાટ) સુધી બાર કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. ૨૦

मल्लिस्स वीसजुगा छ कोडि मुणिसुव्वयस्स कोडितिगं।
नमितित्थे इगकोडी सिद्धा तेणेव कोडिसिला ॥ २१ ॥

અર્થ—શ્રી મલ્લિનાથ જિનેશ્વરના તીર્થમાં વીશ યુગ (પાટ) સુધી છ કરોડ સાધુઓ સિદ્ધ થયા છે. તથા શ્રી મુનિસુવ્રત જિનેશ્વરના તીર્થમાં ત્રણ કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તથા શ્રી નમિનાથ તીર્થંકરના તીર્થમાં એક કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તે સિવાય બીજા પણ ઘણા મુનીઓ ત્યાં સિદ્ધ થયા છે. તેથી કરીને તે શિલાપર કરોડો મુનિઓ સિદ્ધ થવાથી તે કોટિશિલા નામે ઓળખાય છે. ૨૧

હવે તે કોટિશિલા કોણે ઉપાડી? તે કહે છે.—

छत्ते सीसंमि गीवा वच्छे कुच्छी कडीइ ऊरुसु ।
जाणू कहमवि जाणूं नीयासा वासुदेवेहिं ॥ २२ ॥

અર્થ—નવ વાસુદેવોએ તે શિલા ઉપાડતી વખતે નીચે લખેલા પોતપોતાના અંગ સુધી આણી હતી. પહેલા ત્રિપૃષ્ઠ વાસુદેવે તે શિલા વામ હસ્તે ઉપાડીને મસ્તકથી ઉંચે છત્રને સ્થાને રાખી હતી, બીજા દ્વિપૃષ્ટ વાસુદેવે તેજ રીતે ઉપાડીને મસ્તક સુધી આણી હતી, ત્રીજા સ્વયંભૂ વાસુદેવે તેજ રીતે ઉપાડીને ગ્રીવા સુધી આણી હતી, ચોથા પુરૂષોત્તમ વાસુદેવે વક્ષસ્થળ સુધી આણી હતી, પાંચમા પુરૂષસિંહ વાસુદેવે ઉદર સુધી આણી હતી, છઠ્ઠા પુરૂષ પુંડરીક વાસુદેવે કટીભાગ સુધી આણી હતી, સાતમા

દત્ત નામના વાસુદેવે ઉરૂ (સાથળ) સુધી આણી હતી, આઠમા લક્ષ્મણ વાસુદેવે જાનુ (ઢીંચણુ) સુધી ઉંચી કરી હતી, અને નવમા કૃષ્ણ વાસુદેવે જાનુથી કાંઈક નીચે સુધી ઉપાડીને ઉચી કરી હતી. ૨૨

। इति कोटिशिलाद्वारं तृतीयम् । ३ ।

હવે ચોથું શાશ્વત ચૈત્યદ્વાર કહે છે.—

इक्कार अहिअपणसय सासयचेइअ नमामि महिवलए।
तीसं वासहरेसु वेयड्ढेसुं च सतारिसयं ॥ २३ ॥

અર્થ—પૃથ્વી વલયમાં–તિર્યગ્ લોકમાં રહેલા પાંચસોને અગ્યાર શાશ્વત ચૈત્યોને હું વંદના કરૂં છું. ઉર્ધ્વ લોકમાં જે ૮૪૯૭૦૨૩ ચૈત્યો તથા અધોલોકમાં ૭૭૨૦૦૦૦૦ ચૈત્યો તથા વ્યંતર અને જ્યોતિષ્કોને વિષે અસંખ્યાતા ચૈત્યો શાશ્વતાં કહ્યાં છે, તે અન્ય ગ્રંથોમાં સ્પષ્ટ રીતે કહ્યાં છે, ત્યાંથી જાણવાં અહીં તો તિર્યગ્ લોકમાં રહેલાં ચૈત્યોનાં સ્થાનકોનીજ વિવક્ષા કરી છે તે આ પ્રમાણે. ત્રીશ વર્ષધર પર્વતો ઉપર ત્રીશ ચૈત્યો છે કારણ કે દરેક પર્વત ઉપર એક એક ચૈત્ય છે તથા ૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય પર્વતોપર એકસોને સીતેર શાશ્વત ચૈત્યો છે. ૨૩

તે વિષે કહ્યું છે કે—

वीसं गयदंतेसुं कुरुदुमदसगे तहेव नउईअ ।
वक्खारगिरिसु असिई पणसिई मेरुपणगंमि ॥ २४ ॥

અર્થ—૨૦ ગજદંત પર્વતો ઉપર વીશ ચૈત્યો છે, તથા દેવકુરૂ ઉત્તર કુરૂમાં રહેલા જંબૂવૃક્ષાદિક દશ વૃક્ષોપર નેવું ચૈત્યો છે. તે આ પ્રમાણે–એ વૃક્ષના મધ્યની ઉર્ધ્વ શાખાપર એક અને તેની દિશાઓ તથા વિદિશાઓ મળી આઠ બાજુએ રહેલા આઠ કૂટની ઉપર એક એક ચૈત્ય હોવાથી દરેક વૃક્ષે નવ નવ ચૈત્યો

થયાં, તેથી દશ વૃક્ષના નેવું ચૈત્યો થયાં. તથા (પાંચ મહા વિદેહમાં કહેલા) એંસી વક્ષસ્કાર પર્વતોપર એંશી ચૈત્યો છે. તથા પાંચ મેરૂ પર્વતના થઇને પંચાશી ચૈત્યો છે. તે આ પ્રમાણે–ચારે *વનોમાં ચારે દિશાએ એકેક ચૈત્ય હોવાથી સોળ અને એક ચૈત્ય ચૂલિકાપર હોવાથી મેરૂ પર્વતે સતર સતર ચૈત્યો છે. તેથી પાંચ પર્વતના મળીને પંચાશી ચૈત્યો છે ૨૪

इसुमणुकुंडलरुअगे चउ चउ वीसं च नंदिसरदीवे ।
अडवीसनंदिकुंडलिरुअगे सयपन्नबासयरी ॥ २५ ॥

અર્થ—ઈષુકાર,[1] માનુષોત્તર, કુંડલ અને રૂચક એ ચાર પર્વતોપર પ્રત્યેકે ચાર ચાર ચૈત્યો છે, તથા નંદીશ્વર દ્વીપમાં વીશ[2] ચૈત્યો છે હવે આ ચૈત્યોના ઉચ્ચત્વ વિગેરેનું પ્રમાણ કહે છે. નંદીશ્વરના વીશ અને કુંડલ તથા રૂચકના આઠ મળી અઠાવીશ ચૈત્યો પૂર્વ પશ્ચિમ સો યોજન લાંબાં છે, દક્ષિણ ઉત્તર પચાસ યોજન પહોળાં છે, તથા બોંતેર યોજન ઉચાં છે. તે સર્વે ચાર ચાર દ્વારવાળાં છે. ૨૫.

હવે તેથી અર્ધા પ્રમાણવાળાં કહે છે:—

अट्ठाराइय दुसई पन्नद्ध छत्तीस दीहपिहुलुच्चा ।
माणुसइसुगयदंतयवक्खारवासहरमेरूसुं ॥ २६ ॥

અર્થ—માનુષોત્તરનાં ચાર, ઈષુકારનાં ચાર, ગજદંતનાં વીશ,

---

* ભદ્રશાળ, નંદન, સોમનસ ને પાંડુક એ ચાર વનો જાણવા.

૧. ઇષુકાર ચારની ઉપર થઇને ચાર ચૈત્ય સમજવા. બીજા ત્રણે પર્વતો ફરતા વર્તુલાકારે છે તે દરેકની ઉપર ચાર દિશાએ એક એક હોવાથી ચાર ચાર સમજવા.

૨. અન્યત્ર (૫૨) ચૈત્યો કહેલા છે. આ મતાંતર જણાય છે.

વક્ષસ્કારનાં એંશી, વર્ષધરનાં ત્રીશ અને ચૂલિકા સિવાય પાંચ મેરૂ પર્વત ઉપરનાં એંશી–એ સર્વ મળીને બસોને અઢાર ચૈત્યો પચાસ યોજન લાંબાં, પચીશ યોજન પહોળાં અને છત્રીશ યોજન ઉચાં છે. ૨૬.

पणसट्ठिआहिअ सयदुग संपुण्णकोसमद्ध देसूणं ।
दीहे पिहु उच्चत्ते कुरुदुमवेअड्ढचूलासु ॥ २७ ॥

અર્થ—દશ કુરૂક્ષેત્રમાં રહેલા જંબૂ આદિ દશ વૃક્ષોનાં નેવું ચૈત્યો, પાંચ મહાવિદેહની ૧૬૦ વિજય, ૫ ભરત અને ૫ ઐરાવત કુલ ૧૭૦ ક્ષેત્રમાં રહેલા ૧૭૦ દીર્ઘ વૈતાઢયો ઉપરના એકસોને સીતેર ચૈત્યો, તથા પાંચ મેરૂની ચૂલિકાનાં પાચ ચૈત્યો, એ સર્વ મળીને બસેંને પાંસઠ ચૈત્યો એક યોજન લાંબાં, એક યોજનથી કાંઇક ઓછા પહોળાં અને અર્ધ યોજન ઉચાં છે એમ સર્વ મળીને તીર્છાલોકમાં ૫૧૧ શાશ્વત ચૈત્યો છે દેવેન્દ્રસૂરિ વિગેરેએ કરેલાં શાશ્વત જિન સ્તોત્રોને વિષે તિર્યગ્ લોકમાં શાશ્વત ચૈત્યો ૩૨૫૯ કહ્યાં છે, તે મતાંતર જાણવું તે વિષે '**वीरं जय सेहर**' એ પ્રથમ પદવાળા ક્ષેત્ર સમાસમાં કહ્યું છે કે–" તિર્યગ્ લોકમા રહેલા જિનચૈત્યોને માટે વિસંવાદ–ભિન્ન ભિન્ન મતો છે, તેનો ખુલાસો ગીતાર્થજ જાણી શકે છે. " ૨૭.

। इति चैत्यद्वारं चतुर्थम् । ४ ।

હવે પાંચમું પ્રાસાદ દ્વાર કહે છે.—

पासाया ईसाणे सुहमा[१] सिद्धो[२] ववाय[३] हरएअ[४] ।
अभिसेअ[५] अलंकारा[६] ववसाए[७] नंदि[८] बलिपीढं[९] ।२८।

અર્થ—દેવતાના મૂળ [૧]પ્રાસાદાવતંસકથી ઇશાન ખૂણમાં

૧ સૌથી મોટા મૂળ પ્રાસાદ કે જેમા વિમાનાધિપતિ દેવતા દેવાંગનાઓ સહિત રહે છે તે.

આસ્થાન સભાની જેવી, જિનેશ્વરની દાઢાવડે યુક્ત એવા માણુવક ચૈત્યવાળા સ્તંભાદિકથી યુક્ત એવી સુધર્મા નામની સભા હોય છે. ૧. તેની આગળ ઈશાન ખૂણુમાંજ સિદ્ધાયતન–જિનગૃહ હોય છે ૨. તેની આગળ ઉપઘાત સભા હોય છે કે જ્યાં તે તે વિમાનમાં થનારા દેવો ઉત્પન્ન થાય છે. ૩. તેની આગળ નિર્મળ જળથી ભરેલો દ્રહ હોય છે, જેમાં દેવતાઓ સ્નાન કરે છે. ૪. તેની આગળ અભિષેક સભા હોય છે, તેમાં દેવતાઓ પોતપોતાના વિમાનાધિપતિ સ્વામિને અભિષેક કરે છે. ૫. તેની આગળ અલંકાર સભા હોય છે, તેમાં અભિષેક થયા પછી આવીને તે (દેવોનો સ્વામી) અલંકાર વિગેરે પહેરે છે. ૬. તેની આગળ વ્યવસાય સભા હોય છે, તેમાં આવી ત્યાં રહેલા શાશ્વત પુસ્તકો વાંચીને ધાર્મિક વ્યવસાયાદિક ગ્રહણુ કરે છે. ૭. તેની આગળ નંદા પુષ્કરિણી (વાવ) હોય છે, તેમાં હાથ પગ ધોઈને તેમાં ઉગેલાં કમળો લઈ જિનભવનમાં આવી ગર્ભગૃહ (ગભારા)માં રહેલી પાંચસે ધનુષ્યના દેહમાનવાળી એકસોને આઠ જિન પ્રતિમાઓની સત્તર ભેદી આદિ પૂજા, સ્તુતિ, વંદના વિગેરે શક્રસ્તવ કહેવા પર્યંત કરે છે. ૮. ત્યાર પછી સમગ્ર વિમાનને ચંદનના છાંટા નાંખીને પૂજે છે, પછી નંદા પુષ્કરિણીની આગળ બળિપીઠ હોય છે, ત્યાં આવીને તેઓ બળીદાન મૂકે છે. ૯. જીવાભિગમની વૃત્તિમાં વિજય દેવના અધિકારમાં આઠમે સ્થાને બલિપીઠ અને નવમે સ્થાને વાપી કહી છે, તે મતાન્તર છે, એમ જણાય છે. દરેક વિમાનમાં આ નવ સ્થાનકો ત્રણુ ત્રણુ દ્વારવાળાં અને મૂળ પ્રાસાદથી ઇશાન ખૂણુમાંજ અનુક્રમે રહેલાં હોય છે. જીવાભિગમ અને રાજપ્રશ્નીય ઉપાંગ વિગેરેમાં પણુ એજ પ્રમાણે કહ્યું છે. ૨૮.

તે નવ સ્થાનકો પૈકી છ સ્થાનકોમાં પ્રત્યેકે પ્રત્યેકે ત્રણે દ્વારોમાં જે જે હોય છે, તે કહે છે.

मुहमंड[1] पिच्छमंडव[2] थूभं[3] चेइअ[4] झउअ[5] पुक्खरिणी[6]।
जम्मुत्तरपुव्वासुं जिणभवणसभासु पत्तेअं ॥ २९ ॥

અર્થ—પશ્ચિમ દિશા સિવાય દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિશામા એકેક દ્વાર હોય છે. તે ત્રણ દ્વારમાં પ્રવેશ કરતા પ્રથમ મુખ મંડપ હોય છે ૧ તેની આગળ પ્રેક્ષામડપ હોય છે, ૨ તેની આગળ સ્તૂપ હોય છે, તે સ્તૂપની ઉપર આઠ મગળ હોય છે, સ્તૂપની ચારે દિશાઓમાં એકેક મણિપીઠ હોય છે, તે દરેક મણિપીઠ ઉપર સ્તૂપની સન્મુખ અનુક્રમે ઋષભ, વર્ધમાન, ચદ્રાનન, અને વારિષેણ નામની એક એક જિનપ્રતિમા હોય છે ૩ તે સ્તૂપની આગળ ચૈત્ય વૃક્ષ હોય છે ૪. તેની આગળ ઈદ્રિધ્વજ હોય છે. ૫. તેની આગળ જળથી ભરેલી પુષ્કરિણી વાપી હોય છે. ૬. આ છ પ્રકારો જિન ભવનને વિષે તથા પાચ સભાઓને વિષે પ્રત્યેક પ્રત્યેક દ્વારે હોય છે. જિનભવન તથા સભા વિગેરે નવેનું પ્રમાણ તથા મુખમંડપ વિગેરેનુ પ્રમાણ રાજપ્રશ્નીય ઉપાંગ આદિ સૂત્રોથી જાણી લેવું ૨૯

હવે મૂળ પ્રાસાદાવતસક કયા છે ? તે કહે છે.—

ओआरियलयणंमि अ पहुणो पणसीइ हुंति पासाया
ति सय इगचत्त कत्थइ कत्थवि पणसट्ठि तेर सयं ॥३०॥

અર્થ—સૌધર્મ વિમાનમાં ચોતરફ પ્રાકાર છે, તે ત્રણસો યોજન ઉચો છે. મૂળમાં સો યોજન પહોળો છે, મધ્યમાં પચાસ યોજન પહોળો છે, અને ઉપરના ભાગમાં પચીશ યોજન પહોળો છે. ભવનપતિ નિકાયના ભવનોને વિષે રહેલો પ્રાકાર ઉચાઈ અને

પહોળાઇમાં સૌધર્મ વિમાનના પ્રાકાર કરતાં અર્ધ પ્રમાણવાળો છે. તે પ્રકારની મધ્યે (વચમાં) સર્વત્ર ઉપકારિકાલયન એટલે પીઠિકાઓ હોય છે. તે સર્વ પીઠિકાઓની ઉપર વિમાનના સ્વામીના પંચાશી પ્રાસાદો હોય છે, કોઇ વિમાનમાં તે પીઠિકાઓની ઉપર ત્રણસોને એકતાળીશ પ્રાસાદો હોય છે, અને કોઈ વિમાનમાં તે પીઠિકાઓ ઉપર એક હજાર ત્રણસોને પાંસઠ પ્રાસાદો હોય છે. એમ ત્રણ પ્રકાર (ભેદ) છે ૩૦

તે પ્રાસાદો શી રીતે રહેલા છે? તે કહે છેઃ—

मुहपासाओ चउदिसि चउहिं ते सोलसेहिं सोला वि।
चउसट्ठीए सा वि अ छप्पन्नेहिं दुसएहिं ॥ ३१ ॥

અર્થ—મુખ્ય પ્રાસાદની ચાર દિશામા ચાર પ્રાસાદો રહેલા છે. તે પહેલી પંક્તિ મૂળ પ્રાસાદ ભેગો ગણતા પાંચ પ્રાસાદ થયા. ચાર બાજુના ચાર પ્રાસાદોની ચારે દિશામા એક એક પ્રાસાદ હોવાથી તેવા સોળ પ્રાસાદો છે, એટલે દરેક પ્રાસાદના ફરતા ચાર ચાર પ્રાસાદો છે. એ બીજી પંકિત સર્વ મળીને ૨૧ પ્રાસાદો થયા. હવે તે સોળ પ્રાસાદો બીજા ચોસઠ પ્રાસાદોથી પરિવરેલા છે, તે ત્રીજી પંક્તિ સર્વે મળીને ૮૫ થયા. તે ચોસઠ પ્રાસાદો બીજા બસેંને છપન પ્રાસાદોથી પરિવરેલા છે, તે ચોથી પંકિત. સર્વે મળીને ૩૪૧ થયા. ૩૧.

ते वि अ पुण सहसेणं चउवीसहिएण हुंति परिअरिआ।
मूलुच्चत्तपुहुत्ता अद्धद्धे पण वि पंतीओ ॥ ३२ ॥

અર્થ—તે બસેંને છપન પ્રાસાદો પણ એક હજાર અને ચોવીશ પ્રાસાદોથી પરિવરેલા છે, તે પાંચમી પંક્તિ. સર્વે મળીને ૧૩૬૫ થયા. આ પાંચે પંક્તિઓ મૂળ પ્રાસાદાવતંસકની ઉચાઇ,

પહોળાઈ અને લંબાઈથી અનુક્રમે અર્ધા અર્ધા પ્રમાણવાળી હોય છે. એટલે કે જ્યા મૂળ પ્રાસાદાવતંસક ઉંચાઇ અને પહોળાઈમાં પાચસો યોજનનો છે, ત્યા પહેલી ચાર પ્રાસાદવાળી પંક્તિ અઢીસો યોજનના માનવાળી હોય છે બીજી પંક્તિના પ્રાસાદો તે કરતા અર્ધ પ્રમાણવાળા હોય છે ત્રીજી પંક્તિના પ્રાસાદો તે કરતા અર્ધ પ્રમાણવાળા હોય છે, એ રીતે અનુક્રમે પાચે પંક્તિ જાણવી ૩૨.

હવે દરેક વિમાનમા કેટલા પ્રાસાદો હોય છે? તે કહે છે—

तेर सय पणसट्ठाइअ पणपंतीहिं हुंति पासाया ।
पणसी पंतितिगेणं तिसई इगचत्त चउहिं तु ॥ ३३ ॥

અર્થ—વિમાનોમા પંક્તિના સંબંધમા ત્રણ ભેદ-પ્રકાર છે. તે આ પ્રમાણે—કેટલાક વિમાનોમા પાચ પંક્તિ છે, કેટલાકમા ચાર પંક્તિ છે અને કેટલાકમા ત્રણ પંક્તિ હોય છે તેથી ઓછું વિમાન ચાર નિકાયને વિષે નથી, તેમા પાચ પંક્તિવાળામા એકહજાર ત્રણસોને પાસઠ ૧૩૬૫ પ્રાસાદો હોય છે ત્રણ પંક્તિ હોય છે ત્યા પંચાશી પ્રાસાદો હોય છે, અને ચાર પંક્તિ હોય છે ત્યાં ત્રણસોને એકતાળીશ ૩૪૧ પ્રાસાદો હોય છે અહીં ચાર પંક્તિની સંખ્યા પછી ત્રણ પંક્તિની સંખ્યા કહેવી જોઇએ, છતા તેમ ન કર્યું તેનુ કારણ મૂળ ગાથા એવા વ્યતિક્રમથી રચેલી છે તે સમજવુ ૩૩.

આ ત્રણે પ્રકારમા—દરેકમા દરેક દિશાએ કેટલા કેટલા પ્રાસાદો હોય છે? તે કહે છે—

पणसीई एगवीसा पणसी पुण एगचत्त तिसईए ।
तेरस सय पणसट्ठा तिसई इगचत्त पइककुहं ॥ ३४ ॥

અર્થ—ત્રણ પંક્તિવાળામાં દરેક દિશામા એકવીશ એકવીશ પ્રાસાદો હોવાથી (મૂળ પ્રાસાદ સહિત) પંચાશી પ્રાસાદો થાય છે.

તથા ચાર પંક્તિવાળામા એ દરેક દિશામા પચાશી પચાશી પ્રાસાદો હોવાથી મૂળ પ્રાસાદ સહિત ત્રણુસોને એકતાળીશ પ્રાસાદો થાય છે, તથા પાંચ પંક્તિવાળા વિમાનોને વિષે દરેક દિશાઓમા મધ્યવર્તી પ્રાસાદો સહિત ત્રણુસો એકતાળીશ પ્રાસાદો હોવાથી એકહજાર ત્રણુસોને પાસઠ ૧૩૬૫ પ્રાસાદો થાય છે ૩૪

। इति पञ्चमं प्रासादद्वारम् । ५ ।

હવે કિરણુપ્રસર નામનુ છઠ્ઠું દ્વાર કહે છે તેમા પ્રથમ સૂર્યનો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણુ અને ઉત્તર દિશાનો વિભાગ દેખાડે છે

पिट्ठे पुव्वा पुरओ अवरा वलए भमंतसूरस्स ।
दाहिणकरंमि मेरु वामकरे होइ लवणोही ॥ ३५ ॥

અર્થ—મેરૂપર્વતની ચોતરફ પ્રદક્ષિણા ફરતા સૂર્યની પાછળ પૂર્વ દિશા ને સન્મુખ પશ્ચિમ દિશા હોય છે સૂર્યના જમણા હાથ તરફ મેરૂપર્વત રહે છે અને વામ (ડાબા) હાથ તરફ લવણુ સમુદ્ર રહે છે આ સૂર્યની (પોતાની) દિશાઓ છે પણુ લોકોની દિશા નથી લોકોની દિશા સૂર્યની અપેક્ષાએજ હોય છે સર્વ ક્ષેત્રોમા તે (દિશાઓ) તાપ દિશાઓ કહેવાય છે પણુ સ્વાભાવિક તો ક્ષેત્રદિશા છે, તે (દિશાઓ) મેરૂપર્વતમા આવેલા રૂચક પ્રદેશોથી ઉત્પન્ન થાય છે રૂચક પ્રદેશો તે મેરૂપર્વતની બરાબર મધ્યમા રહેલા આઠ આકાશ પ્રદેશો છે અને તે સમભૂતળને સ્થાને ગોસ્તનને આકારે રહેલા છે. તેમા ચારે બાજુએ બે બે પ્રદેશો છે તે ગાડાની ઉધીને આકારે આગળ વધતા વધતા છે તે પૂર્વાદિક ચારે મહાદિશાઓ છે અને એક પ્રદેશરૂપ ચાર રૂચકો મુક્તાફળની શ્રેણીને આકારે રહેલા છે તે ચારે વિદિશાઓ છે તથા ચાર પ્રદેશવાળી સમશ્રેણીએ ઊર્ધ્વ (ઉચી) અને અધો (નીચી) દિશા છે. આ રીતે જંબૂદ્વીપની

જગતીમા વિજયદ્વારે પૂર્વ દિશા છે, વૈજયન્ત દ્વારે દક્ષિણ દિશા છે, જયન્તદ્વારે પશ્ચિમ દિશા છે અને અપરાજિતદ્વારે ઉત્તર દિશા છે આ પ્રમાણે ક્ષેત્રદિશાઓનો નિર્ણય જાણવો ૩૫

હવે છ દિશાઓમા હમેશા જંબૂદ્વીપમા રહેલા સૂર્યના કિરણો પ્રસરે છે, તે છ ગાથા વડે બતાવે છે—

सगचत्त सहस दुसई तेवट्ठा ते इगवीसट्ठंसा।
पुव्वावरव्ववरपसरो कक्के सूरा अहुत्तरउ ॥ ३६ ॥

અર્થ—કર્ક સંક્રાતિને પહેલે દિવસે સુડતાળીશ હજાર બસેંને ત્રેસઠ યોજન તથા એક યોજનના સાઠ ભાગમાથી એકવીશ ભાગ ૪૭૨૬૩ $\frac{21}{60}$ એટલા સૂર્યથી પૂર્વ દિશામા કિરણોનો પ્રસર છે અને એટલાજ સૂર્યથી પશ્ચિમ દિશામા છે તે દિવસે બન્ને મળીને ઉદય અને અસ્તનુ આતરૂ ૯૪૫૨૬ $\frac{42}{60}$ યોજન છે હવે ઉત્તર દિશામા કિરણના પ્રસારનુ માન કહે છે ૩૬

असिईस ऊण सहसा पणयालीसाऽह जम्मउ दीवे।
असिइसय लवणे वि अ तित्तीस सहस सतिभागा।३७।

અર્થ—સર્વ અભ્યંતરના માડલામા વર્તતો સૂર્ય કર્ક સંક્રાતિને પહેલે દિવસે એકસોને એસી યોજન જગતીથી દ્વીપની અદર પેસે છે તેથી પીસ્તાળીશ હજાર યોજનમા તેટલા (એકસો એશી) યોજન ઓછા જાણવા એટલે કે ચુમાળીશ હજાર આઠસોને વીશ ૪૪૮૨૦ યોજન ઉત્તર દિશામા મેરૂ સુધી કિરણો પ્રસરે છે. જો કે માડલાની સમાન શ્રેણીએ મેરૂનો વિષ્કંભ દશ હજાર યોજનનો નથી, પણ તેથી કાઇક ન્યૂન છે, તોપણ વ્યવહારથી તેટલો લીધો છે હવે દક્ષિણ દિશામા કિરણનો પ્રસર કહે છે—દક્ષિણ દિશામાં જબુદ્વીપ સબધી એકસોને એશી યોજન તથા લવણ સમુદ્રમા

તેત્રીશ હજાર ત્રણસોને તેત્રીશ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ, એ બન્ને મળીને ૩૩૫૧૩ ૧/૩ યોજન કિરણોનો પ્રસર છે એજ પ્રમાણે જમ્બૂદ્વીપમા રહેલા બીજા સૂર્યનો પણ કિરણ પ્રસર જાણી લેવો ૩૭

હવે મકર સક્રાંતિમા જેટલો કિરણ પ્રસર ઓછો રહે છે, તે કહે છે

इगतीस सहस अड सय इगतीसा तह य तीससट्ठंसा।
मयरे रविरसीउ पुव्ववरेणं अहउदीणे ॥ ३८ ॥

અર્થ--સૌથી અદરના માડલામાથી બહાર નીકળતો સૂર્ય અનુક્રમે કિરણના પ્રસરમા ઓછો થતો થતો સૌથી બહારના માડલામા આવે છે ત્યા એકત્રીશ હજાર આઠસોને એકત્રીશ યોજન તથા એક યોજનના એકસઠીયા ત્રીશ ભાગ ૩૧૮૩૧ ૩૦/૬૧ આટલા યોજન કિરણનો પ્રસર મકરસક્રાંતિમા પૂર્વ અને પશ્ચિમ દિશામા હોય છે, બન્ને મળીને તે દિવસે ઉદય અને અસ્તનુ આતરૂ ૬૩૬૬૩ થાય છે અહીં હમેશા ૧૭૨ ૧૦/૬૦ | ૧૫/૬૧ | યોજન કિરણ પ્રસરની હાની થતી જાય છે તેમા પૂર્વ અને પશ્ચિમ એ દરેકને માટે જૂદુ જૂદું કહીએ તો તેથી અર્ધ એટલે ૮૬ ૫/૬૦ | ૨૭/૬૧ | યોજન કિરણ પ્રસરની હાની થાય છે ૩૮

હવે મકરસક્રાંતિમા ઉત્તર તથા દક્ષિણ દિશામા થતા કિરણના પ્રસરને કહે છે—

लवणे तिसई तीसा दीवेण पणचत्त सहस अह जम्मे।
लवणम्मि जोअणतिगं सतिभाग सहस्स तित्तीसा ।३९।

અર્થ—સૂર્ય સૌથી બહારના માડલામા આવે ત્યારે તે લવણ સમુદ્રને વિષે ત્રણસોને ત્રીશ યોજન જાય છે, તેથી લવણ સમુદ્ર

સબંધી ત્રણુસોને ત્રીશ તથા દ્વીપ સંબંધી પીસ્તાળીશ હજાર, એ બન્ને મળીને ૪૫૩૩૦ યોજન ઉત્તર દિશામા કિરણનો પ્રસર છે-તથા દક્ષિણમા (લવણની દિશામા) તેત્રીશ હજાર ને ત્રણ યોજન તથા એક યોજનના ત્રીજા ભાગ ૩૩૦૦૩⅓ એટલા યોજન કિરણનો પ્રસર છે ૩૯

હવે ઉચે તથા નીચે (ઉર્ધ્વ તથા અધોદિશામા) તેજના પ્રસરનું સ્વરૂપ કહે છે—

मयरम्मि वि कक्कम्मि वि हिट्ठा अट्ठार जोअणसयाइ ।
जोयणसयं च उड्ढ़ रविकर एवं छसु दिसासु ॥ ४० ॥

અર્થ—મકર વિગેરે છ સક્રાતિને વિષે તથા કર્ક વિગેરે છ સક્રાતિને વિષે અર્થાત સર્વે માડલામા વર્તતા સૂર્યનુ તેજ (કિરણનો પ્રસર) અઢારસો યોજન સુધી નીચે જાય છે કારણ કે સૂર્યથી આઠસો યોજન સમભૂતલ છે અને સમભૂતળની અપેક્ષાએ એક હજાર યોજન નીચે અધોગ્રામો છે તે (અધોગ્રામો) જબૂદ્વીપના પશ્ચિમ વિદેહ ક્ષેત્રમા મેરૂ પર્વતથી આરંભીને જગતની સન્મુખ જતા એક એક પ્રદેશની હાની વડે ક્ષેત્ર નીચુ નીચુ થતું જાય છે, તે છેક છેલ્લા વિજયદ્વયને સ્થાને બેતાળીશ હજાર યોજન નીચો ભૂભાગ રહેલો છે તે વિષે લઘુક્ષેત્ર સમાસમા કહ્યુ છે કે— " મેરૂથી પશ્ચિમે બેતાળીશ હજાર યોજન જતા પ્રાતે એક હજાર યોજન નીચી પૃથ્વી છે, અને ત્યા અધોગ્રામો છે " ત્યાર પછી ત્રણ હજાર યોજન સુધી સમભૂતલની તુલ્યતા હોવાથી સરખો પૃથ્વીનો ભાગ છે ત્યાથી શીતોદા નદીનો પ્રવેશ તો જયંતદ્વારની નીચે થઇને લવણ સમુદ્રમા અનેક હજાર યોજનો જઇને થાય છે આ અધોદિશામા કિરણ પ્રસરનું પ્રમાણ જંબૂદ્વીપમાં

રહેલા સૂર્યની અપેક્ષાએ જ જાણવુ કારણ કે બીજા દ્વીપના સૂર્યો તો અધોદિશામા આડસો યોજનજ તપે છે કેમકે તે ક્ષેત્રની પૃથ્વી સમાન-સરખી છે તથા ઉચે (ઉર્ધ્વ દિશામા) સર્વે ક્ષેત્રોમા સર્વે સૂર્યોનો કિરણ પ્રસર એકસો યોજન સુધી છે તે વિષે ભગવતી સૂત્રના આઠમા શતકના આઠમા ઉદ્દેશામા કહ્યુ છે કે—" હે ભગવાન ! જબૂદ્વીપના સૂર્યો કેટલા ક્ષેત્ર સુધી ઉચે તપે છે ? કેટલા ક્ષેત્ર સુધી નીચે તપે છે ? અને કેટલા ક્ષેત્ર સુધી તિરછા તપે છે ? હે ગૌતમ ! એકસો યોજન ઉચે તપે છે, અધોદિશામા અઢારસો યોજન તપે છે ઇત્યાદિ આ પ્રમાણે છ દિશામાં સૂર્યના કિરણનો પ્રસર કહ્યો ૪૦

હવે જબૂદ્વીપમાજ દક્ષિણ અને ઉત્તરમા સર્વદા (હમેશા) સર્વ મળીને કિરણ પ્રસરનુ માન કહે છે---

पइदिणमवि जम्मुत्तर अडसत्तरि सहस सहमतइअंसो ।
उड्ढह गुणवीससया आविट्ठिया पुव्वावरस्सीउ ॥ ४१ ॥

અર્થ—હમેશા દક્ષિણ અને ઉત્તરના કિરણોનો પ્રસર મેળવતા ઇઠોતેર હજાર ત્રણસો તેત્રીશ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ ૭૮૩૩૩⅓ એટલા યોજન કિરણ પ્રસરે છે, તથા ઊર્ધ્વ અને અધો મળીને ઓગણીશ સો યોજન કિરણ પ્રસરે છે, તથા સૂર્યથી પૂર્વમા અને પશ્ચિમમા સૂર્યના કિરણો સ્થિર છે; કેમકે સર્વે માડલામા હાનિ વૃદ્ધિ થાય છે આ પ્રમાણે સૂર્યના તેજનો પ્રસર જંબૂદ્વીપને વિષેજ જાણવો કેમકે લવણ સમુદ્ર, ધાતકીખંડ, કાલોદ સમુદ્ર, અને પુષ્કરાર્ધ દ્વીપમા રહેલા સૂર્યોના તેજનો પ્રસર તો અધિક અધિક છે તેથી તેમનુ સ્વરૂપ અમારા કરેલા મડલ પ્રકરણમાથી જાણી લેવુ મનુષ્ય લોકની બહારના ક્ષેત્રોમાં સૂર્ય અને ચદ્ર સ્થિર રહેલા છે. ૪૧

। इति रविकरप्रसरद्वारं षष्ठम् । ६

હવે સાતમું પર્યાપ્તિ દ્વાર કહે છે—

आहार सरीरिं दिय ऊसास वउ मणो छ पज्जत्ति ।
चउ पंच पंच छप्पिअ इग विगलाऽमण समणतिरिए ।४२।

અર્થ—પર્યાપ્તિ એટલે આહારાદિકના પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણામ પમાડવાના કારણરૂપ આત્માની વિશેષ પ્રકારની શક્તિ. તે પર્યાપ્તિ પુદ્ગલોના સંચયથી પ્રાપ્ત થાય છે તેવી પર્યાપ્તિઓ છ છે તેમા જે શક્તિ વડે કરીને જીવ આહારને ગ્રહણ કરીને ખળ અને રસપણે પરિણમાવે, તે આહાર પર્યાપ્તિ કહેવાય છે ૧ જે શક્તિ વડે રસરૂપ થયેલા આહારને ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરને યોગ્ય એવા પુદ્ગલરૂપ રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, અને શુક્ર (વીર્ય) રૂપ સાત ધાતુપણે યથાસંભવ પરિણમાવે, તે શરીર પર્યાપ્તિ ૨ જે શક્તિવડે ધાતુ રૂપે પરિણામ પામેલા આહારના પુદ્ગલોમાથી એક, બે, ત્રણ, ચાર અથવા પાચ ઇદ્રિયોને યોગ્ય એવા પુદ્ગલોને લઇને પોતાને જેટલી હોય તેટલી ઇદ્રિય રૂપે પરિણમાવીને તથા તેનુ અવલંબન કરીને પોતપોતાના વિષયને જાણવા સમર્થ થાય છે, તે ઇદ્રિય પર્યાપ્તિ. ૩ જે શક્તિ વડે ઉચ્છ્વાસ અને નિશ્વાસને યોગ્ય એવા દળીયાં ગ્રહણ કરીને તે રૂપે પરિણમાવીને તથા તેનુ અવલંબન કરીને ઉચ્છ્વાસ નિશ્વાસ લેવા મૂકવામા સમર્થ થાય છે, તે આનપ્રાણ પ્રર્યાપ્તિ. ૪. જે શક્તિવડે ભાષાને યોગ્ય એવા દળીયા ગ્રહણ કરીને ભાષાપણે પરિણમાવીને તથા અવલંબન કરીને મૂકે તે ભાષા પર્યાપ્તિ ૫ તથા જે શક્તિવડે મનોવર્ગણાના દળીયાંને ગ્રહણ કરીને મનપણે પરિ-

ણમાવીને તથા અવલંબન કરીને મનનકાર્યમાં સમર્થ થાય, તે મન પર્યાપ્તિ. કહેવાય છે તેમા એકેદ્રિયોને પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. વિકલેદ્રિયને ભાષાસહિત પાચ પર્યાપ્તિઓ હોય છે. અમનસ્ક એટલે સમૂર્છિમ મનુષ્ય અને તિર્યંચોને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે તથા સમનસ્ક એટલે ગર્ભજ તિર્યંચોને મન સહિત છએ પર્યાપ્તિઓ હોય છે. ૪૨.

गब्भयमणुआणं पुण छप्पिअ पज्जत्ति पंच देवेसु ।
जं तेसिं वयमणाणं दुवे वि पज्जत्ति समकालं ॥ ४३ ॥

અર્થ—ગર્ભજ મનુષ્યોને છએ પર્યાપ્તિઓ હોય છે સંમૂર્છિમ મનુષ્યો અપર્યાપ્તપણેજ મરણ પામે છે, તેથી તેમને પહેલી ત્રણ પર્યાપ્તિઓજ સભવે છે,* કેમકે કરણ અપર્યાપ્તપણે કોઇ અપર્યાપ્તા જીવને પણ મરણનો સભવ નથી તથા દેવ અને નારકીઓને પાચ પર્યાપ્તિઓ હોય છે, કારણ કે તેમને વચનપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ સમકાળેજ થાય છે, તેથી તેમને પાચ કહેવાય છે. ૪૩

હવે પહેલા ત્રણ શરીરને વિષે સર્વ પર્યાપ્તિઓને યોગ્ય એવા કાળનુ પ્રમાણ કહેવાને ઇચ્છતા સતા કહે છે—

उरालविउव्वाहारग छन्ह वि पज्जत्ति जुगवमारंभे ।
ताण वि [illegible] मए बीआ पुण अंतमोहुत्ती ॥ ४४ ॥

અર્થ—ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણે શરીરને વિષે સમકાળે છએ પર્યાપ્તિઓનો આરંભ થાય છે, એવી વ્યવસ્થા છે, અને નિષ્ઠા (પૂર્ણતા) અનુક્રમે પામે છે. તે આ પ્રમાણે-પ્રથમ

---

* સામાન્યે સંમૂર્છિમ પંચેદ્રિયને પાચ પર્યાપ્તિઓ કહેલ છે.

આહારપર્યાપ્તિ, ત્યાર પછી શરીરપર્યાપ્તિ, ત્યારપછી ઇંદ્રિયપર્યાપ્તિ, એમ અનુક્રમે જાણવી. છ પર્યાપ્તિમાં પહેલી આહારપર્યાપ્તિ ત્રણે શરીરમાં એક સમયેજ પૂર્ણ થાય છે, અને બીજી શરીરપર્યાપ્તિ ત્રણે શરીરમાં અંતર્મુહૂર્તના પ્રમાણવાળી છે. ૪૪

હવે બાકીની પર્યાપ્તિઓનું કાળપ્રમાણ ઔદારિક શરીરને આશ્રીને ગાથાના પૂર્વાર્ધવડે કહે છે, અને વૈક્રિય તથા આહારક શરીરને આશ્રીને ગાથાના ઉત્તરાર્ધવડે કહે છે.—

पिहु पिहु असंखसमइअ अंतमुहुत्ता उराल चउरो वि।
पिहु पिहु समया चउरो वि हुंति वेउव्विआहारे ॥४५॥

અર્થ—ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ચાર પર્યાપ્તિઓ ઔદારિક શરીરને વિષે અસંખ્યાતા સમયવાળા પૃથક્ પૃથક્ અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે એટલે તે સર્વે પર્યાપ્તિઓ તેટલા મોટા અંતર્મુહૂર્ત વડે પરિપૂર્ણ થાય છે. તથા વૈક્રિય અને આહારક શરીરને વિષે ત્રીજી, ચોથી, પાચમી અને છઠ્ઠી એ ચારે પર્યાપ્તિઓ પૃથક્ પૃથક્ એક એક સમયે પૂર્ણ થાય છે જેમ એક સમયે ઇદ્રિય પર્યાપ્તિ, બીજે સમયે ઉચ્છ્વાસ પર્યાપ્તિ, ત્રીજે સમયે વચન (ભાષા) પર્યાપ્તિ અને ચોથે સમયે મન પર્યાપ્તિ પૂર્ણ થાય છે ૪૫.

આ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચને આશ્રીને પર્યાપ્તિઓ કહી. હવે દેવ અને નારકીને આશ્રીને કહે છે.—

छन्ह वि समारंभे पढमा समए वि अंतमोहुत्ती।
ति तुरिअ समए समए सुरेसु पण छट्ठ गसमए ॥ ४६ ॥

અર્થ—દેવ અને નારકીને વિષે છએ પર્યાપ્તિનો સમકાળે

પ્રારંભ થાય છે, તોપણ પહેલી ઓજાહાર રૂપ પર્યાપ્તિ એક સમયે પરિપૂર્ણ થાય છે બીજી શરીર પર્યાપ્તિ ત્યાર પછી અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે ત્રીજી અને ચોથી પર્યાપ્તિ ત્યાર પછી પૃથકપૃથક્ એક એક સમયે થાય છે. તથા પાચમી વચન પર્યાપ્તિ અને છઠ્ઠી મન પર્યાપ્તિ એ બન્ને ત્યાર પછી એકજ સમયે પૂર્ણ થાય છે. કારણ કે તેનો તેવો સ્વભાવજ છે. દેવ અને નારકીને ઉત્તર વૈક્રિયમા પણ એજ પ્રમાણે પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે ૪૬.

॥ इति पर्याप्तिद्वारं सप्तमम् ॥ ७

હવે કૃષ્ણરાજીના સ્વરૂપ નામનું આઠમું દ્વાર કહે છે.

बंभे रिट्ठे तइअंमि पत्थडे अट्ठ कण्हराईऊ ।
इंदय चउसु दिसासु अक्खाडगसंठिआ दिग्घे ॥ ४७ ॥

અર્થ—બ્રહ્મલોક નામના પાચમા દેવલોકમાં રહેલા ત્રીજા રિષ્ટ નામના પ્રસ્તર (પાથડા) મા આઠ કૃષ્ણરાજીઓ છે તેમનો આકાર કેવો છે ? તે કહે છે—સચિત્ત અને અચિત્ત પૃથ્વીના પરિણામરૂપ ભીંતને આકારે રહેલી છે રિષ્ટ નામના ત્રીજા પ્રસ્તરમાં રહેલા ઇન્દ્રક વિમાનની ચારે દિશાઓમા બબે કૃષ્ણરાજીઓ છે તે આ પ્રમાણે—પૂર્વ દિશામાં દક્ષિણ ઉત્તર લાબી અને તીરછી પહોળી બે કૃષ્ણરાજીઓ છે, એજ પ્રમાણે દક્ષિણ દિશામાં પૂર્વ પશ્ચિમ લાબી બે કૃષ્ણરાજીઓ છે, પશ્ચિમ દિશામાં દક્ષિણ ઉત્તર લાંબી વિસ્તૃત બે કૃષ્ણરાજીઓ છે, તથા ઉત્તર દિશામાં પૂર્વ પશ્ચિમ લાબી વિસ્તૃત બે કૃષ્ણરાજીઓ છે તે સર્વ મળીને આઠ થાય છે. તે કૃષ્ણરાજીઓ કેવી છે ? તે કહે છે આખાટકના સંસ્થાન વડે રહેલી છે. આખાટક એટલે પ્રેક્ષણને સ્થળે (અખાડાની ભૂમિમાં)

ચારે તરફ બેસવાના આસન હોય છે. તે આકારે રહેલી છે, એમ પ્રજ્ઞપ્તિની[1] ટીકામાં પણ કહેલું છે. ૪૭


તે કૃષ્ણરાજીઓનું લંબાઈમાં કેટલું પ્રમાણ છે ?

जोअणअसंख पोहत्ति संख ईसाणि अच्चि[1] अच्चिमाली[2] ।
वइरोअणं[3] पहंकर[4] चंदाभं[5] सूरिअ[6] सुकालं[7] ॥ ४८ ॥
सुपइट्ठाभं[8] रिट्ठं[9] मज्झे वट्टं बहि वि चित्तट्ठ ।
तेसिं पहू सारस्सयपमुहा तहुगपरिवारा ॥ ४९ ॥

અર્થ—તે કૃષ્ણરાજીઓ અસંખ્યાતા હજાર યોજન લાંબી છે, સંખ્યાતા હજાર યોજન પૃથુ (પહોળી) છે, તથા તેમનો પરિક્ષેપ (વિસ્તાર–પરિધિ) અસંખ્યાતા હજાર યોજનનો છે. તેમની ઉંચાઇ આ પ્રમાણે છે–કોઇ મહર્દ્ધિક દેવતા જે ગતિ વડે ત્રણ ચપટીમા (ત્રણ ચપટી વગાડીયે તેટલી વારમા) આખા જંબૂદ્વીપની ફરતી એકવીસવાર પ્રદક્ષિણા દે, તેવો દેવતા તેજ ગતિ વડે પંદર દિવસે એક કૃષ્ણરાજીનું ઉલ્લંઘન કરે, પણ બીજીનું ઉલ્લંઘન કરી શકે નહિ. એટલી તે ઉચી છે. તે કૃષ્ણરાજીઓની વચમા શું છે ? તે કહે છે.–આ કૃષ્ણરાજીની ઈશાન વિગેરે દિશા તથા વિદિશાઓ મળી આઠે આતરામાં એટલે બબે રાજીની વચ્ચે

---

૧ કૃષ્ણરાજીનું ચિત્ર નીચે પ્રમાણે લીટી એ કૃષ્ણરાજીની નીશાની છે અને ૦ એ વિમાનની નિશાની છે.



ચાર દિશામાં ચાર અને બબે રાજીના ખુણા ઉપર ચાર વિદિશામાં ચાર એમ આઠ વિમાનો છે, અને તેમના બહુમધ્ય પ્રદેશમાં એક વિમાન છે, તે આ પ્રમાણે–ઉત્તર અને પૂર્વની અભ્યંતરની[1] બે કૃષ્ણરાજીઓની વચ્ચે અર્ચિ નામનું વિમાન છે ૧, એ પ્રમાણે પૂર્વ દિશાની બે કૃષ્ણરાજીની વચ્ચે અર્ચિમાલી નામનું વિમાન છે ૨, પૂર્વ અને દક્ષિણના અભ્યંતરની બે કૃષ્ણરાજીની વચ્ચે વૈરોચન નામનું વિમાન છે ૩, દક્ષિણની બે કૃષ્ણરાજીઓની વચ્ચે પ્રભંકર વિમાન છે ૪, દક્ષિણ અને પશ્ચિમના અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે ચંદ્રપ્રભ વિમાન છે ૫, પશ્ચિમની બે કૃષ્ણ-રાજીઓની વચ્ચે સૂરાભ વિમાન છે ૬, પશ્ચિમ અને ઉત્તરના અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે સુકાલ વિમાન છે ૭, ઉત્તરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે સુપ્રતિષ્ઠાભ નામનું વિમાન છે ૮, તથા સર્વે કૃષ્ણરાજીઓના મધ્ય ભાગમા રિષ્ટાભ નામનું વિમાન છે ૯. તે એક વર્તુલાકારે છે, અને પ્રથમના આઠ વિચિત્ર આકારનાં છે, કારણ કે તે આવલિકામાં રહેલાં નથી. તે વિમાનોથી અસંખ્યાતા હજાર યોજનોને છેટે અલોક છે તે વિમાનોના સ્વામી સારસ્વત વિગેરે દેવતાઓ છે. તેઓ બે પ્રકારના પરિવારવાળા છે. એટલે તેના પરિવારમાં બે મત છે. હવે તેમાંના પ્રથમના ત્રણ યુગળમાં આગળ કહેશું તેટલા દેવો અને પરિવાર છે. ૪૯.

सत्त सय सत्त चउदस सहसा चउदहिअ सगसह दुसत्त ।
नव नव सय नव नव हिअ अव्वाबाहागिच्चारिट्ठेसु ॥५०॥

અર્થ—સારસ્વત અને આદિત્ય નામના બન્ને દેવોને સાતસો ને સાત દેવોનો પરિવાર છે. એ પ્રમાણે અગ્નિ અને વરૂણ એ બન્ને

૧ અંદરની.

દેવોને ચૌદ હજાર ને ચૌદ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિતને સાત હજાર ને સાત દેવોનો પરિવાર છે બાકીના અવ્યાબાધ, આગ્નેય તથા રિષ્ટ એ ત્રણેમાંના દરેકને આ ગ્રંથકારના મતે નવસો ને નવ દેવોનો પરિવાર છે. તેમા સર્વ વિમાનના મળીને સર્વે તે જાતીના દેવો ૨૪૪૫૫ છે. પ્રવચન સારોદ્ધાર વિગેરે ઘણા ગ્રંથોમાં તો છેલ્લા ત્રણ દેવોના મળીને નવસો ને નવ દેવોનો પરિવાર કહ્યો છે. તેના મતમાં સર્વ વિમાનના સર્વે દેવો ૨૨૬૩૭ જાણવા. ૫૦.

હવે તે દેવોના નામો કહે છે.—

सासस्समाइच्चा वण्ही करुणा य गद्दतोया य ।
तुसिआ अव्वाबाहा अग्गिचा चेव रिट्ठा य ॥ ५१ ॥

અર્થ—સારસ્વત ૧, આદિત્ય ૨, વન્હિ ૩, વરૂણ ૪, ગર્દતોય ૫, તુષિત ૬, અવ્યાબાધ ૭, આગ્નેય ૮, તથા રિષ્ટ ૯, આ નામ તે નામના વિમાનમા રહેનારા હોવાથી પડેલુ છે એટલે રિષ્ટ વિમાનના આધારવાળા અથવા રિષ્ટ વિમાનમાં રહેનારા તે રિષ્ટ દેવો. આ પ્રમાણે જાણવુ આ સારસ્વત વિગેરે દેવો બ્રહ્મદેવ લોકને અંતે એટલે સમીપે રહેનારા હોવાથી તે લોકાન્તિક કહેવાય છે તે દેવો જિનેશ્વરની દીક્ષાના સમયથી એક વર્ષ પહેલા જો કે જિનેશ્વર સ્વયંબુદ્ધ છે, તો પણ તેવા પ્રકારનો આચાર (વ્યવહાર) હોવાથી જિનેશ્વર પાસે આવીને "હે ભગવાન ! સર્વ જગતના જીવોને હિતકારક તીર્થ પ્રવર્તાવો" એમ કહે છે. તે દેવતાઓનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમનું હોય છે તથા તેઓ સાત આઠ ભવે મોક્ષે જાય છે. ૫૧

હવે કૃષ્ણરાજીઓનો પરસ્પર સ્પર્શ થવાનું સ્વરૂપ કહે છે.—

पुव्वंतर जस्स बहिं पुट्ठा जम्मंतरा बहिं वरुणं ।
तम्मज्झुत्तरबाहिं उईणमज्झा बहिं पुव्वं ॥ ५२ ॥

અર્થ—પૂર્વ દિશાની અભ્યંતર રાજી દક્ષિણની બહારની રાજીનો સ્પર્શ કરે છે ૧, દક્ષિણની અભ્યંતર રાજી પશ્ચિમની બહારની રાજીનો સ્પર્શ કરે છે ૨, પશ્ચિમની અભ્યંતર રાજી ઉત્તરની બહારની રાજીનો સ્પર્શ કરે છે ૩, તથા ઉત્તરની અભ્યંતર રાજી પૂર્વની બહારની રાજીનો સ્પર્શ કરે છે, ૪.

હવે તે કૃષ્ણરાજીઓના કોણ (ખૂણા) ના વિભાગ કહે છે.—

पुव्वावरा छलंसा तंसा पुण दाहिणुत्तरा बज्झा ।
अब्भंतर चउरंसा सव्वा वि अ कण्हराईउ ॥ ५३ ॥

અર્થ—પૂર્વ તથા પશ્ચિમની બહારની બે કૃષ્ણરાજીઓ છ હાંસ વાળી-ષટ્કોણ છે, અને ઉત્તર દક્ષિણની બહારની બે કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે, અને અભ્યંતરની ચારે કૃષ્ણરાજીઓ ચતુરસ્ર-ચાર ખુણાવાળી એટલે ચોખંડી છે.

॥ इति कृष्णराजीद्वारमष्टमम् ॥ ८

હવે નવમું વલયદ્વાર કહે છે.—

पुक्खरिगारस तेरेव कुंडले रुअगि तेर द्वारे वा ।
मंडलिआचलतिन्निऊ मणुत्तर कुंडलो रुअगो ॥ ५४ ॥

અર્થ—કાલોદ સમુદ્રની બહાર વલયના આકારે રહેલો સોળ લાખ યોજનના વિસ્તારવાળો પુષ્કરવર નામનો દ્વીપ છે, તેના અર્ધથી બહારના દળમાં પહેલો પર્વત છે ૧, તથા જંબૂદ્વીપથી અગ્યારમો કોઇના મતે તેરમો કુંડલદ્વીપ છે, તેના અર્ધ ભાગમાં બીજો પર્વત છે ૨, તથા "**जंबूधायइपुक्कर.**" એ પ્રમાણે સંગ્રહ-

ણીમાં દેખાડેલા ક્રમવડે તેરમો અથવા બીજાના મતે અઢારમો રૂચક દ્વીપ છે, તેમાં ત્રીજો પર્વત છે. એ પ્રમાણે મંડલાચલ વલયાકાર ત્રણ પર્વતો પુષ્કરવર, કુંડલ અને રૂચક નામના દ્વીપોમાં અર્ધા અર્ધા ભાગમાં પ્રાકાર (કિલ્લા) ના આકારે રહેલા છે. તે પર્વતોનાં નામ માનુષોત્તર, કુંડલ અને રૂચક એવાં છે. ૫૪.

હવે ગાથાના પૂર્વાર્ધવડે તે પર્વતોની ઉચાઈ કહે છે.—

सत्तरसय इगवीसा[१] बायालसहस[२] चुलसिसहसुच्चा[३] ।
चउसय तीसा कोसं[१] सहसं[२] सहसं[३] च ऊगाढा ॥ ५५ ॥

અર્થ—માનુષોત્તર પર્વત સતરસો ને એકવીશ યોજન ઉચો છે ૧, કુંડલ પર્વત બેતાળીશ હજાર યોજન ઉચો છે ૨ અને રૂચક પર્વત ચોરાશી હજાર યોજન ઉચો છે ૩. હવે ગાથાના ઉત્તરાર્ધ વડે તે પર્વતોનો ભૂમિમા અવગાહ (ઉડાઈ) બતાવે છે. પહેલો માનુષોત્તર પર્વત ઉચાઇને ચોથે ભાગે એટલે ચારસો ને ત્રીશ યોજન તથા એક ક્રોશ (ગાઉ) ભૂમિમા અવગાહીને રહ્યો છે બીજા બે કુંડલ તથા રૂચક પર્વતો હજાર હજાર યોજન ભૂમિમા અવગાહીને રહ્યા છે. ૫૫.

હવે તે પર્વતોના નીચે, વચ્ચે તથા ઉપરના વિષ્કંભનું માન કહે છે.—

भुवि दससय बावीसा मज्झे सत्त य सया उ तेवीसा ।
सिहरे चत्तारि सया चउवीसा मणुअकुंडलगा ॥ ५६ ॥

અર્થ—પહેલા બે પર્વતનો વિષ્કંભ કહે છે.–સમાન ભૂતળની અપેક્ષાએ (તળેટીએ) એક હજાર ને બાવીશ યોજનનો વિસ્તાર છે, મધ્ય ભાગમાં સાતસોને ત્રેવીશ યોજનનો વિસ્તાર છે. અને

શિખર ઉપર ચારસો ને ચોવીશ યોજનનો વિસ્તાર છે. આ પ્રમાણે માનુષોત્તર અને કુંડલ પર્વતનો વિષ્કંભ-વિસ્તાર જાણવો. ૫૬.

હવે રૂચક પર્વતનો ત્રણે સ્થાનનો વિસ્તાર એ બન્ને પર્વતો કરતાં ભિન્ન છે, તે કહે છે—

दससहसा बावीसा भुवि[1] मज्झे सगसहस्स तेवीसा[2]।
सिहरे चउरो सहसा चउवीसा[3] रुअगसेलंमि ॥ ५७ ॥

અર્થ—રૂચક પર્વતનો પૃથ્વીની સપાટી પર દશ હજાર ને બાવીશ યોજનનો વિસ્તાર છે ૧, મધ્ય ભાગમાં સાત હજાર ને ત્રેવીશ યોજનનો વિસ્તાર છે ૨, તથા શિખરપર ચાર હજાર ને ચોવીશ યોજનનો વિસ્તાર છે ૩, આથી કરીને પ્રથમના બે પર્વતોના વિસ્તારમા જેટલા સો છે તેને સ્થાને અહીં તેટલા હજાર છે, એમ જાણવું. ૫૭

હવે પૂર્વે કહેલા બે પર્વતો કરતા આ રૂચક પર્વતના શિખર પર જે વિશેષ છે તે કહે છે.—

रुअगसिहरे चउदिसि बिअसहसेगेगचउथिअट्ठट्ठं ।
विदिसि चउइ अ चत्ता दिसिकुमरी कूड सहसंका ॥५८॥

અર્થ—વલયાકારવાળા રૂચક પર્વતના ચાર હજાર ને ચોવીશ યોજનના વિસ્તારવાળા શિખરભાગના ચાર વિભાગ કરવા. તેમાં દરેક વિભાગ એક હજાર ને છ યોજનનો થાય છે. તેમાં પ્રથમ ભાગને મૂકીને બીજા ભાગમાં પૂર્વાદિક ચારે દિશામા સહસ્રકૂટ નામના એક એક (બધા મળીને ચાર) કૂટ છે, તથા તે રૂચક પર્વતના શિખરના એક હજાર ને છ યોજનના વિસ્તારવાળા ચોથા ભાગમાં (દરેક દિશાએ) આઠ આઠ કૂટો છે. (બધા મળીને બત્રીશ છે.) પણ તે દિક્કુમારીઓના સ્થાનો છે, . એમ જાણવું.

નહિ તો તેની મધ્યે રહેલા સિદ્ધકૂટ સહિત દરેક દિશામાં નવ નવ કૂટો થાય છે, એમ વૃદ્ધો (બહુશ્રુતો) કહે છે તે સિદ્ધકૂટ ઉપર જિનેશ્વરની પ્રતિમાથી સુશોભિત સિદ્ધાયતન છે તથા તેજ ચોથા ભાગમાં વિદિશાઓમાં ચાર કૂટો છે. તે સર્વે (૩૬) સહસ્ત્ર કૂટ નામવાળા છે. એટલે–તે મૂળમાં (તળેટીમાં) હજાર યોજનના વિસ્તારવાળા છે, મધ્યમા સાતસો યોજન વિસ્તારવાળા છે, શિખરપર પાંચસો યોજન વિસ્તારવાળા છે અને એક હજાર યોજન ઉંચા છે. તે સર્વ કૂટો ઉપર ભુવનપતિનીકાયની ચાલીશ દિક્કુમારીઓ પોતાના પરિવાર સહિત રહે છે. તેમા પૂર્વ દિશાએ જે આઠ કૂટો છે, તેમના નામ આ પ્રમાણે સ્થાનાંગ સૂત્રમાં કહેલાં છે.— ‘ રિષ્ટ, તપનીય, કાચન, રજતદિક્, સૌસ્તિક, પ્રલબક, અંજન તથા અંજન પુલક એ આઠ કૂટ રૂચકની પૂર્વ દિશાએ આવેલા છે. ’ તે કૂટોમા જે નામની દિક્કુમારીઓ રહે છે તે આ પ્રમાણે –નદોત્તરા, નદા, સુનદા, નદિવધિની, વિજયા, વૈજયંતી, જયતી તથા અપરાજિતા દક્ષિણના આઠ કૂટોના નામ આ પ્રમાણે–કનક, કાચન, પદ્મ, નલિન, શશી, દિવાકર, વૈશ્રમણ, તથા વૈડૂર્ય એ રૂચકની દક્ષિણ દિશાના આઠ કૂટો છે. તેમા આ દેવીઓ વસે છે–સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુધરા પશ્ચિમ દિશાના આઠ કૂટો આ પ્રમાણે– સૌસ્થિક, શુભ, હિમવત, મંદર, રૂચક, રૂચકોત્તમ, ચાંદ્ર અને સુદર્શન. તેમા આ નામની દેવીઓ રહે છે.–ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા તથા અશોકા. હવે ઉત્તરમા જે આઠ કૂટો છે. તના નામો–રત્ન, રત્નોચ્ચય, સર્વરત્ન, રત્નસંચય, વિજય, વૈજયત, જયંત અને અપરાજિત, તેમાં દેવીઓ આ પ્રમાણે છે.–અલંબુસા, મિત (શ્ર) કેશી, પુંડરીકા, વારૂણી, હાસા,

સર્વપ્રભા, શ્રી અને હ્રી એ આઠ ઉત્તરમા રહેલી છે. તથા ચિત્રા, ચિત્રકનકા, સુતેજા અને સુદામિની એ ચાર વિદિશાના કૂટમા રહેનારી છે તથા રૂપા, રૂપાશિકા સુરૂપા અને રૂપકાવતી એ ચાર રૂચકદ્વીપની મધ્યમા રહે છે.[1] ૫૮.

હવે તે પર્વતો સંબંધી વિશેષ વિચાર કહે છે.—

पढमो सीहनिसाई अद्धजवनिभो अ चउदिसिं सिहरे ।
पन्नाई चउ जिणगेहा सयाइ चउचेइआ दुन्नि ॥ ५९ ॥

અર્થ—પહેલો માનુષોત્તર નામનો પર્વત જેમ સિંહ બેઠેલો હોય, તેના આકાર જેવો છે, એટલે કે જેમ સિંહ આગળના બે પગ ઉચા કરીને, પાછળના બે પગ સંકોચીને પશ્ચાત્‌ભાગમાં કાઇક ઢળતો બેસે છે, એટલે બેઠેલો સિંહ મસ્તકના પ્રદેશમાં ઉચો અને પાછળના ભાગમાં નીચો નીચો હોય છે, એજ પ્રમાણે માનુષોત્તર પર્વત પણ જંબૂદ્વીપની દિશા તરફ છિન્નટંક, સર્વથી ઉચો ભીંતની જેમ સરખો (સપાટ) અને પાછળના ભાગમાં તો શિખરના ભાગથી આરંભીને નીચો નીચો છે અથવા તે પર્વત અર્ધો જવની જેવો છે એટલે જવનો દાણો અર્ધો કરેલો જેવો હોય તેવો છે અથવા જવના ઢગલા જેવો છે. જેમ જવ અથવા જવનો ઢગલો અપાતરાળે ઉચો, અર્ધા ભાગે છેદાયેલો અને મધ્ય ભાગમા છિન્નટંક જેવો હોય છે, અને બહારના ભાગમાં થોડો થોડો જાડાઈની અપેક્ષાએ પાતળો પાતળો હોય છે. તેજ પ્રમાણે આ પર્વત પણ છે. વળી તેના શિખરપર ચારે દિશામા ચાર જિન-ચૈત્યો છે. તે ચૈત્યો કેવાં છે ? તે કહે છે–પચાસ યોજન લાંબાં, પચીશ યોજન પહોળાં અને છત્રીશ યોજન ઉંચાં એવાં ચાર

૧. આ ચાર પ્રથમના ચાર સહસ્ત્રાંક કૂટ ઉપર રહેનારી સંભવે છે.

શાશ્વત જિનચૈત્યો રહેલા છે તથા કુંડલ અને રૂચક એ દરેક પર્વતના શિખરપર ચારે દિશામાં ચાર જિનચૈત્યો છે તે સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બોતેર યોજન ઉંચાં જિનચૈત્યો છે. ૫૯.

॥ इति नवमं वलयद्वारम् ॥ ९

હવે દશમું નંદીશ્વરદ્વીપ સંબંધી દ્વાર કહે છે.—

तेवट्ठं कोडिसयं लरका चुलसीइ वलयविरकंभो ।
नंदीसरट्ठमदीवो चउदिसि चउ अंजणा मज्झे ॥ ६० ॥

અર્થ—સો કરોડ (એક અબજ) ત્રેસઠ કરોડ અને ચોરાસી લાખ (૧૬૩૮૪૦૦૦૦૦) યોજનના વલય વિષ્કંભ (ઘેરાવા)વાળો, જંબૂદ્વીપથી આઠમો નદીશ્વર નામનો દ્વીપ છે તે દ્વીપ સમગ્ર સુર અને અસુરના સમૂહને આનંદ આપનાર તથા મોટા જિનાલયો, ઉદ્યાનો, પુષ્કરિણીઓ (વાવો) અને પર્વતો વિગેરે પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલી વિભૂતિવડે ઈશ્વર (શ્રેષ્ઠ) છે, તેથી તે નંદીશ્વર એવા સાર્થક નામવાળો છે તે દ્વીપના વલયના મધ્ય ભાગમાં પૂર્વ વિગેરે ચારે દિશાઓમાની દરેક દિશામા એક એક ભાગે (મધ્ય ભાગે) ચાર અંજનગિરિ રહેલા છે તેમના નામ આ પ્રમાણે છેઃ- પૂર્વ દિશામા દેવરમણ નામે, દક્ષિણમા નિત્યોદ્યોત નામે, પશ્ચિમમાં સ્વયંપ્રભ નામે અને ઉત્તરમા રમણીય નામે અંજનગિરિ છે. ૬૦

હવે તે અંજનગિરિનું સ્વરૂપ કહે છે.—

गोपुच्छा अंजणमय चुलसीसहसुच्च सहसमोगाढा ।
समभुवि दससहसपिहु सहसुवरिं तेसिं चउदिसिसु ६१

અર્થ—ઉચા કરેલા ગાયના પુચ્છના સંસ્થાને રહેલા એટલે કે જેમ ગાયનું પૂછડું મૂળમા સ્થૂળ હોય અને ઉપરજતાં અનુ-

ક્રમે નાનું નાનું (પાતળું પાતળુ) હોય, તેમ આ ચારે અંજન પર્વતો મૂળમાં અધિક વિસ્તારવાળા અને ઉપર ઉપર અનુક્રમે થોડા થોડા વિસ્તારવાળા છે તે પર્વતો સર્વથા અંજન રત્નમય (નીલ રત્નમય) છે. તે ચારે પર્વતો બહારથી (પૃથ્વીપરથી) ચોરાશીહજાર યોજન ઉંચા છે, એકહજાર યોજન પૃથ્વીની અંદર રહેલા છે. પૃથ્વીની સપાટી ઉપર (તળેટીએ) દશહજાર યોજનના વિસ્તારવાળા છે, અને ત્યાર પછી ઉપર જતાં અનુક્રમે હીન થતાં થતાં છેક ઉપર એકહજાર યોજનના વિસ્તારવાળા છે. તે પર્વતતોની પરિધિ (ઘેરાવ) મૂળમાં (તળેટીએ) એકત્રીશ હજાર છસેંને ત્રેવીશ (૩૧૬૨૩) યોજનથી કાંઈક હીન (ઓછી) છે, અને તેમના શિખરપરની પરિધિ ત્રણહજાર એકસો ને બાસઠ યોજન છે. તે પર્વતોની ચારે દિશાઓમાં શું છે તે કહે છે?—

लरकंतरिआ चउ चउ वावी म दस य जोअणुच्चिट्ठा ।
लरकं दीहपिहुच्चे तम्मज्झे दहिमुहा सोल ॥ ६२ ॥

અર્થ—લાખ યોજનને આતરે એટલે તે ચારે અંજનગિરિની ચારે દિશાઓમાં લાખ લાખ યોજનને છેટે ચાર ચાર વાવો છે. તેમના નામો આ પ્રમાણે–પૂર્વ દિશામા રહેલો જે અંજનગિરિ છે, તેની પૂર્વ દિશામાં લાખ યોજનને છેટે પૂર્વમાં નદોત્તરા, દક્ષિણમાં નંદા, પશ્ચિમમા આનંદા અને ઉત્તરમાં નંદીવર્ધના ૪ નામની વાવો છે દક્ષિણ દિશામા જે અંજનગિરિ છે તેની પૂર્વ દિશામાં ભદ્રા ૫, દક્ષિણમાં વિશાલા ૬, પશ્ચિમમાં કુમુદા ૭, અને ઉત્તરમાં પુંડરીકિણી ૮, નામની વાવો છે. પશ્ચિમ દિશામાં જે અંજનગિરિ છે તેની પૂર્વમાં નંદિષેણા ૯, દક્ષિણમા અમોઘા ૧૦, પશ્ચિમમાં ગોસ્તુભા ૧૧, અને ઉત્તરમાં સુદર્શના ૧૨ નામની વાવો

છે તથા ઉત્તર દિશામાં રહેલા અંજનગિરિની પૂર્વમાં વિજયા ૧૩, દક્ષિણમા વૈજયવતી ૧૪, પશ્ચિમમા જયતી ૧૫, અને ઉત્તરમાં અપરાજિતા ૧૬, નામની વાવો છે એ પ્રમાણે સોળ વાવો છે. તે દરેક વાવ દશ દશ યોજન ઉંડી છે, નિર્મળ, શીતળ અને સ્વાદુ જળથી ભરેલી છે, તથા મત્સ્ય વિગેરે જળચર પ્રાણીઓથી રહિત છે. તે દરેક વાવ લબાઈમાં તથા પહોળાઇમાં લાખ લાખ યોજનની છે. તે ચારે દિશામાં રહેલી સોળે વાવો જબૂદ્વીપ જેટલી પરિધવાળી વિચિત્ર મણિઓનાં પગથીયાં અને થાભલાઓથી તથા વિવિધ પ્રકારની પૂતળીઓ અને મોટા તોરણોથી યુક્ત છે. તે દરેક વાવ પૂર્વ વિગેરે દિશાના અનુક્રમે અશોક, સપ્તચ્છદ, ચંપક અને આમ્રના વનોએ કરીને વ્યાપ્ત છે એટલે સર્વ મળીને ચોસઠ વનો છે તે સોળે વાવોના મધ્યમા એટલે બરાબર મધ્ય ભાગમા દધિમુખ નામના સોળ પર્વતો રહેલા છે ૬૨

તે દધિમુખ નામના પર્વતો કેવા છે? તે કહે છે

सहस्सोगाढा चउसट्ठिसहस्सुच्चा दससहस्स पिहुला य।
सव्वत्थ समा पल्लगसरिसा रूप्पामया सव्वे ॥ ६३ ॥

અર્થ—તે દરેક દધિમુખ પર્વતો એક હજાર યોજન પૃથ્વીની અદર રહેલા છે, બહાર ચોસઠ હજાર યોજન ઉચા છે, અને સર્વત્ર (મૂળમા મધ્યમા, અને શિખરમાં) દશ હજાર યોજન સરખા પહોળા છે તેથી કરીને ઉંચે, મધ્યે અને નીચે (તળેટીએ) સરખા વિસ્તારવાળા છે, માટેજ તેઓ પલ્યની જેવા કહેવાય છે, પલ્ય એટલે અનાજ માપવાનુ કોષ્ઠક (માપુ) તેને આકારે રહેલા છે. વળી તે પર્વતો રૂપામય છે એટલે સર્વથા શ્વેતવર્ણવાળા છે, તે સોળે દધિમુખ પર્વતોના નામો તે તે વાવોને અનુસારે (તેની જેવાંજ) જાણવાં. ૬૩.

હવે અંજનગિરિ અને દધિમુખ પર્વતોમાં જેટલો વિશેષ છે. તે કહે છે.—

अंजणदहिमुहचेइअ वीसं चउदार दीहपिहुउच्चा ।
सयपन्ना बावत्तरि जोअण ठाणंगिजिअभिगमे ॥ ६४ ॥

અર્થ—ચારે અંજન પર્વતોપર અને સોળે દધિમુખ પર્વતોપર એક એક ચૈત્ય હોવાથી સર્વ મળીને વીશ ચૈત્યો છે, તે દરેક ચૈત્ય ચાર ચાર દ્વારવાળાં છે. અન્ય આચાર્યના મતે બત્રીશ રતિકર નામના પર્વતોપર પણ એક એક ચૈત્ય હોવાથી એકંદર બાવન ચૈત્યો છે. તે દરેક સિદ્ધાયતનો (ચૈત્યો) સો સો યોજન પૂર્વ પશ્ચિમ લાંબા, પચાસ પચાસ યોજન ઉત્તર દક્ષિણ પહોળા અને બોતેર યોજન ઉંચાં છે તે દરેક ચૈત્યના દરેક દ્વારમાં મુખમંડપ ૧, પ્રેક્ષામંડપ ૨, ચૈત્યસ્તૂપ ૩, ચૈત્યવૃક્ષ ૪, મહેન્દ્રધ્વજ ૫, અને પુષ્કરિણી (વાવ) એ છ પદાર્થો રહેલા છે તેમાં મુખમંડપ અને પ્રેક્ષામંડપ સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને સોળ યોજન ઉચા છે ચૈત્યસ્તૂપ સોળ યોજન લાંબા અને સોળ યોજન પહોળા છે. ચૈત્યવૃક્ષ અને મહેન્દ્રધ્વજની પીઠીકાઓ આઠ યોજન લાંબી પહોળી છે, અને પુષ્કરિણી વાવો સો યોજન લાંબી પહોળી અને દશ યોજન ઉંડી છે. આ પર્વત ઉપરની વાવોમા મત્સ્ય વિગેરે જળચર પ્રાણીઓ છે, એમ પ્રજ્ઞાપનાના ત્રીજા પદની વૃત્તિમાં કહ્યું છે. ચૈત્યવૃક્ષ અને ઈંદ્રધ્વજનું પ્રમાણ જીવાભિગમ ઉપાગથી જાણી લેવુ. આ પ્રમાણે વીશ સિદ્ધાયતનોનું સ્વરૂપ ઠાણુંગમા અને જીવાભિગમમાં કહ્યું છે. ૬૪.

હવે રતિકર પર્વતો વિષે કહે છે.—

नंदी विदिसिं चउरा दसिगमहस्सापिहुच्चपाऊहे ।
झल्लरिसअ चेइअ रइकर ठाणंगिसुत्तम्मि ॥ ६५ ॥

અર્થ—નંદીશ્વર દ્વીપની ચારે વિદિશામાં ચાર રતિકર પર્વતો છે તે પર્વતો પણ ચૈત્યો રહિત છે પ્રવચન સારોદ્ધારાદિક ગ્રંથને અનુસારે તો ચાર વાવોના આંતરામા બે બે રતિકર પર્વતો રહેલા છે (આ પ્રમાણે એક દિશામા ચાર વાવો હોવાથી આઠ રતિકર પર્વતો છે.) એક દિશામાં જેવુ કહ્યું, તેવુજ બીજી ત્રણ દિશામાં હોવાથી સર્વે મળીને બત્રીશ રતિકર પર્વતો સિદ્ધાયતન સહિત છે. હવે પ્રથમ કહેલા ચાર રતિકર પર્વતોનું તથા અન્ય આચાર્યના મતે બત્રીશ રતિકર પર્વતોનું એક સરખુજ પ્રમાણ છે, તે કહે છે—દશ હજાર યોજન પહોળા અને દશ હજાર યોજન વિસ્તારવાળા એટલે લાબા, ગોળ, એક હજાર યોજન ઉચા અને એક હજાર યોજનના ચોથા ભાગે એટલે અઢીસો યોજન ભૂમિની અદર રહેલા છે તે પર્વતો નીચે (તળેટીએ) તથા ઉપર (શિખરે) દશ હજાર યોજન સરખા પહોળા હોવાથી સર્વત્ર સરખા છે, તેથી ઝલ્લરી નામના વાજીત્ર જેવા[1] વર્તુલાકારે છે આ સર્વ હકીકત ઠાણાગ સૂત્રમા કહેલી છે ૬૫

હવે ઉપર કહેલા સ્થાનથી બીજા સ્થાનોમા એટલે ઊર્ધ્વ-લોક અને અધોલોકમા જે સિદ્ધાયતનો છે તેની ઉચાઇ વિગેરેનું પ્રમાણ કહે છે.—

नंदीसर व्व उड्ढं पन्नासाई असुरजिणभवणं ।
तयं अद्धं नागाइसु वंतरनगरेसु तय अद्धं ॥ ६६ ॥

અર્થ—નંદીશ્વરમા રહેલા ચૈત્યની જેમ દેવલોકમાં રહેલા સિદ્ધાયતનો સો યોજન લાબાં, પચાસ યોજન પહોળાં તથા બોતેર

૧ લાબા પહોળા દશ હજાર ને પહોળા એક હજાર હોવાથી ચપટા દેખાવવાળા હોવાને લીધે ઝાલર જેવા કહ્યા છે.

યોજન ઉંચાં છે. પરંતુ ત્રણ ત્રણ દ્વારવાળાં છે. ભુવનપતિમાં અસુરકુમારનિકાયના જિનભવનો તેનાથી અર્ધા પ્રમાણવાળાં છે, એટલે પચાસ યોજન લાંબાં, પચીસ પહોળાં અને છત્રીશ યોજન ઉંચાં છે. તથા નાગકુમારાદિક નવ નિકાયોમાં રહેલાં ચૈત્યો તેથી પણ અર્ધા પ્રમાણવાળાં એટલે પચીસ યોજન લાંબાં, સાડાબાર યોજન પહોળાં અને અઢાર યોજન ઉંચાં છે. તથા વ્યંતરોનાં નગરોમાં રહેલાં ચૈત્યો તેથી પણ અર્ધા પ્રમાણવાળાં એટલે સાડાબાર યોજન લાંબાં, સવા છ પહોળાં અને નવ યોજન ઉંચાં છે. તથા જ્યોતિષ્ક વિમાનોમાં અને તિરછા લોકમાં રહેલાં ચૈત્યો ભિન્ન ભિન્ન પ્રમાણવાળાં છે. ૬૬

॥ इति नन्दीश्वरद्वीपद्वारं ॥ १०

હવે અગીઆરમું ગૃહિક્રિયા નામનું દ્વાર કહે છે:—

मन्नह जिणाण आणं[१] मिच्छं परिहर[२] धरह सम्मत्तं[३] ।
छव्विहआवस्सयंमि अ उज्जुत्ता होह पइदिअहं[४] ॥६७॥
पव्वेसु पोसहवयं[५] दाणं[६] सीलं[७] तवो अ[८] भावो अ[९] ।
सज्झाय[°] नमुक्कारो[११] परोवयारो अ जयणा य[१] ।६८।
जिणपूआ[१४] जिणथुणणं[१५] गुरुथुई[१६] साहंमिआण वच्छल्लं[१७] ।
ववहारस्स य सुद्धी[१८] रहजत्ता[१९] तित्थजत्ता य[२०] ।६९।
संघोवरि बहुमाणो[२१] धम्मिअमित्ती[२२] पभावणा तित्थे[२३]।
नवखित्ते धणवपणं[३२] पुत्थयलिहणं विसेसेण[३३] ॥७०॥
परिगहमाणा[३४] ऽभिग्गह[३५] इक्कारससड्ढपडिमफासणया[३६] ।
सव्वविरईमणोरह[३७] एमाई सड्ढकिच्चाइं ॥ ७१ ॥

અર્થ—જિનેશ્વરની આજ્ઞા માનવી ૧, મિથ્યાત્વનો ત્યાગ કરવો ૨, સમ્યકત્વને ધારણ કરવું ૩, છ પ્રકારના આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત થવું ૪, (૬૭) પર્વને દિવસે પૌષધ વ્રત લેવું ૫, દાન ૬, શીલ ૭, તપ ૮, ભાવ ૯, સ્વાધ્યાય ૧૦, નવકારનો જપ ૧૧, પરોપકાર ૧૨, જતના ૧૩, (૬૮) જિનેશ્વરની પૂજા ૧૪, જિનેશ્વરની સ્તુતિ ૧૫, ગુરૂની સ્તુતિ ૧૬, સાધર્મીવાત્સલ્ય ૧૭, વ્યવહારની શુદ્ધિ ૧૮, રથયાત્રા ૧૯, તીર્થયાત્રા ૨૦, (૬૯) સંઘની ઉપર બહુ માન ૨૧, સમાન ધર્મવાળાપર મૈત્રી ૨૨, શાસનની પ્રભાવના ૨૩, નવ ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય ૩૨, વિશેષે કરીને પુસ્તકો લખાવવાં ૩૩, (૭૦) પરિગ્રહનું પ્રમાણ કરવું ૩૪, અભિગ્રહ ધારણ કરવા ૩૫, શ્રાવકની અગ્યાર પ્રતિમાઓનું વહન કરવું ૩૬, અને સર્વ વિરતિ (ચારિત્ર) ગ્રહણ કરવાનો મનોરથ કરવો (ઇચ્છા રાખવી) ૩૭, એ વિગેરે શ્રાવકોનાં કૃત્યો છે. ૭૧.

॥ इति गृहिक्रियाद्वारमेकादशम् ॥ ११

હવે ચૌદ ગુણસ્થાન નામનું બારમું દ્વાર કહે છે—

अह चउदससु गुणेसुं कालपमाणं भणामि कविहं पि[1]।
न मरइ मरइ[2] वि जेसुं सह परभवुं जेहिं[3] अप्पबहू[4] ॥७२

અર્થ—આ ગુણસ્થાન નામના દ્વારમા પણ ચાર પ્રતિદ્વારો (અંતર્ગત દ્વારો) છે. તે આ પ્રમાણે–ચૌદે ગુણસ્થાનકોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને પ્રકારની સ્થિતિના કાળનું પ્રમાણ ૧, તથા જે જે ગુણસ્થાનોમાં રહેલો જીવ મરે કે ન મરે ? તેનું સ્વરૂપ ૨, તથા જીવ જે જે ગુણસ્થાનો સહિત પરભવમાં જાય અથવા ન જાય તે ૩, તથા ગુણસ્થાનોનું અલ્પ બહુત્વ ૪, આ પ્રમાણે ગુણસ્થાનોનાં ચાર પ્રતિદ્વારોને હું કહીશ–કહું છું. ૭૨.

તેમાં પહેલા પ્રતિદ્વારની વ્યાખ્યા કરવા ઇચ્છતા આચાર્ય મિથ્યાત્વની સ્થિતિના કાળનો ભેદ બતાવે છે.

मिच्छं अणाइऽनिहणं अभव्वे भव्वे वि सिवगमाजुग्गे।
सिवगइ अणाइसंतं साईसंतं पि तं एवं ॥ ७३ ॥

અર્થ—અનાદિ અનંત ૧, અનાદિ સાંત ૨, સાદિ અનંત ૩, અને સાદિ સાંત ૪, એ ચાર ભેદોમાં અભવ્ય જીવને અનાદિ અનંત ભાગે મિથ્યાત્વ હોય છે, તથા ભવ્યમાં પણ જે મોક્ષ પામવાને અયોગ્ય હોય, તેને પણ અનાદિ અનંત ભાંગે મિથ્યાત્વ હોય છે. આથી કરીને ભવ્ય અને અભવ્ય બન્નેને અનાદિ અનંત મિથ્યાત્વ સિદ્ધ થયુ, એ પ્રથમ ભાંગો જાણવો. તથા મોક્ષ પામવાને યોગ્ય એવા ભવ્ય જીવને અનાદિ સાત એટલે આદિરહિત અને અંત સહિત મિથ્યાત્વ હોય છે. જેમકે કોઇક જીવ મરૂદેવી માતાની જેમ સમકિત પામીને (વમ્યા શિવાય) તરત જ મોક્ષે જાય છે, એ બીજો ભાંગો જાણવો ૨. તથા કોઇક જીવને સાદિ સાંત મિથ્યાત્વ હોય છે જેમકે કોઇ જીવ શ્રી મહાવીર સ્વામી વિગેરેની જેમ સમકિત પામીને પછી ફરીથી મિથ્યાત્વ પામે છે, અને ત્યાર પછી ફરીને સમકિત પામી મોક્ષે જાય છે. એ ચોથો ભાંગો જાણવો. સાદિ અનંત નામનો ત્રીજો ભાંગો મિથ્યાત્વના વિષયમાં હોતો નથી. ૭૩.

તેમાં સાદિ સાંત નામનો ત્રીજો ભાંગો મિથ્યાત્વને વિષે કેટલા કાળ સુધી રહે છે? તે કહે છે—

लहु अंतमुहु गुरुअं देसूणमवड्ढपुग्गलपरट्टं ।
सासाणं लहु समओ आवलिछ्कं च उक्कोसं ॥ ७४ ॥

અર્થ—તે સાદિ સાંત ભાંગે મિથ્યાત્વ જઘન્યથી અંતર્મુહૂર્ત

સુધી રહે છે, અને ઉત્કૃષ્ટથી દેશે ઉણા અપાર્ધ (અર્ધ) પુદ્ગલ પરાવર્ત સુધી રહે છે ૧. તથા સાસ્વાદન નામનું બીજું ગુણસ્થાનક જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિ સુધી રહે છે. તેથી વધારે રહેતું નથી ૨. ૭૪.

अजहन्नमणुक्कोसं अंतमुहू मीसगं अह चउत्थं ।
समहिअतित्तीसयरे उक्कोसं अंतमुहु लहुअं ॥ ७५ ॥

અર્થ—ત્રીજું મિશ્ર ગુણસ્થાનક જઘન્ય તથા ઉત્કૃષ્ટથી અસંખ્ય સમયવાળા એક અંતર્મુહૂર્ત સુધી રહે છે ૩. ચોથું અવિરત નામનું ગુણસ્થાનક ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમથી કાંઇક અધિક કાળ સુધી રહે છે. કારણકે સર્વાર્થ સિદ્ધ વિમાનની સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે, તેમાં એક મનુષ્ય ભવનું આયુષ્ય વધે છે, તે અપેક્ષાએ એટલું પ્રમાણ જાણવું. અને જે ક્ષાયોપશમિક સમકિતની "**साहिअतित्तीसायर खइअं दुगुणं खउवसम्मं**" (ક્ષાયિકને આશ્રીને તેત્રીશ સાગરોપમથી અધિક સ્થિતિ છે, અને ક્ષાયોપશમિકને આશ્રીને તેથી બમણી સ્થિતિ છે) એ સ્થળે છાસઠ સાગરોપમથી કાંઇક અધિક સ્થિતિ કહી છે, તે સમ્યક્ત્વ છતાં પણ દેશવિરતિ વિગેરે ગુણસ્થાનકના અંતર્ગતપણાએ કરીને જાણવી. ચોથા ગુણસ્થાનકની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી. ૪. ૭૫.

देसूणपुव्वकोडी गुरुअं लहुअं च अंतमुहु देसं ।
छट्ठाइगारसंता लहु समया अंतमुहु गुरुआ ॥ ७६ ॥

અર્થ—પાચમા દેશવિરતિ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ વર્ષે ઉણી કરોડ પૂર્વની જાણવી; કારણ કે કોઇક કરોડ પૂર્વના આયુષ્યવાળો જીવ આઠ વર્ષની ઉમ્મર થયા પછી દેશવિરતિને ગ્રહણ કરે, તેથી આ પ્રમાણ થઇ શકે છે. તથા જઘન્ય સ્થિતિ

એક અંતર્મુહૂર્તની છે ૫ છઠ્ઠેથી અગ્યાર પર્યંત એટલે પ્રમત્ત ૬, અપ્રમત્ત, ૭, નિવૃત્તિ ૮, અનિવૃત્તિ ૯, સૂક્ષ્મ સંપરાય ૧૦ અને ઉપશાંતમોહ ૧૧ નામના છ ગુણસ્થાનકની જઘન્ય સ્થિતિ એક સમયની છે, આ સમયની સ્થિતિ ભવની પરાવૃત્તિ વડે (ભવ બદલાઇ જાય તો) પમાય છે. કારણ કે તે છએ ગુણસ્થાનકમાં વર્તતા જીવ શ્રેણીના આરોહ તથા અવરોહમાં એક સમય કોઈ પણ ગુણસ્થાનકને પામીને પછી તરતજ તેમને મરણનો સંભવ હોય છે. તે છએ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે ૭૬.

अंतमुहुत्तं एगं अलहुक्कोसं अजोगिखीणेसु ।
देसूणं पुव्वकोडी गुरुअं लहु अंतमुहु जोगी ॥ ७७ ॥

અર્થ—અયોગી કેવલી નામના ચોદમા અને ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે. તથા સયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ વર્ષે ઊણી એક કરોડ પૂર્વની છે, અને જઘન્યથી અંતર્મુહૂર્તની છે. ૭૭

હવે બીજું પ્રતિદ્વાર કહે છે—

मीसे खीणसजोगी न मरंत मरंतेगारसगुणेसु ।
तह मिच्छसासाणअविरइ सहपरभवगा न सेस हु॥७८

અર્થ—ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે, બારમા ક્ષીણમોહે અને સયોગી નામના તેરમે ગુણસ્થાને વર્તનો જીવ મરણ પામતો નથી. બાકીના અગ્યાર ગુણસ્થાન એટલે મિથ્યાત્વ ૧, સાસ્વાદન ૨, અવિરતિ ૩, દેશવિરતિ ૪, પ્રમત્ત ૫, અપ્રમત્ત ૬, નિવૃત્તિ ૭, અનિવૃત્તિ ૮, સૂક્ષ્મ સંપરાય ૯, ઉપશાંત મોહ ૧૦, અને અયોગી કેવલી ૧૧ ને વિષે વર્તતો જીવ મરણ પામે છે. (એ બીજું પ્ર-

તિદ્વાર પૂર્ણ થયું.) હવે ઉત્તરાર્ધ ગાથા વડે ત્રીજું પ્રતિદ્વાર કહે છે–મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતિ એ ત્રણ ગુણસ્થાનક સહિત જીવો પરભવમાં જાય છે. અર્થાત્ તે ત્રણ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જાય છે. બાકીના ગુણસ્થાનો જીવોની સાથે પરભવમાં જતા નથી અર્થાત્ મિશ્ર, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિ, અનિવૃત્તિ, સૂક્ષ્મ સંપરાય, ઉપશાત મોહ, ક્ષીણમોહ, સયોગી અને અયોગી એ ગુણસ્થાનોને લઈને જીવો પરભવમા જતા નથી. ૭૮. (અહીં ત્રીજું પ્રતિદ્વાર પૂર્ણ થયું.)

હવે ચોથું અલ્પબહુત્વ નામનું પ્રતિદ્વાર કહે છે—

उवसंतिजिणा थोवा संखिज्जगुणाओ खीणमोहिजिणा ।
सुहुमनिअट्टिअनिअट्टि तिन्नि वि तुल्ला विसेसहिआ ७९

અર્થ—આધારને વિષે આધેયનો ઉપચાર થવાથી ગુણસ્થાનને ઠેકાણે ગુણસ્થાનને વિષે વર્તતા જીવો લેવાય છે તેથી કરીને ઉપશાતિ જિનો એટલે ઉપશાંત મોહને વિષે વર્તતા જીવો સર્વથી થોડા છે. કારણ કે ઉપશમ શ્રેણી પ્રતિપદ્યમાન જીવો એક સમયમા ઉત્કર્ષથી ચોપન લભ્ય થાય છે. તેમનાથી ક્ષીણમોહ સંખ્યાત ગુણા છે કારણ કે ક્ષપકશ્રેણી પ્રતિપદ્યમાન જીવો એક સમયે એકસોને આઠ લભ્ય થઇ શકે છે. આ ઉત્કર્ષની અપેક્ષાએ જાણવું. જઘન્યની અપેક્ષાએ તો તેથી ઉલટું પણ હોઇ શકે. જેમકે ક્ષીણમોહ સૌથી થોડા હોય, અને ઉપશાત મોહ તેનાથી સંખ્યાત ગુણા હોય. એમ પણ થઈ શકે. તેમનાથી (ક્ષીણમોહથી) સૂક્ષ્મ સંપરાય, અનિવૃત્તિ અને અપૂર્વકરણ એ ત્રણે ગુણઠાણે વર્ત્તતા જીવો વિશેષ અધિક હોય છે. તેઓ પોતપોતાને સ્થાને એક બીજાની તુલ્ય (સરખા) હોય છે. ૭૯.

जोगि अपमत्त इयरे संखगुणा देस सासणा मिस्सा ।
अविरय अजोगि मिच्छा चउर असंखा दुवे णंता ॥८०॥

અર્થ—તેમનાથી સયોગી કેવલી સંખ્યાત ગુણા હોય છે. કારણ કે તેઓ બેથી નવ કરોડ પામી શકાય છે. તેમનાથી અપ્રમત્ત સંખ્યાત ગુણા હોય છે, કારણ કે તેઓ બે હજાર કરોડથી નવ હજાર કરોડ પામી શકાય છે તેમનાથી બીજા એટલે પ્રમત્ત ગુણસ્થાનવાળા સંખ્યાત ગુણા હોય છે, કારણ કે ઘણા જીવો પ્રમાદી હોય છે, અને પ્રમત્તપણુ ઘણા કાળ સુધી રહે છે તેમનાથી દેશવિરત, સાસ્વાદન, મિશ્ર અને અવિરત એ દરેક અસંખ્યાત ગુણા હોય છે, કારણ કે દેશવિરતિને ધારણ કરનાર તિર્યંચો અસંખ્યાતા છે સાસ્વાદન વાળા તો કોઇ વાર ન પણ હોય. અને હોય ત્યારે પણ જઘન્યથી એક બે હોય છે, તથા ઉત્કૃષ્ટથી દેશવિરતિ કરતા અસંખ્યાતા હોય છે તેમનાથી મિશ્ર અસંખ્યાત ગુણા હોય છે, કારણ કે સાસ્વાદનના છ આવળીકારૂપ ઉત્કૃષ્ટ કાળ કરતાં મિશ્રનો આંતર્મોહૂર્તિક કાળ ઘણો મોટો છે. તેમનાથી અવિરતો અસંખ્યાત ગુણા હોય છે, કારણ કે તે ગુણસ્થાને ચારે ગતિના જીવો હોય છે અવિરતોથી ભવસ્થ (કેવળી) અને અભવસ્થ (સિદ્ધ) એ બે પ્રકારના અયોગી અનંતા છે, કારણ કે સિદ્ધો અનંતા છે. તેમનાથી મિથ્યાદૃષ્ટિઓ અનંત ગુણા છે, કારણ કે તેમાં અનંતા વનસ્પતિ કાય જીવોનો સમાવેશ થાય છે. તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે આ પ્રમાણે ચોથું પ્રતિદ્વાર પૂર્ણ થયું. અને તેથી કરીને ગુણસ્થાન નામનું બારમું દ્વાર પણ પૂર્ણ થયું. ૮૦.

હવે ગ્રંથનો ઉપસંહાર (સમાપ્તિ) કરે છે.

**चउदसगुणसोवाणे इअ दुहरोहे कमेण रुहिऊणं ।
नरसुरमहिंदवंछियसिवपासाए सया वसह ॥ ८१ ॥**

અર્થ—આ પ્રમાણે હે ભવ્ય જીવો! ચૌદ ગુણસ્થાનરૂપ પગથીયાં કે જે ભારે કર્મીઓ વડે દુ:ખે આરોહણ કરાય તેવાં છે, તેના પર અનુક્રમે આરોહણ કરીને મનુષ્ય, દેવ અને ઇંદ્રોએ પણ ઇચ્છેલા મોક્ષરૂપ પ્રાસાદને વિષે નિરંતર નિવાસ કરો. અથવા મનુષ્ય અને દેવોએ તથા મહેંદ્રસિંહ નામના સૂરિએ વાંચ્છિત એવા મોક્ષ પ્રાસાદને વિષે નિવાસ કરો. આ અર્થથી ગ્રંથકારે પોતાનુ નામ પણ સૂચવ્યું છે. ૮૧.

શ્રી તપગચ્છરૂપી આકાશના આંગણામાં (મધ્યમાં) સૂર્ય સમાન શ્રી વિજયદેવ નામના સૂરિની આજ્ઞાથી વિનય કુશળ નામના મુનિએ આ વૃત્તિની રચના કરી છે

॥ इति श्री विचार सप्ततिकावृत्तिः ॥

अर्हम्

श्री पार्श्वनाथाय नमः

श्रीमद्विजयानंद सूरीश्वर पादपद्मेभ्यो नमः

॥ श्री विचार पञ्चाशिका ॥

(मूल तथा भाषांतर)

वीरपयकयं नमिउं देवा सुरनर भिरेफ सेविअयं।
जिण समयसमुद्दाओ विचारपंचासियं वुच्छं ॥ १ ॥

भावार्थ—સુર, અસુર અને મનુષ્યોરૂપી ભ્રમરોએ સેવન કરેલા શ્રી મહાવીર સ્વામીના ચરણકમળને નમસ્કાર કરીને જિનસમય (જિનેશ્વરે કહેલા સિદ્ધાન્ત-શ્રુત) રૂપી સમુદ્રમાથી ઉધરીને **વિચારપંચા-શિકાને** હું કહું છું. (૧)

વિશેષાર્થ—આ વિચારપંચાશિકા નામના ગ્રંથમાં નવ પદાર્થોનો વિચાર કહેવામાં આવ્યો છે તેમાં પ્રથમ શરીર કેટલો કાળ ગર્ભમાં રહીને નરકે તથા સ્વર્ગે જાય છે? તેનો વિચાર (૧)

ત્યાંથી આવીને (તે નરક તથા સ્વર્ગમાંથી મનુષ્ય અને તિર્યંચ ગતિમાં આવીને) કેટલો કાળ જીવે છે? તેનો વિચાર (૨), અપુદ્‌ગલી તથા પુદ્‌ગલીનો વિચાર (૩), સંમૂર્છિમ મનુષ્યની ગતિ તથા આગતિ (ગમન આગમન) નો વિચાર (૪), પર્યાપ્તિ (૫), જીવાદિકનું અલ્પબહુત્વ (૬), પ્રદેશ પુદ્‌ગલ તથા અપ્રદેશ પુદ્‌ગલ (૭),-કડજુમ્મા વિગેરે (૮), અને પૃથ્વી આદિનું પરિમાણ (૯). એ નવે વિચાર કહેવાના પ્રારંભમાં **પ્રથમ શરીરનું સ્વરૂપ કહે છે—**

उरालिय वेउव्विय आहारगतेअकम्मुणं भणियं ।
एयाए सरिराणं नवहा भेयं भणिस्सामि ॥ २ ॥

ભાવાર્થ—ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ એ પાચ શરીરના નવ ભેદોને હુ કહીશ એ નવ ભેદ આ પ્રમાણે—કારણ ૧, પ્રદેશ સંખ્યા ૨, સ્વામી ૩, વિષય ૪, પ્રયોજન ૫, પ્રમાણ ૬, અવગાહના ૭, સ્થિતિ ૮, તથા અલ્પ બહુત્વ ૯ (૨)

बायरपुग्गलबद्धं ओरालिय उयारं आगमे भणियं ।
सुहुमसुहुमेण तत्तो पुग्गल बंधेण भणियाणि ॥ ३ ॥

અર્થ—ઔદારિક શરીર બાદર (સ્થૂળ) પુદ્‌ગલોથી બંધાયેલુ છે તેમા ઉદાર એટલે પ્રધાન અને ઔદારિક શરીર એટલે પ્રધાન શરીર એ પ્રમાણે ઔદારિકનું આગમને વિષે વર્ણન કરેલું છે. તે (ઔદારિક) થકી ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મ પુદ્‌ગલના બંધે કરીને બંધાતાં બીજાં (ચાર) શરીરો કહેલા છે. ૩

વિશેષાર્થ—બાદર પુદ્‌ગલો એટલે સ્થૂળ પુદ્‌ગલોથી બંધાયેલ-ઉપચય પામેલું ઔદારિક શરીર હોય છે. તે કેવું છે? ઉદાર એટલે પ્રધાન તે સંબંધી **આવશ્યક** સૂત્રમા કહ્યું છે કે-જિને-

શ્વરના રૂપથી ગણુધરનું રૂપ અનંતગુણુ હીન છે, ગણુધરના રૂપથી અનંતગુણુ હીન આહારક શરીર છે, તેનાથી અનંતગુણુ હીન અનુત્તર વિમાનવાસી દેવતાનું રૂપ છે, તેનાથી અનંતગુણુ હીન અચ્યુત દેવનું, તેનાથી આરણુનું, એ રીતે પ્રાણુત, આનત, સહસ્રાર, શુક્ર, લાંતક, બ્રહ્મ, માહેંદ્ર, સનત્કુમાર, ઇશાન, સૌધર્મ, ભવનપતિ અને જ્યોતિષી એ સર્વ દેવોનું રૂપ ઉત્તરોત્તર અનંતગણુ હીણું છે. જ્યોતિષી દેવથી વ્યંતરનું રૂપ અનંતગુણુ હીન છે, તેનાથી ચક્રવર્તીનું રૂપ અનંતગુણુ હીન છે, તેનાથી વાસુદેવનુ રૂપ અનંતગુણુ હીન છે, તેનાથી બળરામનું રૂપ અનંતગુણુ હીન છે, તેનાથી મંડલિક રાજાનુ રૂપ અનતગુણુ હીન છે, ત્યાર પછીના બીજા રાજાઓ અને સર્વે મનુષ્યોનુ રૂપ છ ઠાણુગત છે. તે છ સ્થાન આ પ્રમાણે—અનત ભાગ હીન ૧, અસખ્ય ભાગ હીન ૨, સંખ્યાત ભાગ હીન ૩, સંખ્યાત ગુણુ હીન ૪, અસંખ્યાત ગુણુ હીન ૫ અને અનત ગુણુ હીન ૬. તે ઔદારિક શરીરથી સૂક્ષ્મ પુદ્ગલો વડે વૈક્રિય શરીર બધાયેલું હોય છે, તેનાથી સૂક્ષ્મ પુદ્ગલો વડે આહારક શરીર બંધાયું છે, તેનાથી સૂક્ષ્મ પુદ્ગલો વડે તૈજસ અને તેજસ્થી સૂક્ષ્મ પુદ્ગલો વડે કાર્મણુ શરીર બંધાયેલું છે. (૩)

એ પાંચે શરીરના પ્રદેશની સંખ્યા કહે છેઃ—

उरालिए अनंता तत्तो दोसु असंखगुणियाओ ।
तत्तो दोसु अणंता पणससंखा सुए भणिया ॥ ४ ॥

અર્થ—ઔદારિક શરીરમાં અનંતા પ્રદેશો છે. તેનાથી બીજા બે શરીરમાં અસંખ્યાત ગુણા છે, એટલે કે ઔદારિક શરીરમાં પ્રદેશો સર્વથી થોડા છે, તેનાથી વૈક્રિય શરીરમાં અસંખ્યાત ગુણુ અધિક છે, અને તેનાથી આહારક શરીરમાં અસખ્યાત ગુણુ અધિક

છે. તેનાથી (તે આહારક શરીરથી) છેલ્લા બે શરીરમાં અનંત ગુણા પ્રદેશો છે, એટલે કે આહારક શરીરથી અનંતગુણા તૈજસ શરીરમાં અને તૈજસથી અનંત ગુણા કાર્મણ શરીરમાં પ્રદેશો રહેલા છે. એ પ્રમાણે સિદ્ધાન્તમાં કહ્યું છે (૪)

હવે તેના સ્વામી કહે છેઃ—

तिरिअनराएमुरालं वेउव्वं देवनारगाणं च ।
तिरियनराणं वि तहा तल्लद्धिजुयाए तं भणियं ॥ ५ ॥

અર્થ—તિર્યંચ અને મનુષ્યને ઔદારિક શરીર હોય છે, દેવતાઓ અને નારકીઓને વૈક્રિય શરીર હોય છે તેમજ વૈક્રિય લબ્ધિવાળા કેટલાક તિર્યંચ અને મનુષ્યોને પણ વૈક્રિય શરીર હોય છે (૫)

चउदसपुव्विजईणं होइ आहारगं न अन्नेसिं ।
ते अकम्मण भणिअं संसारत्थाण जीवाणं ॥ ६ ॥

અર્થ—ચૌદ પૂર્વને ધારણ કરનારા મુનિઓને આહારક શરીર હોઇ શકે છે, તે સિવાય બીજાને તે (આહારક) શરીર હોતું નથી તથા તૈજસ અને કાર્મણ એ બે શરીર સર્વે સંસારી જીવોને (ચારે ગતિવાળા જીવોને) હોય છે એમ કહ્યું છે ૬

હવે તે પાંચે શરીરનો વિષય કહે છે.—

ओरालियस्स विसओ तिरियं विज्जाहराणमासज्ज ।
आनंदीसर गुरुओ जंघाचारणाण आरुयगो ॥ ७ ॥

અર્થ—ઔદારિક શરીરનો વિષય વિદ્યાધરોને આશ્રીને તીર્છો ઉત્કર્ષથી નંદીશ્વરદ્વીપ સુધી છે, તથા જંઘાચારણ મુનિને આશ્રીને (ઉત્કર્ષથી) રૂચક પર્વત સુધી છે (૭)

उड्ढं उभयाणं पिय आपंडगवणं सुए सया भणिओ ।
वेउव्वियस्स विसओ असंखदीवा जलहिणो य ॥ ८ ॥

અર્થ—ઊંચે ગતિ કરવામાં તે બન્નેનો એટલે વિદ્યાધર અને જંઘાચારણ મુનિનો વિષય મેરૂપર્વત ઉપરના પંડક નામના વન સુધી છે, એમ સિદ્ધાન્તમાં કહ્યું છે વૈક્રિય શરીરનો વિષય અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી છે ૮.

आहारगस्स विदेहा तेयाकम्माण सव्वलोगो य ।
ओरालियस्स कज्जं के [illegible]इयं भणियं ॥ ९ ॥

અર્થ—આહારક શરીરનો વિષય મહાવિદેહ ક્ષેત્ર પર્યંત છે, તથા તૈજસ અને કાર્મણ શરીરનો વિષય સર્વ (સમગ્ર) લોકમાં છે; કેમકે જીવ કેવળી સમુદ્‌ઘાત કરે છે, ત્યારે તે સર્વ લોકમાં વ્યાપી જાય છે.

હવે તે પાંચે શરીરનું પ્રયોજન (પાંચમો ભેદ) કહે છે.—

ઔદારિક શરીરનું પ્રયોજન ધર્મ, કેવલજ્ઞાનાદિક, તથા સુખ દુઃખાદિકની પ્રાપ્તિ એટલે અનુભવ કરવો તે છે. ૯.

थूलसुहुमं च रूवं एगअणेगाइ कज्जयं कहियं ।
वेउव्वियस्स आहारस्स संदेहविच्छेयगं भणियं ॥१०॥

અર્થ—સ્થૂલ અને સૂક્ષ્મ એવાં એક અથવા અનેક રૂપો કરવાં એ વૈક્રિય શરીરનું કાર્ય-પ્રયોજન કહેલું છે, તથા સૂક્ષ્મ પદાર્થના સંબંધમાં થયેલા સંશયનો વિનાશ કરવો, (આહારક શરીરવડે કેવળી પાસે જઇ પુછી લેવું) ઇત્યાદિક આહારક શરીરનું પ્રયોજન કહ્યું છે. ૧૦.

तेजससरीरकज्जं आहारपायं सुए समक्खायं ।
सावाणुग्गहणं पुण कम्मणस्स भवंतरे गाहियं ॥११॥

અર્થ—ખાધેલા આહારનો પરિપાક કરવો તથા કોઇને શાપ આપવો કે કોઇના પર અનુગ્રહ કરવો (આશિષ દેવી), એ તેજસ શરીરનું પ્રયોજન છે, એમ શ્રુતમાં કહ્યું છે તથા એક ભવમાંથી બીજા ભવમાં ગતિ કરવી, એ કાર્મણ શરીરનું પ્રયોજન છે. ૧૧.

હવે એ પાંચે શરીરનું પ્રમાણ (છઠ્ઠો ભેદ) કહે છે.—

ओरालियं सरीरं जोयणं दससय पमाणओ अहियं ।
वेउव्वियं च गुरुअं जोअणलक्खं समाहियं वा ॥ १२ ॥

અર્થ—ઔદારિક શરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ એક હજાર જોજનથી કાંઇક અધિક છે, અને વૈક્રિય શરીરનુ ઉત્કૃષ્ટ માન લાખ યોજનથી કાંઇક અધિક છે આ વિષય પર **પ્રજ્ઞાપના** સૂત્રના એકવીશમા પદમાં કહ્યું છે કે—તિર્યંચ જાતિમાં બાદર પર્યાપ્ત વાયુકાય, જળચર, ચતુષ્પદ (ચાર પગવાળા જાનવરો), ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરો * (પક્ષીઓ) ને તથા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો—આટલાને જ હોય છે. તે સિવાય બીજાને વૈક્રિય શરીરનો નિષેધ છે, કેમકે તેઓને (બીજાઓને) ભવ સ્વભાવથી જ વૈક્રિય લબ્ધિનો અસંભવ છે. ૧૨.

आहारगं सरीरं हत्थपमाणं सुए समक्खायं ।
तेयस्स कम्मणमाणं लोयपमाणं सया भणियं ॥ १३ ॥

અર્થ—આહારક શરીરનું પ્રમાણ એક હાથનું શ્રુતમાં કહ્યું

* આ પચેંદ્રી તિર્યંચો પણ સંખ્યાતા આયુવાળાને ગર્ભજ જાણવા.

છે. તથા તૈજસ અને કાર્મણ શરીરનું માન ઉત્કર્ષથી લોક પ્રમાણ (લોક જેવડું) કહ્યું છે. ૧૩.+

હવે પાંચે શરીરની અવગાહના (સાતમો ભેદ) કહે છે.—

असंखपएससंठियं ओरालियं यं जिणेण वज्जरियं ।
इत्तो य बहुयरेसु ष्ववियं वेउव्वियसरीरं ॥ १४ ॥

અર્થ—ઔદારિક શરીર અસંખ્યાતા આકાશ પ્રદેશમાં સ્થિત રહેલું છે, એમ જિનેશ્વરે કહ્યું છે; અને વૈક્રિય શરીર તે કરતાં વધારે આકાશ પ્રદેશમાં રહેલું છે, એમ કહ્યું છે. ૧૪.

एहिं तो अप्पंमि पएसवग्गे तइय वज्जरियं ।
सव्वे लोगागासे तेयसकम्माण गाहणयं ॥१५॥

અર્થ—ઉપર કહેલા બે શરીર કરતાં અલ્પ (થોડા) પ્રદેશ વર્ગમાં ત્રીજા આહારક શરીરની અવગાહના કહેલી છે. તથા તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સર્વ લોકાકાશ પ્રદેશમાં કહેલી છે ૧૫.

હવે પાંચે શરીરની * સ્થિતિનો ભેદ (આઠમો) કહે છે.

अंतोमुहुत्त लहुयं ओरालिय आउमाण संगहियं ।
गुरुयं तिपल्लमुत्तं वेउव्वे अह भणिस्सामि ॥ १६ ॥

અર્થ—ઔદારિક શરીરના આયુષ્યનું પ્રમાણ (સ્થિતિનું માન) જઘન્ય અંતર્મુહૂર્તનું કહેલું છે, અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું કહ્યું છે. હવે વૈક્રિય વિષે કહું છું. ૧૬

+ આ પ્રમાણ કેવળી સમુદ્ઘાતને આશ્રીને સમજવું.

* અહીં સ્થિતિ એટલે તે શરીરવાળા જીવોનું આયુષ્ય જાણવું. અવગાહનાના પર્યાયમાં જે સ્થિત-સ્થિતિ એવા શબ્દો મૂકાય છે, તે અમુક ક્ષેત્રને વ્યાપીને રહેવું તે છે.

दसवरससहस्साइं उक्कोसं सागराणि तित्तीसं ।
उत्तरवेउव्वियंमि लहुयमुहुत्तं गुरुयमेवं ॥ १७ ॥

અર્થ—(વૈક્રિય શરીરનું આયુષ્યમાન) જઘન્ય દશ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમનું છે. તથા ઉત્તર વૈક્રિયનું (આયુષ્ય) જઘન્યથી અંતર્મુહૂર્તનું છે. અને ઉત્કર્ષથી આ પ્રમાણે છે, એટલે આગળ લખેલી જીવાભિગમની ગાથામાં કહ્યું છે તે પ્રમાણે છે. ૧૭.

अंतोमुहुत्त निरएसु होइ चत्तारि तिरिमणुएसु ।
देवेसु अद्धमासो उक्कोसविउव्विणे कालो ॥ १८ ॥

અર્થ—નરકને વિષે ઉત્તર વૈક્રિયનું ઉત્કૃષ્ટ કાળ પ્રમાણ અંતર્મુહૂર્તનું છે, તિર્યંચ અને મનુષ્યને વિષે ચાર અંતર્મુહૂર્તનું છે, દેવતાઓને વિષે ઉત્કૃષ્ટપણે વૈક્રિ. શરીરનું સ્થિતિમાન અર્ધ માસનું છે આ વિષે **ભગવતી** સૂત્રમાં વાયુકાયિકને તથા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ઉત્કૃષ્ટપણાથી પણ ઉત્તર વૈક્રિય શરીરનું સ્થિતિમાન અન્તર્મુહૂર્તનુ કહ્યું છે તેનું રહસ્ય જ્ઞાની ગમ્ય છે. ૧૮.

आ.ारगस्स कालो अंतमुहुत्तं जहन्नमुक्किट्ठो ।
तेयस्स कम्मणरूवे सव्वेसिमणाइए भणिए ॥ १९ ॥

અર્થ—આહારક શરીરનું કાળમાન જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનું છે. તથા તૈજસ અને કાર્મણ શરીર સર્વે (ભવ્ય અને અભવ્ય) જીવોને અનાદિ કહેલું છે * (અર્થાત્ તૈજસ અને કાર્મણ શરીર અનાદિ કાળથી જીવને લાગેલ છે.) ૧૯.

. આ બે શરીર ભવ્ય (જાતિ ભવ્ય વિનાના) ને આશ્રીને અનાદિ સાત છે અને અભવ્યને આશ્રીને અનાદિ અનત છે.)

भव्वे सपज्जवसिए अपज्जवसिए अभव्वजीवेसु ।
अप्पबहुत्तं भणिमो एगं दो वा जहन्नेणं ॥ २० ॥

અર્થ—તેમાં ભવ્ય પ્રાણીને આશ્રીને સપર્યવસિત એટલે સાંત અને અભવ્ય જીવોને આશ્રીને અપર્યવસિત એટલે અનંત કહેલ છે. હવે તે પાંચે શરીરનું અલ્પ બહુત્વ (નવમો ભેદ) કહે છે.—તેમાં સર્વના કરતાં આહારક શરીર થોડા છે, કેમકે તે કદાચિત્ સંભવે છે. જ્યારે તેનો સંભવ થાય છે ત્યારે જઘન્યથી એક કે બે હોય છે. ૨૦.

उक्कोस नवसहस्सा आहारसरीरगा हवंति सुए ।
अंतरमेसिं जहन्नं समयं छम्मास गुरुभणियं ॥ २१॥

અર્થ—અને ઉત્કૃષ્ટપણે નવ હજાર આહારક શરીર હોય છે. એ શરીરનું અંતર (આંતરૂં) જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી છ માસનું કહેલું છે. ૨૧.

इत्तो असंख वेउव्विआणि हुंति सरीरगाणि जए ।
तत्तो असंखगुणिआ ओरालिअदेहसंघाया ॥ २२ ॥

અર્થ—એ આહારક શરીરોથી વૈક્રિય શરીરો અસંખ્ય ગુણાં છે. અને વૈક્રિય શરીરોથી ઔદારિક શરીરના સમૂહો અસંખ્ય ગુણા છે. * ૨૨.

तत्तो तेअस-कम्मण हुंति सरीराणि णंतगुणिआणि ।
वित्थरभेअविआरो णेअव्वो सुअसमुद्दाओ ॥ २३ ॥

* અનંતા નિગોદ જીવોનું શરીર ઔદારિક એક જ હોવાથી ઔદારિક શરીર અસંખ્યાતા જ છે.

અર્થ—તે ઔદારિક શરીરોથી તૈજસ અને કાર્મણ શરીરો પ્રત્યેક જીવને એકેક જુદા જુદા હોવાથી અનંતા છે. આ નવે ભેદોનો વિસ્તારથી વિચાર શ્રુત રૂપી સમુદ્રથી જાણી લેવો. (અર્થાત્ અહીં સંક્ષેપે કહ્યો છે) ૨૩.

પ્રથમ શરીરનો વિચાર કહ્યો, હવે બીજો વિચાર કહે છે.

नरसंखायगमणं रयणाए भवण जाव इसाणे ।
ताव तणु जहन्नेणं परिमाणं अंगुलपहुत्तं ॥ २४ ॥

અર્થ—સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા જે ગર્ભજ મનુષ્યો રત્નપ્રભા નામની પહેલી નરકે, ભવનપતિમાં, વ્યંતરમાં, જ્યોતિષીમાં અને સૌધર્મ તથા ઇશાન દેવલોકમાં જાય છે, તેઓના શરીરનું પ્રમાણ જઘન્યથી પણ અંગુળ પૃથક્ત્વ (બેથી નવ આંગળનું) હોય છે. ૨૪.

ताण ठिई जहन्नेणं मासपहुत्तं ति होइ नायव्वा ।
उक्कोस पुव्वकोडी जेट्ठतणु पंचधणुहसयं ॥ २५ ॥

અર્થ—અને તેની સ્થિતિ એટલે આયુષ્ય જઘન્યથી પણ માસ પૃથક્ત્વ (બેથી નવ માસ) નું હોય છે, એમ જાણવું. તથા તેમની ઉત્કૃષ્ટ સ્થિતિનું માન કરોડ પૂર્વનું છે. અને તેઓનું ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ પાંચસો ધનુષનું છે. ૨૫.

सक्करसणाइएसु मणुआणं तणु जहन्नओ होइ ।
रयणिपहुत्तं णेअं उक्कोसं पुव्वभणिअं तु ॥ २६ ॥

અર્થ—જે મનુષ્યોનું ગમન શર્કરા પૃથ્વીથી આરંભીને છએ નરકમાં તથા સનત્કુમાર દેવલોકથી આરંભીને અનુત્તર વિમાન પર્યંત હોય છે, તે મનુષ્યોના શરીરનું માન જઘન્યથી પણ બેથી નવ રત્નિ (હાથ) નું અને ઉત્કૃષ્ટથી પૂર્વે કહેલું છે એટલું એટલે પાંચસો ધનુષનું હોય છે. ૨૬.

ताण ठिई जहन्नेणं वासपहुत्तं तु होइ णायव्वा ।
उक्कोसा पुव्वं पिव आगममाणस्स एमेव ॥ २७ ॥

અર્થ—તેમની સ્થિતિ (આયુ) જઘન્યે બેથી નવ વર્ષની હોય છે, અને ઉત્કૃષ્ટ પૂર્વે કહેલી એટલે એક કરોડ પૂર્વની હોય છે. આગમનને માટે પણ એજ પ્રકાર છે. શી રીતે ? તે વિવરીને કહે છે.—રત્નપ્રભા પૃથ્વીથી નીકળીને જેઓ ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, તેમની સ્થિતિ જઘન્ય બેથી નવ માસની હોય છે અર્થાત્ તેટલા કાળની અંદર તેઓ કાળ ધર્મ પામતા નથી, અને તેઓના શરીરનું જઘન્ય પ્રમાણ બેથી નવ અંગુળનું હોય છે. તથા તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ એક કરોડ પૂર્વની હોય છે, અને તેમના શરીરનું માન ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષનું હોય છે જેઓ શર્કરા પ્રભાદિક પાંચ નરક ભૂમિમાંથી આવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, તેઓની જઘન્ય સ્થિતિ બેથી નવ વર્ષની હોય છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક કરોડ પૂર્વની હોય છે. તથા જેઓ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઇશાન દેવલોકથી આવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, તેઓની પણ જઘન્ય સ્થિતિ બેથી નવ માસની હોય છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ કરોડ પૂર્વની હોય છે, તેઓના શરીરનું માન જઘન્યથી બેથી નવ અંગુળનું હોય છે અને ઉત્કૃષ્ટથી પાચસો ધનુષનું હોય છે. હવે જેઓ સનત્કુમારથી આરંભીને અનુત્તર વિમાન સુધીના દેવલોકથી આવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, તેઓની જઘન્ય સ્થિતિ બેથી નવ વર્ષની હોય છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ કરોડ પૂર્વની હોય છે. તેઓનું શરીર જઘન્યથી બેથી નવ હાથનું હોય છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષનું હોય છે. ૨૭.

હવે પુદ્ગલી અને અપુદ્ગલી નામનો ત્રીજો વિચાર કહે છે-

धम्माधम्मागासा जीवा कालो य खायगं चेव ।
सासायण उवसमियं अपुग्गलाइं तु एआइं ॥ २८ ॥

અર્થ—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ, કાળ, ક્ષાયિકભાવ, સાસ્વાદનભાવ, અને ઔપશમિકભાવ એ આઠ અપૌદ્ગલિક છે ૨૮.

ओरालिअ वेउव्विअ आहारग तेजसं झूणी मणो ।
उस्सासं निस्सासं कम्मण कम्माणि छाय तमो ॥२९॥
वग्गण अणंत आयव मिस्सखंधो अचित्तमहखंधो ।
वेअग खाओवसमं उज्जोअ पुग्गल सुए भणिअं ॥३०॥

અર્થ—ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ધ્વનિ (ભાષા), મન, ઉચ્છ્વાસ નિશ્વાસ, કાર્મણ શરીર, કર્મ, છાયા (પડછાયો), તમ એટલે અંધકાર, અનંતી વર્ગણા, આતપ, મિશ્રસ્કંધ, અચિત્ત-મહાસ્કંધ, વેદક સમકિત, ક્ષાયોપશમ સમકિત અને ઉદ્યોત એ અઢાર પુદ્ગલિક છે, એમ શ્રુતમાં કહેલું છે. ૨૯–૩૦,

હવે સંમૂર્છિમ મનુષ્યની ગતિ અને આગતિ નામનો ચોથો વિચાર કહે છેઃ—

नेरइअ देव अगणी वाउ य वज्जिअ असंख जीवा ओ ।
सेसा सव्वे वि जिआ समुच्छिममणुएसु गच्छंति ॥३१॥

અર્થ—નારકી, દેવતા, અગ્નિકાય, વાયુકાય, અસંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો–એટલાને વર્જિને બાકીના સર્વે સંસારી જીવો સંમૂર્છિમ મનુષ્યમાં જાય છે (ઉત્પન્ન થાય છે). ૩૧

नेरइअदेवजुअला वज्जिअ सेसेसु जीवट्ठाणेसु ।
संमुच्छिमनराणं गमणं सव्वे वि अ पढमगुणठाणी ॥३२॥

અર્થ—સંમૂછિમ મનુષ્યોની ઉત્પત્તિ નારકી, દેવ અને યુગલિયાને વર્જિને બાકીના જીવ સ્થાનકોને વિષે હોય છે, અને તેઓ સર્વે પ્રથમ ગુણસ્થાનમાં વર્તનારા એટલે મિથ્યાદૃષ્ટિ, અન્તર્મુહૂર્તની ભવસ્થિતિવાળા અને બેથી નવ મુહૂર્તની કાયસ્થિતિવાળા હોય છે. ૩૨.

હવે પર્યાપ્તિનું સ્વરૂપ (પાંચમો વિચાર) કહે છે.—

आहार सरीरिंदिय उसासे वय मणे छ पज्जत्ती ।
चउ पंच पंच छप्पिय इगविगलाऽमणसमण तिरिए॥३३॥

અર્થ—આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇંદ્રિય પર્યાપ્તિ, ઉચ્છ્વાસ પર્યાપ્તિ, વચન પર્યાપ્તિ અને મન પર્યાપ્તિ એ છ પર્યાપ્તિઓ છે. તેમાં એકેંદ્રિયોને પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે, વિકલેન્દ્રિય એટલે દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે, અસંજ્ઞી મનુષ્ય અને તિર્યંચને એટલે સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્ય અને તિર્યંચને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે, તથા સંજ્ઞી–ગર્ભજ તિર્યંચોને છએ પર્યાપ્તિઓ હોય છે. ૩૩.

गब्भय नर निरएसु छप्पिय पज्जत्ति पंच देवाणं।
जं तेसिं वयमणाणं दोण्ह वि पज्जत्ति समकालं॥ ३४ ॥

અર્થ—ગર્ભજ મનુષ્યો અને નારકીઓને છ પર્યાપ્તિઓ હોય છે, તથા દેવતાઓને પાંચ પર્યાપ્તિઓ હોય છે, કારણકે દેવતાઓને વચન અને મન સંબંધી બે પર્યાપ્તિઓ સમકાળે (એકી વખતે) જ થાય છે. **શ્રી રાજપ્રશ્નીય** ઉપાંગ વિષે કહ્યું છે કે–" ત્યાર પછી તે **સૂર્યાભ** દેવતા પાંચ પ્રકારના પર્યાપ્તિ ભાવને પામ્યો. તે

આ પ્રમાણે—આહાર પર્યાપ્તિ, ઇંદ્રિય પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઉચ્છ્વાસ પર્યાપ્તિ તથા વચન પર્યાપ્તિ." ૩૪.

रलवेउव्वाहारे छण्ह वि पज्जत्ति जुगवमारंभो ।
तेण्हं पढमेगसमए बीआ अंतोमुहुत्तिआ हवइ ॥३५॥

અર્થ—ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરવાળાને છએ પર્યાપ્તિનો આરંભ સમકાળેજ થાય છે. તેમાં તે ત્રણે શરીરવાળાને પહેલી આહાર પર્યાપ્તિ એક સમયમાં થાય છે. અને બીજી શરીર પર્યાપ્તિ અંતર્મુહૂર્તે થાય છે ૩૫.

पेहु पिहु असंखसमइय अंतमुहुत्ता उरालिचउरो पि ।
पेहु पिहु समया चउरो हुंति विउव्विआहारे ॥ ३६ ॥

અર્થ—ઔદારિક શરીરવાળાને છેલ્લી ચાર (ઇંદ્રિય, ઉચ્છ્વાસ, વચન અને મન) પર્યાપ્તિઓ જૂદા જૂદા અસંખ્ય અસંખ્ય સમયવાળા અંતર્મુહૂર્તે થાય છે, તથા વૈક્રિય અને આહારક શરીરવાળાને એ ચારે પર્યાપ્તિઓ ભિન્ન ભિન્ન સમયે સમયે થાય છે એટલે કે પહેલે સમયે ઇંદ્રિય પર્યાપ્તિ, બીજે સમયે ઉચ્છ્વાસ પર્યાપ્તિ, ત્રીજે સમયે વચન પર્યાપ્તિ અને ચોથે સમયે મન પર્યાપ્તિ. એ પ્રમાણે થાય છે ૩૬.

छण्हं वि समारंभो पढमा समएण अंतमुहु बीआ ।
ते तुरिअ समए समए सुरेसु पण छच्च इगसमए ॥३७॥

અર્થ—દેવતાઓને છએ પર્યાપ્તિનો આરંભ સમકાળે થાય છે પછી તેમાની પહેલી આહાર પર્યાપ્તિ એક સમયે પૂર્ણ થાય છે, બીજી શરીર પર્યાપ્તિ અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે, ત્રીજી અને ચોથી એક એક સમયે થાય છે એટલે કે ત્રીજી ઇંદ્રિય પર્યાપ્તિ

એક સમયે થાય છે, ચોથી ઉચ્છ્વાસ પર્યાપ્તિ ત્યાર પછીના બીજે સમયે થાય છે. તથા પાંચમી વચન પર્યાપ્તિ અને છઠ્ઠી મન પર્યાપ્તિ એકજ સમયે થાય છે.

જે જીવો પોતપોતાની પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા છતાજ કાળધર્મ પામે છે, તેઓ પણ પહેલી ત્રણ પર્યાપ્તિઓને તો સમાપ્ત એટલે પૂર્ણ કરીને પછી એક અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધીને (આયુષ્યનો બંધ કરીને) અને ત્યાર પછી અબાધાકાળ રૂપ અંતર્મુહૂર્ત સુધી જીવીને પછીજ મરે છે, પણ તે પહેલા મરતા નથી, કારણ કે આવતા ભવનું આયુષ્ય આહાર, શરીર અને ઇંદ્રિય એ ત્રણ પર્યાપ્તિ વડે પર્યાપ્તા થયેલા જીવો જ બાંધે છે, (અને આગામી ભવનું આયુષ્ય બાંધ્યા વિના જીવ મરતો નથી, તેમજ જઘન્ય અંતર્મુહૂર્ત જેટલા પણ અબાધા કાળ વિના તે આયુ ઉદયમાં આવતું નથી તેથી ઉપર કહેલું યુક્તિ યુક્ત છે.) ૩૭

सो लद्धिए पज्जत्तो जो य मरइ पूरिउं सपज्जत्ति ।
लद्धि अपज्जत्तो पुण जो मरइ ता अपूरित्ता ॥ ३८ ॥

અર્થ—જે (જીવ) પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરે, તે લબ્ધિ પર્યાપ્તો કહેવાય છે, અને જે જીવ પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં મરી જાય તે લબ્ધિ અપર્યાપ્તો કહેવાય છે. ૩૮.

नज्जवि पूरेइ परं पूरिस्सइ स इह करणअपज्जत्तो ।
सो पुण करणपज्जत्तो जेणं ता पूरिआ हुंति ॥ ३९ ॥

અર્થ—જેણે પોતાની પર્યાપ્તિઓ હમણાં પૂર્ણ કરી નથી, પરંતુ આગળ ઉપર અવશ્ય પૂર્ણ કરવાનો છે, તે કરણ એટલે શરીર ઇંદ્રિયાદિ વડે અપર્યાપ્તો હોય ત્યાં સુધી કરણ અપર્યાપ્તો

કહેવાય છે. અને જેણે પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરી હોય છે તે કરણ પર્યાપ્તો કહેવાય છે. ૩૯

હવે અલ્પ બહુત્વ નામનો છઠ્ઠો વિચાર. કહે છેઃ—

नर नेरइआ देवा सिद्धा तिरिआ कमेण इह होंति।
थोव असंख असंखा अणंत गुणिआ अणंतगुणा ॥ ४० ॥

અર્થ—મનુષ્યો સૌથી થોડા છે, તેનાથી અસંખ્ય ગુણા નારકી છે, તેનાથી અસંખ્ય ગુણા દેવતાઓ છે, તેનાથી અનંતગુણા સિદ્ધો છે, અને તેનાથી અનતગુણા તિર્યંચો છે, એમ અનુક્રમે જાણવું આ અલ્પ બહુત્વ પાંચ ગતિની અપેક્ષાએ કહેલુ છે ૪૦.

नारी नर नेरइआ तिरित्थि सुर देवी सिद्ध तिरिआ य।
थोव असंखगुण चउ संखगुणऽनंतगुण दुन्नि ॥ ४१ ॥

અર્થ—મનુષ્યની સ્ત્રીઓ સૌથી થોડી છે, તેનાથી ચાર અસંખ્ય ગુણા છે, એટલે કે મનુષ્યની સ્ત્રીઓથી મનુષ્યો અસંખ્ય ગુણા છે, અહીં સંમૂર્છિમ મનુષ્યો પણ ભેળા લેવા, કેમકે અહીં વેદની વિવક્ષા નથી * તેનાથી નારકીઓ અસંખ્ય ગુણા છે, તેનાથી તિર્યંચની સ્ત્રીઓ અસખ્ય ગુણી છે, અને તેનાથી દેવતાઓ અસંખ્ય ગુણા છે તથા દેવતાઓથી સખ્યાત ગુણી દેવીઓ છે. ત્યાર પછી બે અનતગુણા છે, એટલે દેવીઓથી અનંતગુણા સિદ્ધ છે, અને તેનાથી પણ અનતગુણા તિર્યંચો છે. (સૂક્ષ્મ બાદર નિગોદના જીવો અદર ગણવાથી) આ અલ્પ બહુત્વ આઠ ગતિને આશ્રીને કહેલું છે ૪૧

* પુરુષવેદી અને નપુસકવેદી બંને નર શબ્દે લેવા. સંમૂર્છિમ મનુષ્ય નપુસકવેદી જ હોય છે અને અસખ્યાતા હોય છે. પુરૂષવેદી ગર્ભજતો સખ્યાતા જ હોય છે.

હવે એકેંદ્રિયાદિકનું અલ્પ બહુત્વ કહે છે—

पण चउ ति दुय अणिंदिअ एगिंदिय सेंदिआ कमा हुंति।
थोवा तिअति अहिया दो णंत गुणा विसेसहिआ ॥४२॥

અર્થ—પચેંદ્રિય સૌથી થોડા છે, તેનાથી ચતુરિંદ્રિય અધિક છે, તેનાથી ત્રીંદ્રિય અધિક છે, તેનાથી દ્વીંદ્રિય અધિક છે, તેનાથી અનિંદ્રિય એટલે સિદ્ધો અનતગુણા છે, તેનાથી એકેંદ્રિય (વનસ્પતિ નિગોદ વિગેરે) અનંતગુણા છે, અને તેનાથી સેંદ્રય (એકેંદ્રિય દ્વીંદ્રિય વિગેરે) વિશેષાધિક છે. ૪૨.

હવે સકાયનું અલ્પ બહુત્વ કહે છે.—

तस तेउ पुढवि जल वायुकाय अकाय वणस्सइ सकाया।
थोव असंखगुणाहिअ तिण्णिओ दो णंत गुण अहिआ॥४३॥

અર્થ—સૌથી થોડા ત્રસ જીવો છે, તેનાથી તેજસ્કાય અસંખ્ય ગુણા છે, તેનાથી પૃથ્વીકાય અધિકા છે, તેનાથી અપ્કાય અધિકા છે, તેનાથી વાયુકાય અધિકા છે, તેનાથી અકાય એટલે સિદ્ધો અનંતગુણા છે, તેનાથી વનસ્પતિકાય અનંતગુણા છે, અને તેનાથી સકાય અધિકા છે. ૪૩.

અહીં અકાય શબ્દે સિદ્ધો જાણવા અને સકાય શબ્દે સર્વ સંસારી જીવો જાણવા.

હવે જીવાજીવાદિનું અલ્પ બહુત્વ આ પ્રમાણે—

जीवा पुग्गल समया दव्व पएसा य पज्जयाचेव।
थोवा णंता णंता विसेसमहिआ दुवे णंता ॥४४॥

અર્થ—જીવ, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ અને પર્યાયો-એ અનુક્રમે થોડા, અનંતગુણા, અનંતગુણા, વિશેષાધિક, અને છેલ્લા બે અનંતગુણા એ પ્રમાણે છે.

વિશેષાર્થ—પ્રત્યેક જીવો અનંતાનંત પુદ્ગલોથી બંધાયેલા પ્રાયે હોય છે, અને પુદ્ગલો જીવ સાથે બદ્ધ અને અસંબદ્ધ એમ બન્ને પ્રકારના હોય છે, તેથી જીવ પુદ્ગલો કરતાં સ્તોક છે. જીવથી અનંતગુણા પુદ્ગલો છે. કારણ કે જે તેજસાદિક શરીર જીવે ગ્રહણ કરેલા છે, તેના પુદ્ગલો પરિમાણને આશ્રીને જીવ કરતાં અનતગુણા છે તથા તૈસજ શરીરથી પ્રદેશ પરિમાણમાં અનંતગુણા કાર્મણ પ્રદેશો છે. એ પ્રમાણે તે તૈજસ અને કાર્મણ જીવ પ્રતિબદ્ધ જીવ કરતાં અનંતગુણા છે, અને જીવ વિમુક્ત-જીવે ગ્રહણ કરીને મૂકી દીધેલા તે કરતા પણ અનંતગુણા છે. બાકીના શરીર સંબધી વિચાર અહીં કરવામાં આવ્યો નથી. કારણકે તે ગ્રહણ કરીને મૂકેલા પણ પોતપોતાના સ્થાનમાં તૈજસ કાર્મણને અનંતમે ભાગે છે આ પ્રમાણે તૈજસ શરીરના પુદ્ગલો પણ જીવ કરતા અનંતગુણા છે, તો પછી કાર્મણાદિ પુદ્-ગલ રાશિ સહિત કરીયે, ત્યારે અનંતગુણા થાય, તેમાં શું કહેવું? તથા ઓદારિક પંદર પ્રકારના પ્રયોગથી પરિણુત એવા પુદ્ગલો સ્તોક (થોડા) છે. તેનાથી મિશ્ર પરિણુત પુદ્ગલો અનંતગુણા છે. પ્રયોગકૃત આકારને જેણે સર્વથા તજ્યો નથી, અને જે સ્વભાવે (વિશ્રસા પરિણામે) પરિણામાતરને પામેલા છે, એવા મૃતકલે-વરાદિક વિશ્રસા છે અથવા ઔદારિકાદિક વર્ગણારૂપ વિશ્રસા પરિ-ણામે પરિણમેલા છતા જે જીવ પ્રયોગ વડે એકેંદ્રિયાદિ શરીર વિગેરે પરિણામાંતરને પામેલ હોય છે, તે મિશ્ર પરિણુત પુદ્ગલો કહેવાય છે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે—પ્રયોગ પરિણામ પણ એજ પ્રકારનો હોય છે, તો એ બેમાં વિશેષ શું છે?

તેનો ઉત્તર—હે શિષ્ય! તારૂ કહેવું સત્ય છે. પણ પ્રયોગ પરિણુતને વિષે વિશ્રસા પરિણામ છતાં પણ તેની વિવક્ષા કરી

નથી. આ પ્રમાણે પ્રયોગસા કરતાં વિશ્રસા અનંતગુણા છે. તે કરતાં પણ વિશ્રસા પરિણત પુદ્ગલો અનંતગુણા છે. કારણકે જીવ અગ્રહણ પ્રાયોગ્ય પરમાણુ આદિ પણ ગ્રહણ પ્રાયોગ્ય કરતાં અનંતગુણા છે. એ પ્રમાણે ત્રણે પ્રકારના સર્વ પુદ્ગલો પણ જીવ કરતાં અનંતગુણા છે. ૨. પુદ્ગલો કરતાં સમયો અનંતગુણા છે. શી રીતે ? સમય ક્ષેત્રને વિષે–અઢીદ્વીપને વિષે જે દ્રવ્યોના પર્યાયો છે, તે એક એક પર્યાયોમાં વર્તમાન સમય વર્તે છે. એ પ્રમાણે વર્તમાન સમય અઢી દ્વીપના દ્રવ્ય પર્યાય ગુણો થાય છે. તે રીતે ગણુતા વર્તમાન એક સમય અનંતા સમય રૂપ થાય છે. તેથી વર્તમાન સમય પણ પુદ્ગલો કરતાં અનંતગુણો થાય છે. કેમકે એક દ્રવ્યના પર્યાયોનું પણ અનંતાનંતપણું છે. વળી કેવળ આ અઢી દ્વીપમાં રહેલા પુ ્ગલો કરતાંજ અનંતગુણા સમય છે, એમ નહીં, પરંતુ સર્વ (આખા) લોકમાં રહેલા દ્રવ્યોના પર્યાયો કરતાં પણ તે (સમય) અનંતગુણા છે. આનો વિસ્તાર ગ્રંથાંતરથી જાણી લેવો. ૩. સમય કરતાં દ્રવ્યો વિશેષાધિક છે કેવી રીતે ? તે કહે છે.—સર્વ સમયો ઉપરાંત બાકીના પ્રત્યેક દ્રવ્યો જીવ પુદ્ગલ ધર્માસ્તિકાય વિગેરેને તે ત્રીજા બોલમાં કહેલ સમયમાં ક્ષેપન કરીયે, તો તે કેવળ સમય કરતાં સમસ્ત દ્રવ્યો વિશેષાધિક જ થાય છે. પણ સંખ્યાત ગુણા વિગેરે થતા નથી, કારણ કે સમય દ્રવ્યની અપેક્ષાએ જીવાદિક શેષ દ્રવ્યો ઓછા છે તેથી. ૪. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે–અદ્ધા સમયને દ્રવ્યજ શા માટે કહેવું જોઇએ ? ઉત્તર–સમય સ્કંધની અપેક્ષાએ પદાર્થપણાનું પણ તેમાં પૂજ્યમાનપણું છે તેથી. તે આ પ્રમાણે–જેમ સ્કંધ દ્રવ્ય તરીકે સિદ્ધ છે, અને સ્કંધના અવયવો પ્રદેશપણે સિદ્ધ છે, તેમ સમય સ્કંધ વર્તી સમયો પ્રદેશો છે, ને સમય

સ્કંધ તે દ્રવ્ય છે. ૪. દ્રવ્ય કરતા પ્રદેશો અનંતગુણા છે. શી રીતે? તે કહે છે—અદ્ધા સમય દ્રવ્ય કરતાં આકાશ પ્રદેશો અનંતગુણા છે, તેથી કરીને પ્રદેશો અનંતગુણા છે. ૫. પ્રદેશો કરતાં અનંતગુણા પર્યાયો છે. કારણ કે એક એક આકાશ પ્રદેશમાં અનંતા અગુરૂલઘુ પર્યાયો રહેલા છે, માટે. ૬ ૪૪

હવે અપ્રદેશ અને સપ્રદેશ પુદ્ગલનું સ્વરૂપ કહે છેઃ—

दव्वे खित्ते काले भावे अपएस पुग्गला चउहा।
सपएसा वि य चउहा अप्पबहुत्तं च एएसिं ॥ ४५ ॥

અર્થ—અપ્રદેશ પુદ્ગલો (પરમાણુઓ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે છે, સપ્રદેશ પુદ્ગલો પણ એજ પ્રમાણે ચાર પ્રકારના છે. તેઓનું-અપ્રદેશ અને સપ્રદેશ પુદ્ગલોનું અલ્પ બહુત્વ જાણવું ૪૫.

હવે અપ્રદેશનું સ્વરૂપ કહે છેઃ—

दव्वेणं परमाणू खित्तेणेगप्पएसमोगाढा।
कालेणेगसमइआ भावेणेगगुणवन्नाई ॥ ४६ ॥

અર્થ—પરસ્પર નહીં મળેલા પરમાણુઓ દ્રવ્યથી અપ્રદેશ પુદ્ગલો થાય છે, એક આકાશ પ્રદેશને વ્યાપીને રહેલા પરમાણુઓ ક્ષેત્રથી અપ્રદેશ પુદ્ગલો કહેવાય છે, એક સમયની સ્થિતિવાળા પરમાણુઓ કાળથી અપ્રદેશ પુદ્ગલો કહેવાય છે, તથા એક ગુણ વર્ણાદિકે રહેલા પરમાણુઓ ભાવથી અપ્રદેશ પુદ્ગલો કહેવાય છે. ભાવાર્થ એ છે કે-પ્રાયે કરીને જે પરમાણુઓ પરસ્પર મળેલા ન હોય, તે દ્રવ્યથી અપ્રદેશ પુદ્ગલો કહેવાય છે જે પરમાણુઓ એક એક આકાશ પ્રદેશમા અવગાહીને રહ્યા છતાં પોતપોતાના ક્ષેત્રને છોડે નહીં, તે ક્ષેત્રથી અપ્રદેશી પુદ્ગલો થાય છે. જ્યારે

જ્યારે પોતપોતાના ક્ષેત્રને છોડીને પરમાણુઓ બીજા બીજા ક્ષેત્રમાં સંચાર કરે–ગતિ કરે (જાય) અને દરેક સ્થાને એક એક સમય સુધી સ્થિર રહે, ત્યારે ત્યારે તેઓ કાળથી અપ્રદેશી પુદ્ગલો કહેવાય છે. તથા જે પરમાણુઓ વર્ણથી એક ગુણ અથવા એક ગુણ પીતાદિક વર્ણવાળા હોય, ગંધથી એક ગુણ સુરભિ આદિ ગંધવાળા હોય, રસથી એકગુણ તિક્ત (કડવું) આદિ રસવાળા હોય, તથા સ્પર્શથી એક ગુણ રૂક્ષ (લૂખું) ને એક ગુણ શીત સ્પર્શવાળા અથવા એક ગુણ રૂક્ષ ને એક ગુણ ઉષ્ણ સ્પર્શવાળા અથવા એક ગુણ સ્નિગ્ધ એક ગુણ શીત સ્પર્શવાળા અથવા એક ગુણ સ્નિગ્ધ એક ગુણ ઉષ્ણ સ્પર્શવાળા હોય, તે પરમાણુઓ ભાવથી અપ્રદેશ પુદ્ગલો કહેવાય છે. ૪૬.

अपएसगा ओ एए विवरीअ सपएसगा सया भणिया।
भावाइवि अपएसा थोवा तिन्नि य असंखगुणा ॥४७॥

અર્થ—એ પૂર્વ ગાથામા કહેલા અપ્રદેશ પુ ્ગલોથી જે વિપરીત હોય, તેને નિરતર સપ્રદેશ પુદ્ગલો કહ્યા છે. એટલે કે જે પરમાણુઓ બે કે તેથી અધિક પરસ્પર મળેલા હોય, તે દ્રવ્યથી સપ્રદેશ પુદ્ગલો જાણવા જે બે આદિ પરમાણુઓના સ્કંધ બે આદિ આકાશ પ્રદેશને અવગાહન કરીને રહેલ હોય તે ક્ષેત્રથી સપ્રદેશ પુદ્ગલો જાણવા. જે પરમાણુ સ્કધો બે સમયથી આરંભીને અસંખ્યાતા સમય સુધીની (ભિન્ન ભિન્ન આકાશ પ્રદેશમાં) સ્થિતિવાળા હોય, તે સર્વે કાળથી સપ્રદેશ પુદ્ગલો જાણવા. તથા જે પરમાણુ સ્કંધ બે ગુણ વર્ણાદિથી આરંભીને અનતગુણ વર્ણાદિવાળા હોય, તે સર્વે ભાવથી સપ્રદેશ પુદ્ગલો જાણવા.

હવે અપ્રદેશ અને સપ્રદેશ પુ ્ગલોનું અલ્પ બહુત્વ કહે છે.—ભાવથી અપ્રદેશી પુદ્ગલો સૌથી થોડા છે, તેથી કાળ અપ્રદેશી

પુદ્ગલો અસંખ્ય ગુણા છે, તેથી દ્રવ્ય અપ્રદેશી પુદ્ગલો અસંખ્ય ગુણા છે, અને તેથી ક્ષેત્ર અપ્રદેશી પુદ્ગલો અસંખ્ય ગુણા છે. ૪૭.

खित्त अपएसगाओ खित्ते सपएस असंख गुणिआओ ।
दव भाव सपएसा विसेसाहिआ सुए भणिआ ॥ ४८ ॥

અર્થ—ક્ષેત્ર અપ્રદેશ પુદ્ગલોથી ક્ષેત્ર સપ્રદેશ પુદગલો અસંખ્યગુણા છે, તેથી દ્રવ્ય સપ્રદેશ પુદ્ગલો વિશેષાધિક છે, તેથી કાલ સપ્રદેશ પુદ્ગલો વિશેષાધિક છે અને તેથી ભાવ સપ્રદેશ પુદ્ગલો વિશેષાધિક છે. ૪૮.

હવે કડજુમ્માદિકનું સ્વરૂપ (આઠમો વિચાર) કહે છે.—

कड तेउए य दावर कलिउ य तह संहवंति जुम्माओ ।
अवहीरमाण चउ चउ चउ ति दुगेगाओ चिट्ठंति ॥४९॥

અર્થ—કડજુમ્મા, ત્રેતાજુમ્મા, દાવરજુમ્મા અને કલિયુગજુમ્મા એ ચાર જુમ્મા છે. તેમાં જે સંખ્યામાથી ચાર ચાર કાઢતા બાકી ચાર રહે, તે કડજુમ્મા, ત્રણ રહે તે ત્રેતાજુમ્મા, બે રહે તે દાવરજુમ્મા અને એક રહે તે કલિયુગજુમ્મા. ૪૯.

વિસ્તરાર્થ—જુમ્મા એટલે રાશિ (સમુદાય) કહેવાય છે. કડ વિગેરે શબ્દો સાથે જુમ્મા શબ્દ જોડવાથી કડ જુમ્મા, ત્રેતા જુમ્મા, દાવર જુમ્મા અને કલિયુગ જુમ્મા એ ચાર જુમ્મા થાય છે. કોઈ પણ રાશીમાંથી ચાર ચાર કાઢી લેતાં (ચારે ભાંગતાં) ચાર, ત્રણ, બે અથવા એક બાકી રહે છે. તે આ પ્રમાણે—એક જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા લોકાકાશ તે દરેકના પ્રદેશો અસંખ્યાતા છે અને પરસ્પર તુલ્ય છે તેની અસત્ કલ્પનાએ વીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર કાઢતાં બાકી ચારજ રહે છે તેને આગમ ભાષા વડે કડ જુમ્મા કહેવાય છે. ૧.

તથા અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીને વિષે જેટલા સમયો છે, તેટલા સૌધર્મ તથા ઇશાન કલ્પને વિષે દેવતાઓ છે. તેની અસત્ કલ્પાનાએ કરીને ત્રેવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં (ચારે ભાંગતાં) બાકી ત્રણજ રહે છે, તેથી તે ત્રેતા જુમ્મા કહેવાય છે ૨. એક એક આકાશ પ્રદેશને અવગાહીને અનંતા પરમાણુ સુધીના સ્કંધો રહેલા છે, તેમની અસત્ કલ્પનાએ કરીને બાવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં બાકી બેજ રહે છે. માટે તે દ્વાવર જુમ્મા કહેવાય છે. ૩. તથા પર્યાપ્ત બાદર વનસ્પતિ ૧, બાદર પર્યાપ્ત ૨, અપર્યાપ્ત બાદર વનસ્પતિ ૩, બાદર અપર્યાપ્ત ૪, બાદર ૫, સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ ૬, સૂક્ષ્મ અપર્યાપ્ત ૭, સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ ૮, સૂક્ષ્મ પર્યાપ્ત ૯, સૂક્ષ્મ ૧૦, ભવ્ય ૧૧, નિગોદના જીવો ૧૨, વનસ્પતિના જીવો ૧૩, એકેંદ્રિય ૧૪, તિર્યંચ ૧૫, મિથ્યાદૃષ્ટિ ૧૬, અવિરતિ ૧૭, સકષાયી ૧૮, છદ્મસ્થ ૧૯, સયોગી ૨૦, સંસારી જીવો ૨૧, તથા સર્વ જીવો ૨૨, એ બાવીશ જીવ રાશીઓ આઠ મધ્યમ અનંતે છે. તો પણ અસત્ કલ્પનાએ કરીને તેની પચીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં બાકી એક રહે છે, માટે તે કલિ-યુગ જુમ્મા કહેવાય છે. આ જુમ્માઓનું કાર્ય-પ્રયોજન (ઉપયોગ) સૂત્રથી જાણી લેવું. અહીં તો તેનું સ્વરૂપ માત્રજ દેખાડયું છે.

હવે પૃથ્વી આદિક પરિમાણુ (નવમો વિચાર) કહે છે,—

घजवस परिव विति च समुन
पणथ ख ज नभवर विनसुस पमुति अ ।
जगनभप ध अ इगजिय
छिआनि सिनिव जीस पुअभ अपर वणका ॥९०॥

અર્થ—પૃથ્વી ૧, જળ ૨, અગ્નિ ૩, વાયુ ૪, પ્રત્યેક વનસ્પતિ ૫, દ્વીંદ્રિય ૬, ત્રીંદ્રિય ૭, ચતુરિંદ્રિય ૮, સંમૂર્છિમ મનુષ્ય ૯, પંચેદ્રિય ભચર, જળચર અને ખેચર ૧૨, નારકી ૧૩, ભવનપતિ ૧૪, વ્યંતર ૧૫, સૂર્ય ૧૬, ચંદ્ર ૧૭, નક્ષત્ર ૧૮, વૈમાનિક દેવો ૧૯, સમુદ્ર ૨૦, પચેદ્રિય સંમૂર્છિમ તિર્યંચ ૨૧, એ એકવીશ પ્રકારના જીવો અસંખ્યાતા જાણવા. તથા જગતના (લોકના) આકાશ પ્રદેશ ૧, ધર્માસ્તિકાયના પ્રદેશ ૨, અધર્માસ્તિકાયના પ્રદેશ ૩, એક જીવના પ્રદેશ ૪, સ્થિતિના અધ્યવસાય સ્થાન ૫, તથા નિગોદ શરીર ૬, એ છ પણ અસંખ્યાતા જાણવા. તથા સિદ્ધ ૧, નિગોદના જીવ ૨, વનસ્પતિના જીવ ૩, સમય ૪, પુદ્ગલ ૫, અભવ્ય જીવો ૬, ભવ્ય જીવો ૭, અલોક ૮, પતિત (પડવાઈ) જીવો* ૯, અને વનસ્પતિકાયની સ્થિતિ ૧૦, એ દશ અનંતા જાણવા. ૫૦.

इय सुत्ताओ भणिया विआर पंचासिआ सपरुवए।
मुनिसिरिआनंदविमलसूरिवराणं विणेएण ॥ ५१ ॥

અર્થ—આ પ્રમાણે મુનિ શ્રી આનંદવિમલ નામના સૂરિવરના વાનર નામના શિષ્યે પોતાને માટે તથા અન્ય જીવોને માટે સૂત્રમાંથી ઉદ્ધરીને આ વિચાર પંચાશિકા કરી છે. (આ શ્લોકમાં ‘ મુનિ શ્રી આનંદવિમલ સૂરિવર ’ એ પદના અનેક અર્થ ટીકાકારે કર્યા છે, તે આ પ્રમાણે)—ધર્મધ્યાનાદિ રૂપ આનંદ વડે જેનો પ્રમાદરૂપી મળ નષ્ટ થયો છે, તે આનદવિમળ, મુનિ સંબંધી શ્રી કે૦ લક્ષ્મી વડે યુક્ત એવા આનંદવિમળ તે મુનિ શ્રી આનંદવિમળ અથવા મુનિ શબ્દ સાત સંખ્યા વાચી લેતાં સાત પ્રકારની

* સમકિત પામ્યા પછી સમકિતથી પડેલા.

શ્રી—લક્ષ્મી વડે શોભતા એવા આનંદવિમળ, તે પણ મુનિ શ્રી આનંદવિમળ અથવા તો જેનાથી (જેના વડે) મુનિઓની શોભા છે (મુનિઓ શોભે છે), એવા આનંદવિમળ. એ પ્રમાણે મુનિ શ્રી આનંદવિમળના અર્થ જાણવા. તથા સૂરિવરના અર્થ આ પ્રમાણે- સૂરિઓના મધ્યમાં એટલે આચાર્યોને વિષે જે વર એટલે શ્રેષ્ઠ હોય તે સૂરિવર કહેવાય છે. અથવા સૂરિ શ્રી હેમવિમળ, તેમનાથી વર કે૦ પ્રધાન આચાર્યપદ જેમનું છે, તે સૂરિવર મુનિ શ્રી આનંદવિમળ અને સૂરિવર એ બે પદને એકત્ર કરવાથી મુનિ શ્રી આનંદવિમળ સૂરિવર એ આખો શબ્દ થાય છે. તેના શિષ્યે આ પ્રકરણ રચ્યું છે. તેને વિષે મેં મૂઢ મતિને લીધે કાંઈ આગમ વિરૂદ્ધ લખ્યું હોય, તો તે આગમને જાણનાર પંડિતવરોએ મારા- પર કૃપા કરીને શોધવું. ૫૧.

॥ इति विचार पञ्चाशिका ॥



શ્રી પ્રકરણ પુષ્પમાલા.

(પ્રથમ પુષ્પ.)